પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક


ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૧-૧૨-૨૦૨૩, સોમવાર
વર્ષઃ ૧૨, અંકઃ ૨૩૭

94266 72303
@abtakmedia
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
www.abtakmedia.com
@abtak.media

Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT ☎ 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com


સુવિચાર

આજે લોકો ભેગુ કરવા જીવે છે ને પહેલા લોકો ભેગુ રહેવા જીવતા હતા...





RAJMOTI
સૌરાષ્ટ્રનું મોતી, રાજમોતી

મારા ભરોસાનું તેલ, રાજમોતી સીંગતેલ

ઉત્પાદક : શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝ, ભાવનગર રોડ, રાજકોટ.
શોપ નં 9 અને 10, ગ્રાઉન્ડ ફ્લોર, યશ કોમ્પ્લેક્ષ,
ઈસ્ટ ઝોન કોર્પોરેશન ઓફીસની સામે, ભાવનગર રોડ, રાજકોટ.

For Free Home Delivery Call : 0281 - 2703491 - 92 - 94 - 95 - 96 / 63525 26922 / 93280 41262 / 93165 26975

ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ,
રીફાઈન્ડ કપાસીયા તેલ,
રીફાઈન્ડ સીંગતેલ

Most reputed brand in Groundnut Oil

તમારો ડબ્બો લઈને આવો અને મેળવો રૂા.૧૧૦ નો ચોખ્ખો ફાયદો




શેર બજારે ઈતિહાસ રચ્યોઃ સેન્સેક્સ પહેલીવાર ૭૦ હજારને પાર



લોકસભા ચૂંટણી પૂર્વે માયાવતીનો મોટો નિર્ણયઃ ભત્રીજા આકાશને બસપાની કમાન સોંપી

કોકાકોલા-ઈન્ડિયાની આલ્કોહોલ ક્ષેત્રમાં એન્ટ્રીઃ નવી પ્રોડક્ટનું પાયલોટ પરીક્ષણ શરૂ

પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા ગિફ્ટ સિટીમાં પ્રવેશસે



અંડર ૧૯ એશિયા કપમાં ભારતનો પાકિસ્તાન સામે આઠ વિકેટે પરાજય

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રનો ૭૫% વિસ્તાર હવે સિંહોનું સત્તાવાર રીતે ઘર બનશે !!

## રાજકોટ શહેર, જસદણ, જેતપુર, બોટાદ અને ભાવનગર આસપાસના વિસ્તારોનો બૃહદ ગીર અભયારણ્યમાં થશે સમાવેશ

### સાવજોના વસવાટના વિસ્તરણની માંગણી હવે ૧૬ વર્ષ બાદ પૂર્ણ થશે

૧૬ વર્ષ બાદ આખરે લાંબા સમયથી પડતર માંગણીને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. વરિષ્ઠ વન અધિકારીએ જણાવ્યું હતું કે, ગ્રેટર ગીરના વિસ્તરણની દરખાસ્તમાં સિંહોની અવરજવર વાળા તમામ સ્થળોનો સમાવેશ થાય છે.

**અબતક, અમદાવાદ**

સૌરાષ્ટ્રનો ત્રણ ચતુર્થાંશ વિસ્તાર એટલે કે ૭૫ ટકા વિસ્તાર હવે સત્તાવાર રીતે એશિયાટીક સિંહોનું ઘર બનવા જઈ રહ્યો છે.છેલ્લી ગણતરી મુજબ નોંધાયેલ ૬૭૪ ડાલામથ્થાઓ ટૂંક સમયમાં જ પોતાને માટે એક મોટો સંરક્ષિત વિસ્તાર ધરાવશે, જેમાં વન વિભાગે બૃહદ ગીર અભયારણ્યને અડીને આવેલા વિસ્તારોનો સમાવેશ કરીને, તેનું કદ હાલના ૧૦,૦૦૦ ચોરસ કિલોમીટરથી ત્રણ ગણો વધીને ૩૦,૦૦૦ ચોરસ કિમીના વિશાળ વિસ્તરણની દરખાસ્ત કરી છે.

આનો અર્થ એ થશે કે સિંહો માટે સલામત ઝોન હવે અમરેલી, મહુવા અને પાલિતાણાથી આગળ વધારવામાં આવશે અને નવા સ્થળોએ ફોરેસ્ટ પેટ્રોલિંગ ટીમો તૈનાત કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારને મંજૂરી માટે મોકલવામાં આવેલી દરખાસ્તમાં રાજકોટ શહેર, જસદણ, જેતપુર, બોટાદ અને ભાવનગરની આસપાસના વિસ્તારોનો સમાવેશ થાય છે.

મે ૨૦૦૭માં ગુજરાત સરકારે ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સંરક્ષિત સીમાઓની બહારના વિસ્તારોને તેમની વસ્તીને ધ્યાનમાં લઈને સમાવવા માટે બૃહદ ગીરની વિભાવના જાહેર કરી. તે અમરેલીથી દરિયાકાંઠાના વિસ્તારો, શેત્રુંજી નદી વિસ્તાર, મહુવા અને પાલિતાણા સુધી વિસ્તરેલું હતું.

તાજેતરમાં, સિંહોની વસ્તી વધી રહી છે, આપણે તેમના માટે સંરક્ષિત વિસ્તારને વિસ્તારવાની અને તેમને નવા સ્થળોએ તૈનાત કરવા માટે જવાબદાર વન અધિકારીઓની કેડર બનાવવાની જરૂર છે. અત્યાર સુધી આ વિસ્તારોની દેખરેખ માત્ર વન્યજીવ વિભાગ દ્વારા જ કરવામાં આવતી હતી, પરંતુ નોટિફિકેશન જાહેર થયા બાદ સામાજિક વનીકરણ કર્મચારીઓને જવાબદાર બનાવવામાં આવશે. તેમને પેટ્રોલિંગ માટે તમામ જરૂરી સુવિધાઓ પણ મળશે,એક વરિષ્ઠ વન અધિકારીએ જણાવ્યું હતું.

અન્ય એક

(અનુ. આઠમા પાને)



### નવા વિસ્તારોમાં સંરક્ષણ અને જાગૃતિ અભિયાનો ચલાવાશે

ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને મુખ્ય વન સંરક્ષક (વન્યજીવન) નિત્યાનંદ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ગ્રેટર ગીરમાં નવા વિસ્તારો ઉમેરવાની દરખાસ્ત ઉચ્ચ સત્તાવાળાઓને મોકલવામાં આવી છે અને ટૂંક સમયમાં સૂચના અપેક્ષિત છે. ત્યારબાદ નવા વિસ્તારોમાં સ્થાનિક લોકોમાં સંરક્ષણ અને જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.

### વન કર્મીઓને દર મહિને ૧૬૦૦ કિમીનું પેટ્રોલિંગ કરવું પડશે

ફોરેસ્ટરે દર મહિને ઓછામાં ઓછી ૧,૬૦૦ કિમીની મુસાફરી કરવી પડશે જ્યારે બીટ ગાર્ડે ૧,૨૦૦ કિમીની મુસાફરી કરવી પડશે. આ વ્યવસ્થા સુનિશ્ચિત કરશે કે તેઓ બે દિવસમાં ઓછામાં ઓછા એક વખત સમગ્ર સંરક્ષિત વિસ્તારમાં પેટ્રોલિંગ કરે.

### નવા વિસ્તારોમાં સિંહોની સુરક્ષા જાળવવામાં વન વિભાગ માટે અનેક પડકારો આવશે

બૃહદ ગીર અભયારણ્યનો વિસ્તાર વધતા વન વિભાગ માટે અનેક મોટા પડકારો પણ આવવાના છે. જેમાં સિંહોના આકસ્મિક મૃત્યુને રોકવા માટે નવા વિસ્તારોમાં ખુલ્લા કુવાઓની આસપાસ પેરાપેટ દિવાલો અથવા બેરિકેડ પણ સ્થાપિત કરવામાં આવશે. નવા વિસ્તારોમાં સિંહો ઉપર કોઈ જોખમ ન આવે તેની પણ તકેદારી રાખવી પડશે.

## બૃહદ ગીર અભયારણ્યનું કદ ૧૦,૦૦૦ ચોરસ કિમીથી વધારીને ૩૦,૦૦૦ ચોરસ કિમી સુધી કરવા સરકારમાં દરખાસ્ત

# જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ નાબુદીને પડકારતી અરજી મામલે આજે સુપ્રીમનો ફેંસલો

## કલમ ૩૭૦ મામલે કેન્દ્ર દ્વારા લેવાયેલો નિર્ણય યથાવત રખાશે? સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આખા દેશની મીટ મંડાઈ

### અરજદાર પક્ષે શું હતી દલીલો?

વરિષ્ઠ ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલ, ગોપાલ સુબ્રમણિયમ, રાજીવ ધવન, ઝફર મોહમ્મદ શાહ, દુષ્યંત દવે અને અન્ય દ્વારા રજૂ કરાયેલ અરજદારોએ દલીલ કરી હતી કે, જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે, પરંતુ કલમ ૩૭૦ થકી ભારત અને જમ્મુ-કાશ્મીરના (અનુ. આઠમા પાને)

### સરકાર પક્ષે શું હતી દલીલો?

સરકાર વતી એટર્ની જનરલ આર વેંકટરામણી, સોલિસિટર જનરલ તુષાર મહેતા, વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે, રાકેશ દ્વિવેદી, વી ગીરી, મહેશ જેઠમલાણી અને ગુરુ કૃષ્ણ કુમાર દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાની જરૂર હતી. (અનુ. આઠમા પાને)

**અબતક, નવી દિલ્લી**

ઓગસ્ટ ૨૦૧૯માં કેન્દ્રએ કલમ ૩૭૦ને લઈને જે મોટો નિર્ણય લીધો હતો, તેના પર રોકની સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ હતી.જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવવાના નિર્ણય પર સુપ્રીમ કોર્ટ આજે ચુકાદો સંભળાવશે. કલમ ૩૭૦ હટાવવાના નિર્ણયના કેસમાં ૫ જજની બેંચમાં (અનુ. આઠમા પાને)

# સ્માર્ટ મીટરમાં દિવસે સસ્તી વીજળી મળશે, રાત્રે ચાર્જ વધુ હશે

## પીજીવીસીએલ દ્વારા ડિસેમ્બરના છેલ્લા સપ્તાહથી મીટર લગાવવાનું કામ શરૂ કરાશે, બે વર્ષમાં ૨૩ લાખથી વધુ મીટર લગાવવાનું લક્ષ્યાંક

**અબતક, રાજકોટ**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ રાજ્યભરમાં ગ્રાહકોને ટૂંક સમયમાં જ સ્માર્ટ મીટરનો લાભ આપવા માટે કમર કસી રહ્યું છે. જેમાં ગ્રાહકોને દિવસ દરમિયાન સસ્તી વીજળીનો પણ લાભ અપાશે. જો કે રાત્રીના સમતે વીજળીના ચાર્જ દિવસના પ્રમાણમાં સસ્તા રાખવામાં આવશે.



જીયુવીએનએલના એમડી જય પ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય માર્ગદર્શિકા મુજબ, (અનુ. આઠમા પાને)

**જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ક્યાં કેટલા મીટર લાગશે?**

| | | | |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ૧.૫૬લાખ | ભાવનગર | ૧.૮૨ લાખ |
| રાજકોટ ગ્રામ્ય | ૨.૫૯ લાખ | જામનગર | ૫.૩૨ લાખ |
| મોરબી | ૯૨ હજાર | અમરેલી | ૨.૫ લાખ |
| જૂનાગઢ | ૧.૭૨ લાખ | અંજાર | ૧.૦૯ લાખ |
| પોરબંદર | ૨.૦૨ લાખ | ભૂજ | ૧.૯૬ લાખ |




જાણો વિશ્વના ટોપ ૧૦ જોખમી એરપોર્ટ વિશે

# નેપાળનું વિમાન મથક લુકલા વિશ્વનું સૌથી ખતરનાક એરપોર્ટ

## વિશ્વભરનાં ઘણા એરપોર્ટ તેના ટેકઓફ અને લેન્ડિંગના ટુંકા એરીયા સાથે આસપાસનાં ભૂપ્રદેશ, પહાડો, જળાશયો સહિતના વિવિધ કારણે જોખમી બને છેઃ આપણાં દેશમાં દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, હૈદરાબાદ જેવા એરપોર્ટ ખુબજ વ્યસ્ત એરપોર્ટ ગણશય છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

પ્લેનમાં હવાઈ સફ્ણકરવાનાં રામાંચ અનેરો હોય છે, ઘણાને પ્લેન ટેકઓફ કે લેન્ડિંગ થાય ત્યારે ડર લાગતો હોય છે.એરપોર્ટ સંચાલનની વિવિધ વાતો,તેની વ્યવસ્થા, સુરક્ષા બાબતે ઘણી માહિતી આપણને ખબર હોતી નથી આપણે બે કલાક અગાઉ ચેકિંગ ટાઈમે પહોચીને બધી કાર્યવાહીમાંથી પસાર થઈને ફ્લાઈટમાં સફ્ણ કરતાં હોય છીએ.એરપોર્ટ ઉપર આવતા પ્લેના ઉતરાણ-ચઢાણ બાબતેએક શ્રેષ્ઠ વ્યવસ્થા કાર્યરત હોય છે. ખાલી પ્લેનનાં સ્ટે માટે પણ અલાયદી વ્યવસ્થા રાખી હોય છે. એરપોર્ટ આસપાસનું વાતાવરણ, ભૂપ્રદેશ, તેનોરનવે વિગેરેનું આયોજન શ્રેષ્ઠ હોવાથી અકસ્માત થવાનો ભય નહિવત હોય છે. વિશ્વની સૌથી મોટી અર્થ વ્યવસ્થા વાળા આપણાં દેશ ભારતમાં ઘણા એરપોર્ટ ખુબજ વ્યવસ્ત હોય છે. એરપોર્ટમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એમ બે વિભાગ હોય છે.

વિશ્વના ઘણા એરપોર્ટ તેના આસપાસનાં ભૂપ્રદેશ અને પહાડો, ખીણો, જળાશયોને કારણે ટેક ઓફ અને લેન્ડિંગ જેવી અગત્યની બાબતોમાં જોખમી ગણાય છે. બસ રેલવે ન જઈ શકે ત્યાં હવાઈ મુસાફરી સુગમતા વાળી હોવાથી લોકોની તે પ્રથમ પસંદગી છે. આજે આ લેખમાં વિશ્વના ખતરનાક એરપોર્ટ વિશે વાત કરવી છે.

સફેદ બરફની ચાદર જેવા એરપોર્ટ ઉપર પ્લેન લેન્ડિંગ કે ટેકઓફ થાય ત્યારે નજારો આકર્ષક લાગતોહોય છે,તો પર્વતોમાંથી કોતરીને બનાવેલો રનવે સાંકડી ખીણા વચ્ચેથી પ્લેન ઉતરે કે ચડે ત્યારે મુસાફરના શ્વાસ થંભી જતાં હોય છે. કેટલાક એરપોર્ટ વારંવાર ખરાબ હવામાન, ઉંચી ઉંચાઈને કારણે અસુરક્ષીત હોય છે.




### આ છે, વિશ્વના સૌથી ખતરનાક એરપોર્ટ

**લુકલા એરપોર્ટ (તેનઝિંગ હિલેરી એરપોર્ટ) નેપાળ**

માઉન્ટ એવરેસ્ટ હાઈટના પ્રારંભિક બિંદુ તરીકે સેવા આપતાં આ એરપોર્ટ તેના લેન્ડિંગ અને ટેક ઓફ સાથે તે છેલ્લા ૨૦ વ ર્ષથી જોખમી એરપોર્ટના ક્રમાંકમાં પ્રથમ સ્થાને આવે છે.અહી વારંવાર ખરાબ હવામાન અને વાદળ છાયુ હવામાન હોવાથી પાયલોટની કસોટી થાય છે. એવરેસ્ટ પર ચડતા પહેલા આ એરપોર્ટ અંતિમ પડાવ છે. ઉતરાણ કરે, કે ચઢાણ વખતે પ્લેનને સતત ચાલુ જ રાખવું પડે છે. આ એરપોર્ટ દરેક જોખમનો સામનો કરે છે. પવર્ત માળા ઉપર હોવાથી પ્લેન ને ધીમુ પાડવામાં પણ મુશ્કેલી થાય છે. પહેલા લુકલા અને હવે તેનું તેનુ મિંગ હિલેરી એરપોર્ટ રાખેલ છે.

**બારા ઈન્ટરનેશનલ એરપોર્ટ સ્કોટલેન્ડ**

સ્કોટલેન્ડમાં બારા દ્વિપના ઉતરીય છે ડે આવેલું આ એરપોર્ટ તેનુ ટુંકા રનવેથી જાણીતું છે. તે વિશ્વનું એકમાત્ર એરપોર્ટ છે, જે બીચનો રનવે તરીકે ઉપયોગ કરે છૈ,અહી ત્રણ રનવે છે, પણ બધાજ ભરતી વખતેડુબી જાય છે. ભારે પવનો અને ભરતીનાં સમયેકે રાત્રીનાં સમયે આ એરપોર્ટનો ઉપયોગ કરી શકાતો નથી.

**ટોનકોન્ટિન ઈન્ટરનેશનલ એરપોર્ટ–હોન્ડુરાસ**

વિશ્વનું બીજા નંબરનું વ્યસ્ત એરપોર્ટ તેના પર્વતીય ભૂપ્રદેશથી ઘેરાયેલું છે. પાયલોટસ માટે નેવીગેટ કરવા માટે વિશ્વનુ સૌથી મુશ્કેલ એરપોર્ટમાનું એક છે. રનવે છેતરામણો અને મુશ્કેલ નેવીગેશનથી ભરેલો છે,ટુંકો રને પ્રતિકુળ હવામાનમાં જીવલેણ બની શકે છે.

**પ્રિન્સેસ જુલિયાના ઈન્ટરનેશનલ એરપોર્ટ–સેન્ટમાર્ટીન, કેરેબિયન ટાપુઓ**

આ એરપોર્ટ માર્ટિન ટાપુ પરનું પ્રાથમિક પરિવહન કેન્દ્ર છે, નાના ટાપુઓ માટે મુખ્ય આઉટલેટ તરીકે પણ સેવા આપે છે. તેના ટુકા રનવે કારણે ચિંતાનું કારણ હોવા છતાં, વ્યસ્ત એરપોર્ટ છે. નજીકનાં ભીડવાલા બીચ ઉપરથી પ્લેન પસાર થાય ત્યારે લોકોનું આકર્ષણ બને છે. જેટએન્જિનનો તીવ્ર અવાજ બીચ પર રેલાય જાય છે.

**પારો એરપોર્ટ -ભૂતાન**

હિમાલયમા ભૂતાનમાં પારો નદીના કિનારે ઉંડી ખીણમાં આવેલું છે તે ઘણા પર્વતીય શિખરોથી ઘેરાયેલું છે. આ વિસ્તારઅત્યંત ક્રોસ વિન્ડ હોવાથી વિમાનને માર્ગદર્શન આપવા કોઈ રડાર નથી ઉંચી ઉંચાઈ અને કઠોર ભૂ પ્રદેશ હોવાથી મુશ્કેલ અને ખતરનાક છે. આ એરપોર્ટ પર ઉતરાણ કરવા માત્ર આઠ પાયલોટ પ્રમાણીત છે.

**કૌર્ચેવેલ એરપોર્ટ–ફ્રાન્સ**

આ એરપોર્ટનો રનવે માત્ર ૧૬૬૨ ફૂટનો અત્યંત ટુકો છે. તે મોટા પહાડો વચ્ચે ઘેરાયેલો છે. અહી માત્ર નાના વિમાનો ઉતરી શકે તેવી વ્યવસ્થા છે. ત્યાં કોઈ લેન્ડિંગ પ્રક્રિયાઓકે સાધનો નથી, રનવે ઉપરની તરફ ઢોળાય છે, જેના પર ઉતરવું જોખમકારણક છે પ્રતિકુળ હવામાનમાં તે પાયલોટને દેખાતુ પણ ન હોવાથી સમસ્યા વધી જાય છે.

### કોઝિકોડ એરપોર્ટ,કેરળ, સિમલા એરપોર્ટ, જમ્મુ એરપોર્ટ, કુલુ–મનાલી એરપોર્ટ અને લક્ષદ્વીપ એરપોર્ટ પ્લેન ટેકઓફ અને લેન્ડિંગ માટે મુશ્કેલી ભર્યા છેઃ સાઉદી અરેબીયાના દમ્મામાં આવેલ એરપોર્ટ ૩૦૦ ચોરસમાઈલનું વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ

**કંસાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ–જાપાન**

આ એરપોર્ટ જાપાનના ગ્રેટરઓસાકા નજીકનું મુખ્ય એરપોર્ટ છે, તે ઓસાકા ખાડીમાં એક કૃત્રિમ ટાપુપર આવેલું છે. એટલે કે તેની રનવે પટ્ટી પણ ઘેરાયેલી છે. આ એરપોર્ટ કુદરતી આફતો,ચક્રવાત, ધરતીકંપ વખતે સંવેદનશીલ બનાવે છે. કયારેક તો દરિયાની સપાટી વધવાને કારણે એરપોર્ટ સંપૂર્ણ ડુબી જવાનો ભય લાગે છે.

**જી બ્રાલ્ટર ઈન્ટરનેશનલ એરપોર્ટ–બ્રિટીશ ઓવરસીઝ ટેરિટંરી**

બ્રિટીશ વિદેશી પ્રદેશમાં સ્થિત એરપોર્ટનો રનવે એક જુદો જ છે, કારણ કે તે વિસ્તારના મુખ્ય રસ્તાઓમાંથી તે રનવેને છેદે છે,એટલે કે જયારે પ્લેન ઉડે ત્યારે લોકોએ શેરીપાર કરવા રાહ જોવી પડે છે. વાહન હિલચાલને નિયંત્રિત કરવા ટ્રાફીક સિગ્નલ પણ છે. રન વે આવી સિસ્ટમમાં વિશ્વમાં એકમાત્ર આ એરપોર્ટ ઉપર છે, ગાડી માટે જેમ ફાટક હોય તેમ રનવેમાં પણ ફાટક પ્રથાને કારણે તેવિશ્વમાં જોખમી એરપોર્ટના ૮માં ક્રમે આવે છે.

**સ્વાલબાર્ડ એરપોર્ટ–નોર્વે**

આ નોર્વેજીયન એરપોર્ટ વિશ્વના સૌથી ઉંચા સ્થળે આવેલું એરપોર્ટ છે, અને ખાસ વાત એ છે કે,તેનો રનવે બરફ પર બનેલો છે, જેને કારણે તે વિશ્વનું સૌથી ખતરનાક એરપોર્ટ ગણાય છે, ઉંચા પહાડો પર આવેલ એરપોર્ટ નિયમિત પણે ખરાબ હવામાનનો સામનો કરતું જોવા મળે છે, આ એરપોર્ટ નોર્વેના ઈતિહાસમાં સૌથી ખરાબ પ્લેન ક્રેસ કે અકસ્માતનું સ્થળ પર ગણાતું હતુ.

**જુઆન્ચો ઈ–વરૌસ્કોન એરપોર્ટ–સાબા, ડચ કેરેબિયન આઈલેન્ડ**

દુનિયાના એરપોર્ટમાંથી સૌથી નાનો ૧૩૧૨ ફૂટનો રનવે ધરાવતું એરપોર્ટ ટાપુ પર આવેલું છે. રનવેનાં બંને છેડે ખડકો પર પડતા હોવાથી જે સમુદ્રને માર્ગ આપે છે.અહી મોટા એરક્રાફટને લેન્ડિંગની મંજુરી નથી ઘણીવાર નાના વિમાનો પણ લેન્ડિંગ વખતે મુશ્કેલીઉભી થતા પ્લેન દરિયામાં સમાઈ જાય છે.

### ઉંચા પર્વતો ઉપર આવેલા ટુંકા રનવેથી લઈને ઉંડા સમુદ્રના પાણીથી ઘેરાયેલા એરપોર્ટ પર ઉતરવા અને ઉડવાની તકલીફને કારણે ડરામણા છેઃ પાયલોટને પર્વતમાં કોતરવામાં આવેલા રન વે કે સાંકડી ખીણમાંથી દેખાતા રનવે પર ઉતરાણ કરવું ઘણું કઠીન છે

## ઈડીયટ વ્યુ

- સંજય કોરીયા




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૧-૧૨-૨૦૨૩ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ સાંસદનું શિયાળુ સત્ર
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૫:૦૦ સાંસદનું શિયાળુ સત્ર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ )
૦૭:૦૦ થી ૦૭:૩૦ મનુ મોજીલો
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાય પે ચર્ચા (ડાયાબિટીસ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૨-૧૨-૨૦૨૩ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ હનુમાનકથા (પૂ.હરિપ્રકાશ સ્વામી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ

## ગોંડલઃ વેપારી આગેવાને માંગેલ માહિતી ૧૫ દિમાં પુરી કરવા પાલીકાને કમિશ્નરનો આદેશ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલઃ** ગોંડલ ગ્રેટર ચેમ્બર્સ ઉપ પ્રમુખ અને વેપારી આગેવાનએ શહેરમાં થયેલા ડીમોલેશન અંગે જાહેર માહિતી અધિકારનો ઉપયોગ કરી વિગતો માંગવામા આવી હતી જે સમયમર્યાદા માં પુરી ન પાડતાં પ્રાદેશિક કમિશ્નરને અપીલ કરવામાં આવતાં ૧૫ દિવસોમાં જરૂરી માહિતી પૂરી પાડવા હુકમ કરતાં ફરી પાલિકા કચેરીમાં ચર્ચામાં આવી છે. ગોંડલના વેપારી આગેવાન ગૌ સેવક અને ગ્રેટર ચેમ્બર્સ ઉપ પ્રમુખ જયકરભાઈ જીવરાજાણી દ્વારા પાલિકા કચેરી દ્વારા કરવામાં આવેલ ડીમોલેશન દરમિયાન ચીફ ઓફીસર તથા નગર પાલિકા સ્ટાફની મનમાની અને પ્રમાણીક પણે ફરજ ન બજાવતાં ગત.તા.૩૦/૫ ના રોજ જરૂરી માહિતી માંગવામા આવેલ હતી જે સમયમર્યાદામાં પૂરી પાડવામાં ન આવતાં સી.એમ.ઓ. તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ સહિતને રજૂઆત કરવામાં આવી હતી ત્યારે મામલતદાર દ્વારા મૌખિક સુચના પાલિકા કચેરીને આપી હતી.

## અબતક પંચાગ

### તા.૧૨-૧૨-૨૦૨૩ મંગળવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૫ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૩ |
| તિથી | કારતક વદ અમાસ,દશ અમાસ વિછુડો |
| નશ્રત્ર | અનુરાધા |
| યોગ | ધૃતિ **કરણઃ** અતુષ્પાદ |
| સુર્યોદય | ૭.૧૭ **સુર્યાસ્તઃ** ૬.૦૫ |
| ચંદ્ર રાશી | વૃશ્ચિક |
| રાશિ અક્ષર | ન,ય |
| દિશાશૂળ | ઉત્તર દિશાતરફ |
| રાહુકાળ | બપોર ૩ થી ૪.૩૦ |
| દિવસનાચોઘડીયા | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| રાત્રીનાચોઘડીયા | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૮ થી ૧.૦૧ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭

## રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૪૦૦ | ૪૦૦ | ૭૫૦ |
| બટેટા | ૨૩૩૦ | ૧૫૦ | ૪૬૦ |
| ડુંગળી સુકી | ૬૦૦૦ | ૩૧૦ | ૬૧૦ |
| ટમેટા | ૧૨૦૦ | ૩૦૦ | ૫૦૦ |
| સુરણ | ૯૭ | ૪૯૦ | ૭૯૦ |
| કોથમરી | ૨૯૫ | ૧૪૦ | ૨૮૦ |
| મુળા | ૬૦ | ૨૧૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૯૫ | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૧૧૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૩૮૦ | ૩૩૦ | ૪૮૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૯૦ | ૭૯૦ | ૧૧૫૦ |
| ચોળાસીંગ | ૯૦ | ૩૫૦ | ૭૩૦ |
| વાલોળ | ૮૦ | ૪૪૦ | ૭૪૦ |
| ટીંડોળા | ૧૦૦ | ૩૯૦ | ૭૩૦ |
| દુધી | ૪૦૦ | ૨૧૦ | ૫૩૦ |
| કારેલા | ૨૮૦ | ૨૩૦ | ૪૦૦ |
| સરગવો | ૬૫ | ૩૯૦ | ૬૭૦ |
| તુરીયા | ૩૦૦ | ૭૩૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૦ | ૪૯૦ | ૭૭૦ |
| કાકડી | ૧૦૫ | ૩૭૦ | ૭૧૦ |
| ગાજર | ૨૯૦ | ૩૦૦ | ૫૯૦ |
| વટાણા | ૧૪૦ | ૩૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૧૨૦ | ૪૭૦ | ૭૯૦ |
| ગલકા | ૧૦૦ | ૩૭૦ | ૬૯૦ |
| બીટ | ૧૪૦ | ૧૩૦ | ૨૩૦ |
| મેથી | ૧૫૦ | ૧૯૦ | ૪૦૦ |
| વાલ | ૮૦ | ૫૭૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૬૦ | ૨૮૦ | ૫૦૦ |
| આદુ | ૨૦૫ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ચણા લીલા | ૧૬૦ | ૨૭૦ | ૫૦૦ |
| મરચા લીલા | ૫૧૦ | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦ | ૭૦૦ | ૧૦૫૦ |
| લસણ લીલું | ૭૭ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| મકાઈ લીલી | ૩૦૦ | ૧૦૦ | ૩૦૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૬૮૦૦ | ૧૧૯૦ | ૧૫૨૨ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૨૪૬૦ | ૫૪૦ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૧૩૦ | ૮૬૦ | ૧૧૦૦ |
| જુવાર લાલ | ૨૪ | ૧૦૦૦ | ૧૧૬૮ |
| જુવાર પીળી | ૧૮ | ૫૦૦ | ૬૦૦ |
| બાજરી | ૧૨૦ | ૪૦૫ | ૪૮૧ |
| તુવેર | ૧૫૦ | ૧૫૫૦ | ૨૨૭૦ |
| ચણા પીળા | ૩૦૦ | ૧૦૦૦ | ૧૧૪૪ |
| ચણા સફેદ | ૫૦ | ૧૮૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૬૦૦ | ૧૬૫૦ | ૧૯૫૦ |
| મગ | ૪૩૦ | ૧૫૫૦ | ૨૦૪૦ |
| વાલ દેશી | ૨૫ | ૨૧૦૦ | ૩૮૫૦ |
| ચોળી | ૨૦ | ૩૦૫૮ | ૩૩૩૦ |
| મઠ | ૩૩૦ | ૧૧૨૦ | ૧૩૫૦ |
| વટાણા | ૯૦ | ૧૦૨૦ | ૧૩૦૦ |
| કળથી | ૧૫ | ૨૧૦૦ | ૨૧૫૦ |
| સીંગદાણા | ૫૫ | ૧૭૩૦ | ૧૭૮૦ |
| મગફળી જાડી | ૦ | ૧૧૫૦ | ૧૪૪૮ |
| મગફળી જીણી | ૦ | ૧૧૧૦ | ૧૩૨૮ |
| અળશી | ૨૨ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તલી | ૩૦૦ | ૨૭૫૦ | ૩૨૧૦ |
| સુરજમુખી | ૯ | ૫૮૫ | ૬૪૫ |
| એરંડા | ૧૦૦ | ૧૧૦૦ | ૧૧૬૦ |
| અજમો | ૨ | ૧૬૨૫ | ૨૩૦૦ |
| સુવા | ૧ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૭૨૦ | ૯૩૦ | ૯૬૧ |
| સીંગફાડા | ૧૨૨૦ | ૧૩૧૦ | ૧૭૧૮ |
| કાળા તલ | ૨૦૦ | ૩૦૧૧ | ૩૨૩૮ |
| લસણ | ૧૨૦૦ | ૨૧૫૦ | ૩૪૭૦ |
| ધાણા | ૧૨૫ | ૧૧૧૧ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૦ | ૧૮૦૦ | ૪૨૦૦ |
| ધાણી | ૭૫ | ૧૨૦૦ | ૧૬૪૪ |
| વરીયાળી | ૩ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૧૮૦ | ૬૫૦૦ | ૭૭૯૦ |
| રાય | ૧૦૦ | ૧૧૦૦ | ૧૪૩૦ |
| મેથી | ૧૩૦ | ૧૦૧૦ | ૧૪૩૦ |
| કલોંજી | ૨૦ | ૩૧૭૨ | ૩૧૭૨ |
| રાયડો | ૧૩૦ | ૯૫૦ | ૧૦૧૨ |
| રજકાનું બી | ૨૦ | ૩૨૯૦ | ૩૮૨૦ |
| ગુવારનું બી | ૧૦૦ | ૧૦૨૦ | ૧૦૪૫ |

## સૂડોકુ -૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૫ | ૪ | | | | |
| | | | ૨ | ૮ | | ૫ | | |
| | | | | | | | ૩ | ૮ |
| ૪ | | ૩ | ૬ | | | | | |
| ૨ | | | | | | | | ૭ |
| | ૧ | | ૯ | | | | | |
| | | ૪ | | | | ૩ | ૨ | |
| ૯ | | ૬ | | ૫ | ૨ | | | ૪ |
| ૩ | | | ૭ | ૯ | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ–૨૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૨ | ૧ | ૫ | ૭ | ૯ | ૬ | ૪ |
| ૪ | ૭ | ૬ | ૨ | ૩ | ૯ | ૫ | ૧ | ૮ |
| ૧ | ૫ | ૯ | ૮ | ૬ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૨ | ૪ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૧ |
| ૫ | ૬ | ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૨ | ૯ |
| ૭ | ૯ | ૧ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૨ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૪ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૨ | ૭ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ | ૫ |

## આજનું રાશિફળ

### તા.૧૧.૧૨.૨૦૨૩ સોમવાર, સંવંત ૨૦૮૦, કારતક વદ તેરસ, વિશાખા નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે.

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશ થી સારા સમાચાર મળે,આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,નવા મિત્રો બનાવી શકો,શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી,ખાવા-પીવા માં ખ્યાલ રાખવો પડે,જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે .

**કર્ક (ડ,હ):** પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો , આનંદદાયક દિવસ .

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ ,ઠ,ણ) :** મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે,પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તન થી કાર્ય સિદ્ધ થાય,એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો .

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે,દિવસ પ્રગતિકારક અને શુભ રહે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી–૭૯૯૦૫૦૦૨૮૨

**ધન (ધ,ભ,ફ,ઢ):** કામકાજ માં નુકસાની ના જાય એ જોવું,ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી. મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે,લેખન વાંચન મંથન થી આનંદ મળે.રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** વેપારીવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ):** ધ્યાન યોગ મૌન થી લાભ થાય,ધાર્મિક કાર્ય માં સહભાગી થઈ શકો.આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

## બાવન વર્ષથી પારદર્શક વહિવટ અને હકારાત્મક અભિગમ ધરાવતી

# વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેંકની ૧૩મી હવેલી શાખાનો શુભારંભ



### પૂ.ગોસ્વામી માધવરાયજી મહારાજના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય વેળાએ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

શ્રી લાડલેશ લાલજી તથા ગોવર્ધનનાથપ્રભુના ચરણોમાં, પુજયપાદ્ ગોસ્વામી માધવરાયજી મહારાજ દ્વારા કીર્તન મંડળીના સંગાથે ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્કની ૧૩મી હવેલી શાખાનો તાજેતરમાં શુભારંભ કરવામાં આવેલ. શોપ નં. જી/૧-૪, શ્રીજી હાઈટ્સ, ગોવર્ધનનાથજી હવેલી સામે, શ્રીપાલ ક્રોસીંગ, વેરાવળ ખાતે શરૂ થઈ રહેલ શાખાના શુભારંભ પ્રસંગે તાલાળા વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જસાભાઈ બારડ, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, સાગરપુત્ર ફાઉન્ડેશનના પટેલ દામજીભાઈ ફોફંડી, સંયુક્ત ખારવા માછીમાર બોટ એસોસીએશનના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ તથા કારોબારી સભ્ય પિયુષભાઈ ફોફંડી, ગોવિંદભાઈ કુહાડા, ગોવિંદભાઈ ભવાની, મનસુખભાઈ સુયાણી, ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા, ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેન્કના ચેરમેન પ્રકાશભાઈ તન્ના, જોઈન્ટ એમ.ડી. ચિરાગભાઈ કારીયા તથા ડીરેક્ટર રમેશભાઈ ગંગદેવ, ભારતીબેન ચંદ્રાણી, જયકરભાઈ ચોટાઈ, અશોકભાઈ ગદા, ગિરીશભાઈ ઠકરાર, ડો.વિજયભાઈ ચોટાઈ, ડો.રાજુભાઈ ક્રીષ્નાણી, એડવોકેટ કનુભાઈ જોષી, નાનુભાઈ ગોહેલ, રીટાબેન ટાંક, રમેશભાઈ ચોપડકર તેમજ વેરાવળ શહેર તથા પ્રભાસ પાટણ વિસ્તારના નામાંકિત અને પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિઓ, ડોક્ટરો, એડવોકેટસ, વ્યાપારીઓ, તમામ જ્ઞાતિઓના આગેવાનો, પ્રીન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડીયાના પત્રકારોઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

પર વર્ષથી બેન્કીંગ ક્ષેત્રે અવિરત સેવા આપતી અને બહોળો ગ્રાહક વર્ગ ધરાવતી ધી વેરાવળ મર્કન્ટાઈલ બ્રે-ઓપ. બેન્કની હવેલી શાખાના ઉદઘાટન પ્રસંગે બેન્કના ચેરમેન નવીનભાઈ શાહ, વાઈસ ચેરમેન ભાવનાબેન શાહ, ડીરેક્ટર ડો.રાજેશ દોમડીયા, દિનેશભાઈ મોદી, મિતેશ શાહ, ડો.નીમીષાબેન માખણસા, બિન્દુબેન ચંદ્રાણી, આનંદ પારેખ, ડો.રામભાઈ સોલંકી, સુરેશભાઈ કપાણી, જીતેન્દ્રભાઈ મહેતા, દેવભાઈ નાથાણી, કલ્પેશકુમાર ભાવસાર, નયનભાઈ ચોપડા, ડો.મુકેશ ઠુંમર, ડો.સુમતિલાલ હેમાણી, અજીતસીંહ જાદવ, સંજય થડેશ્વર, કું. મનાલી કામદાર તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્ય તેજસ પંડયા ભૂતપૂર્વ ડીરેક્ટર પ્રદિપભાઈ શાહ, જીતુભાઈ હેમાણી, કેતનભાઈ ચંદ્રાણી, અરજણભાઈ ચાવડા તથા સી.ઈ.ઓ. અતુલ શાહ ઉપસ્થિત રહેલ.

ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક પારદર્શક વહીવટ, હકારાત્મક અભિગમ, પ્રોફેશનલ મેનેજમેન્ટ અને કર્મચારીઓના ટીમવર્કના સુંદર સમન્વય થકી બેન્કના ગ્રાહકો અને સભાસદોનો અતૂટ વિશ્વાસ ધરાવે છે. વ્યાપાર-વ્યવસાયના વિકાસ માટે ધીરાણની વિવિધ યોજનાઓ સહિતની અનેક ગ્રાહકલક્ષી સેવાઓના કારણે બેન્ક ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહેલ છે. બેન્કની હવેલી શાખા પ્રારંભ થતાં આ વિસ્તારના લોકેને તેમના બેન્કીંગ વ્યવહારમાં ખૂબ જ સરળતા રહેશે.

# લખનૌના બારાબંકી યાર્ડ રિમોડલિંગના કારણે રાજકોટ ડિવિઝનની ટ્રેનોને અસર

**અબતક, રાજકોટ**

૨૦૨૩ ઉત્તર રેલવેના લખનૌ ડિવિઝનમાં સ્થિત બારાબંકી યાર્ડના રિમોડલિંગના કામને કારણે રેલ ટ્રાફિકને અસર થશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી અસરગ્રસ્ત ટ્રેનોમાં ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૭., ૨૪, ૩૧, ૭ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી ના રોજ રદ રહેશે.

ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૧૪, ૨૧, ૨૮, ૦૪.જાન્યુઆરી અને ૧૧જાન્યુઆરીના રોજ રદ રહેશે.

તથા ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૧૫, ૨૨, ૨૯, ૫.જાન્યુઆરી અને ૧૨જાન્યુઆરીના રોજ અને ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ ૧૮., ૨૫, ૧જાન્યુઆરી અને ૮જાન્યુઆરી સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે.

જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ, અકબરપુર અને વારાણસીનો સમાવેશ થાય છે.

ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ ૧૬, ૨૩, ૩૦, ૬ જાન્યુઆરી અને ૧૩જાન્યુઆરીના રોજ અને ટ્રેન નં. ૧૫૬૬૮ કામાખ્યા એક્સપ્રેસ ૨૦ , ૨૭ . ૨૩, ૩ જાન્યુઆરી અને ૧૦ જાન્યુઆરી સુધી આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન થઈને ચાલશે. જેસ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌ, અયોધ્યા કેન્ટ અને વારાણસીનો સમાવેશ થાય છે.

પોરબંદર-મુઝફ્ફરપુર મોતીહારી એક્સપ્રેસ ૧૪, ૧૫, ૨૧, ૨૨, ૨૮, ૨૯, ૪. જાન્યુઆરી, ૫. જાન્યુઆરી, ૧૧જાન્યુઆરી અને ૧૨ જાન્યુઆરી નારોજ અને ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ૧૭ , ૧૮ , ૨૪ , ૨૫.૧૨.૨૦૨૩, ૩૧ , ૧જાન્યુઆરી , ૭ જાન્યુઆરી, ૮ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી નારોજ,આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા બુઢવલ, સીતાપુર શહેર અને શાહજહાંપુર થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં લખનૌનો સમાવેશ થાય છે.

માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોઃ

૧૦ના રોજ ઓખાથી દોડતી ટ્રેન ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧ કલાક અને ૩૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

# ચોટીલાના ધરમપૂરના ભાજપના સ્નેહમિલનમાં કેબીનેટ મંત્રી કુંવરજીભાઈએ આપ્યું ‘માર્ગદર્શન’



**અબતક, રણજીતસિંહ ધાંધલ,ચોટીલા**

ચોટીલાના ધરમપુર ગામમાં ભાજપના આગેવાનો દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન તેમણે ચોબારી ગામે તળાવનું ખાતમુહૂર્ત કર્યું હતું. સર્વ જ્ઞાતિજનોના યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં સંતો, મહંતો તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, આસપાસના અનેક ગામોના સરપંચો, પૂર્વ મંત્રીઓ, જુદા જુદા સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલાઓ સહિત લોકો હાજર રહ્યા હતા. જો કે ચોટીલાના ધારાસભ્ય શામજી ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ સહિત સ્થાનિક ભાજપ સંગઠનના આગેવાનો હાજર ન રહેતાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. સ્થાનિક ભાજપનો જૂથવાદ કાર્યક્રમ મારફતે સામે આવ્યાની ચર્ચાઓ થઈ રહી છે. કાર્યક્રમના આયોજક અને કોળી સમાજના યુવા આગેવાને જણાવ્યું કે કાર્યક્રમને નિષ્ફળ બનાવવા માટે કેટલાક લોકો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા હતા, પરંતુ દરેક સમાજના લોકો કાર્યક્રમમાં હાજર રહેતાં તેમના મનસૂબા સફળ ન થયા. ત્યારે આ લોકો કોણ હતા તે પણ સવાલ થાય છે. કાર્યક્રમના આયોજકો દ્વારા ચોટીલા અને આસપાસના વિસ્તારમાં વિકાસના ઘણા બાકી કામો પૂરા કરવા માટે કેબિનેટ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. જે પૂરા કરવાની કુંવરજી બાવળિયાએ ખાતરી આપી છે. કાર્યક્રમ દરમિયાન મંત્રી કુંવરજી બાવળિયાએ સ્થાનિક પ્રતિનિધિઓને લોકોની રજૂઆતો સાંભળવા માટે સમય ફાળવવા ટકોર પણ કરી. તેમણે કહ્યું કે સ્થાનિક લોકોની રજૂઆતો સાંભળીને સરકારને ધ્યાને મૂકવાની જવાબદારી સ્થાનિક પ્રતિનિધિઓની છે. તો લોકસભાની ચૂંટણી સુરેન્દ્રનગરથી લડવાની વાત અંગે કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે તેઓ લોકસભાની ચૂંટણી નથી લડવાના. તેમજ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે આંબાભાઈ ઓળકીયા. રોહિત ડેરવાળીયા. ધીરૂભાઈ ઓળકીયા એ જહેમત ઉઠાવી હતી.

### સમગ્ર વિસ્તારના વિકાસને વેગવાન બનાવાશે

# ગુજરાત હાઈકોર્ટમાં મનિષાબેન શાહ અને મિતેશકુમાર અમીનની એડિશનલ એડવોકેટ જનરલ તરીકે નિમણૂક

**અબતક-રાજકોટ**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવ વ્રત દ્વારા ગુજરાત હાઈકોર્ટ એડિશનલ એક એડવોકેટ જનરલ તરીકે મનીષા લવ કુમાર શાહ અને મિતેશ અમીન ની નિમણૂક કરવામાં આવી છે આ અંગે ગુજરાત રાજ્યના કાયદા વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું મનીષા લવ કુમાર શાહ ગુજરાતના પ્રથમ મહિલા એડિશનલ એડવોકેટ જનરલ બન્યા છે.

જ્યારે મિતેશ અમીન અને મનીષા શાહ સરકારી એડવોકેટ તરીકે ગુજરાત હાઈકોર્ટમાં પબ્લિક પ્રોસિપ્યુટર અને સરકારી પ્રિડર તરીકે ફરજ બજાવતા હતા વર્તમાન સમયમાં દેશમાં આવેલી તમામ હાઈકોર્ટમાં ફક્ત ગુજરાત હાઈકોર્ટમાં જ મહિલા ચીફ જજ સેવા આપી રહ્યા છે અને એડવોકેટ જનરલ તરીકે કમલ ત્રિવેદી કાર્યરત છે



**મનીષા લવકુમાર શાહ :** એ મુંબઈની એલિફન્ટ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે મુંબઈ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં તેમનો બીજો નંબર આવ્યો હતો તેમણે અમદાવાદની પ્રખ્યાત એલએ શાહ લોકોને જમાથી ૧૯૦૩ માં એલએલબી ની ડીગ્રી મેળવી હત તેમણે કે એચ કાજી ફરમથી ૧૯૯૩ માં વકીલાતની શરૂઆત કરી હતી તે ગવર્મેન્ટ ફીડર એડિશનલ પબ્લિક પ્રોસિટર કેન્દ્ર સરકારના સિનિયર સ્ટેન્ડિંગ કાઉન્સિલ તરીકે સેવા આપી ચૂક્યા છે આ ઉપરાંત તેમણે ગુજરાત હાઈકોર્ટમાં પ્રથમ મહિલા સરકારી પ્રિડર તરીકે નું બહુમાન મેળવ્યું છે અને ગુજરાત હાઈકોર્ટના સિનિયર મહિલા વકીલ ની માન્યતા મેળવનાર બીજા મહિલા બન્યા છે

**મિતેશભાઈ અમીનઃ** મિતેશ અમીને ૧૯૮૪માં સિવિલ કોર્ટમાંથી વકીલાતની શરૂ કરી હતી. ૧૯૯૦માં તેમણે સેશન કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી જ્યારે ૨૦૦૧ માં હાઈકોર્ટમાં એન્ટ્રી થઈ હતી તેમને કુલ ૩૯ વર્ષનો વકીલાતનો અનુભવ છે અને ક્રિમિનલ કેસોમાં વિશેષતા ધરાવે છે તે માણેકલાલ નાણાવટી લોકોને અમદાવાદમાં પાર્ટ ટાઈમ પ્રોફેસર તરીકે પણ સેવા આપતા હતા

# ધ્રાંગધ્રા એસ.એસ.પી.જૈન કોલેજ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મ જયંતિ ઉજવાય



**અબતક,સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા એસ.એસ.પી.જૈન કોલેજ ખાતે આર્ય સમાજ મદિર,ધ્રાંગધ્રા ના આર્ય ઘનશ્યામભાઈ ચાવડા દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતી ૨૦૦ મી જન્મ જયંતિ નિમિતે કોલેજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને મહર્ષિજીના જીવન,કવન,ભારત સમાજોત્થાન અને યોગ,વેદ અને યજ્ઞનું મહત્વ અને ઉપયોગીતા વિષે મનનીય પ્રવચન આપવામાં આવ્યું.આ એક દિવસીય યોગ અને આરોગ્ય શિબિર માં મહેમાનોને આવકારતા કોલેજના આચાર્ય ડો.પ્રતીક દવે દ્વારા સ્વામીજીનું વિશ્વ મશાલચી તરીકે નું પ્રદાન,યોગનું મહત્વ અને આર્ય સમાજની વિવિધ પ્રવૃત્તિ ઓની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી. ચાવડાજી દ્વારા વિસ્તૃત રીતે સ્વામી દયાનંદ દ્વારા અંધ શ્રધ્ધા નિવારણ,મૂર્તિ પૂજા વિરોધ,વિધવા પુનઃલગ્ન,વેદ અને યજ્ઞનું મહત્વ અને વેદ તરફ પાછા ફરવું જેવી બાબતો ને ઉગ્રતા પૂર્વક વિશ્વ ફલક પર સ્વામી વિવેકાનંદ પહેલા મુકવાનું શ્રેય મહર્ષિ દયાનંદ સરસ્વતીને જાય છે.


## અબતકને જન્મદિવસે હાર્દિક શુભેચ્છા



**વિપુલભાઈ કાચેલા**

સરપંચશ્રી ગ્રામ પંચાયત ખાખરીયા

તા.બાબરા જી.અમરેલી


# વાંકાનેરઃ એલ.કે. સંઘવી વિદ્યાલયમાં સમરસતા દિનની ઉજવણી



**અબતક, લતીશે ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વાંકાનેર શાખા દ્વારા ભારતના બંધારણીય ઘડવૈયા ભારત રત્નથી સન્માનીત ડો. બાબા સાહેબ આંબેડકર ના મહા પરિ નિર્વાણ દિવસ નીમીતે વાંકાનેરની વિદ્યાભારતી સંચાલીત કે.કે. શાહ તેમજ એલ.કે. સંઘવી વિદ્યાલયના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ હર્ષભેર લાભ લીધેલ હતો. શાળાઓમાં ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી. આ તકે વાંકાનેર સીટી પોલીસ ઈન્સ્પે. પી.ડી. સોલંકી, ગાયત્રી શકિતપીઠના મહંત પુ. અશ્વીનબાપુ રાવલ, સામાજીક

# સુત્રાપાડામાં પોલિયો બુથનો શુભારંભ કરાવતા પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ



**અબતક,રામસિંહ મોરી. સુત્રાપાડા**

ભારત સરકાર દ્વારા પોલિયો નાબુદી ના ભાગરુપે સુત્રાપાડા મુકામે પોલિયો બુથ નો શુભારંભ પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ દ્વારા કરવામાં આવ્યું હતુ. ’ દો બુંદ જિંદગી કે’ ના સૂત્ર ને સાર્થક કરવા અને દેશભર માંથી પોલિયો ને સદંતર નાબૂદ કરવા સુત્રાપાડા મુકામે નગરપાલિકા હોલ માં બાળકોને બે ટીપા પોલિયોના પીવડાવી પૂર્વ મંત્રી જશાભાઈ બારડે પોલિયો બુથ નો શુભારંભ કરાવેલ હતો તેમજ ૦ થી ૫ વર્ષના તમામ બાળકો ને પોલિયો ના ટીપા તેમના વાલી પીવડાવે અને ભારત સરકારના આ સફળ આયોજનમાં સહકાર આપી પોતાના બાળકોને આ ગંભીર બીમારી થી બચાવે તેવી અપીલ જશાભાઈ બારડે વ્યક્ત કરેલ હતી.સુત્રાપાડા નગર પાલિકા વિસ્તાર માં ૧૩ બુથ બનાવવા માં આવીયા, જેમાં સુપરવાઈઝ અશોકભાઈ વાઘેલા, રામસિંહભાઈ ઝાલા, આશાવર્કર બહોનો દ્વારા ૨૧૦૦ બાળકો ને પોલિયો ના ટીપા આપી ૧૦૦ ટકા લક્ષયાંક પૂરો કરવા માં આવશે

# ધ્રોલ શહેર ભાજપ મહામંત્રી હિરેન કોટેચાનો આજે જન્મ દિવસ



ધ્રોલ શહેર ભાજપ ના સનીષ્ઠ સતત દોડતા શાંત સરળ સદાય હસમુખા કાર્યકર્તાઓ સાથે લાગણી સતત તાલમેલ જાળવતા ખંભે ખંભો મીલાવી ને ચાલતા સૌને સાથે લઈ ને ચાલતા બહોળુ મિત્રો વર્તુળ વર્ગ ધરાવતા સેવાભાવી નાનામા નાના માણસો ના કામ કરવા તત્પર હાકલ કરો ને હાજર એવા હિરેન કોટેચા ( જય જલારામ ) ને જન્મ દિવસ ની ખુબ ખુબ શુભકામનાઓ માટે મોઃ મો ૯૮૭૯૩ ૮૬૫૨૪, ૭૦૧૬૯ ૦૦૫૩૩


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**OHE [illegible]**

[illegible] 2023-2024/21 તા.04-12-2023. [illegible] 2023-24-21 (1) [illegible] 12m FOB [illegible] OHE [illegible] (2) [illegible] ₹ 24,58,140.04/- (3) [illegible] ₹ 49,200/- (4) [illegible] તા.02-01-2024 [illegible] 15:00 [illegible] (5) [illegible] 360 001. [illegible] www.ireps.gov.in

RJT-120

[illegible] facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

[illegible]

ટેન્ડર નોટીસ નં. RJTPARKK17 & RJTPAYUSE18

[illegible]

| અનુ. નં. | કોડ નં./શ્રેણી | વિગત | ઓક્શન તારીખ અને સમય | કોન્ટ્રાક્ટ સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | PARKING-RJT-OKHA-MX-12-22-1 ([illegible]) | ઓખા [illegible] | 20-12-2023 11:00-11:30 | 1096 દિવસ |
| AA/2 | PARKING-RJT-DWK-MX-13-22-1 ([illegible]) | દ્વારકા [illegible] | 20-12-2023 11:00-11:40 | 1096 દિવસ |
| AA/1 | PnU-RJT-OKHA-Toi-3-22-3 ([illegible]) | ઓખા [illegible] | 20-12-2023 11:00-11:30 | 1096 દિવસ |
| AA/2 | PnU-RJT-JAM-Toi-5-22-3 ([illegible]) | જામનગર [illegible] | 20-12-2023 11:00-11:40 | 1096 દિવસ |
| AA/3 | PnU-RJT-BKNG-Toi-6-22-2 ([illegible]) | [illegible] | 20-12-2023 11:00-11:50 | 1096 દિવસ |
| AA/4 | PnU-RJT-SUNR-Toi-7-22-2 ([illegible]) | સુરેન્દ્રનગર [illegible] | 20-12-2023 11:00-12:00 | 1096 દિવસ |
| AA/5 | PnU-RJT-RJT-Toi-1-23-1 ([illegible]) | રાજકોટ [illegible] | 20-12-2023 11:00-12:10 | 1096 દિવસ |

RJT-122

[illegible] facebook.com/WesternRly • [illegible] twitter.com/WesternRly



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકાની સીવીલ / ગાર્ડન શાખા દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmc.nprocure.com જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા.................................. થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | જામનગર મહાનગરપાલિકા ધ્વારા ડેવલોપ કરવામાં આવેલ હાપા, લાલવાડી, સંગમ બાગ, દાદા-દાદી ગાર્ડન, વિરલબાગ ગાર્ડન્સના ઓપરેશન તથા મેઈનટેનન્સનું કામ | ૧૯.૯૨ |

કમિશનર

જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ/ ૯૦ /૨૩-૨૪, તા. ૦૯/૧૨/૨૦૨૩



**જાહેર નોટિસ**

રાજકોટના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબ

સમક્ષ, રાજકોટ

કેવીયેટ અ. નં. ૪૩૦ સને ૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ ........................ અરજદાર

વિરૂધ્ધ

કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા ..................... સામાવાળા

અરજદારના એડવોકેટ : આશિષ વાય. શાહ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા સંવર્ગો/શાખાના ભરતીના નિયમોમાં સુધારો કરવા અંગેની દરખાસ્તો મોકલવામાં આવેલ હતી. જે અંગે જનરલ બોર્ડના ઠરાવ નં. ૧૧૪ તાઃ ૨૦/૧૧/૨૦૨૩ થી જનરલ બોર્ડની મંજુરી મળેલ છે. જે વિગતે મહેકમ શાખા દ્વારા આગામી સમયમાં સદરહુ વિવિધ જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહીઓ હાથ ધરવામાં આવનાર છે. સદર કાર્યવાહી અન્વયે રાજકોટ મહાનગરપાલિકા સામે કોઈપણ કાયમી કે કામચલાઉ મનાઈહુકમની માંગણી કરે તો રાજકોટ મહાનગરપાલિકાને પ્રથમ સાંભળવા માટે અને ત્યારબાદ હુકમ ફરમાવવા માટે આ અદાલતમાં જાહેર કેવીયેટ રજુ કરેલ છે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા. ૦૭ ડીસેમ્બર, ૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યુ.

હુકમથી

(સહી)

(જે.જે.ચાવડા)

રજીસ્ટ્રાર

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, રાજકોટ

તંત્રી લેખ

# અર્થતંત્રને લગ્નોનું બુસ્ટર

હાલ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. તેવામાં હિન્દૂ સંસ્કૃતિ મુજબ લગ્નોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને આજકાલ આવા શુભ પ્રસંગો પર મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવતાં દેશની અર્થવ્યવસ્થાને વેગ મળી રહ્યો છે.

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, ગયા નવેમ્બરથી આગામી ચાર મહિનામાં દેશમાં ૩૮ લાખથી વધુ લગ્નોનું આયોજન થવા જઈ રહ્યું છે. આ ચાર મહિનામાં ૪.૭૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની ધારણા છે, જ્યારે ગયા વર્ષે સમાન સમયગાળામાં ૩૫ લાખ લગ્નો પર ૩.૭૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. લગ્નના વિવિધ કાર્યક્રમોમાં વિવિધ વસ્તુઓ પરના ખર્ચના અંદાજ મુજબ આ વર્ષે નવા કપડાં અને નવા ઘરેણાંની ખરીદી પાછળ ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થવાનો છે.

આ સિવાય ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ મહેમાનોના મનોરંજન પર ખર્ચવામાં આવનાર છે અને આટલી જ રકમ લગ્ન સમારોહ સંબંધિત કાર્યક્રમો પર પણ ખર્ચવામાં આવનાર છે. દુનિયાનો કોઈ દેશ લગ્નની સિઝનમાં આટલી મોટી રકમ ખર્ચતો નથી. આજે લગ્ન વગર લિવ ઈન રિલેશનશિપની પરંપરા પ્રચલિત થઈ ગઈ છે. આવા રિવાજોના કારણે વિકસિત દેશોના યુવાનોને સંતાન નથી થતું અને થોડા સમય પછી તેઓ 'છૂટાછેડા'ના રૂપમાં એકબીજા સાથેના સંબંધોનો અંત લાવે છે. જો આ દરમિયાન કોઈ દંપતીને બાળક હોય તો પણ તેને 'સિંગલ પેરેન્ટ'ના રિવાજ હેઠળ માત્ર માતા સાથે જ રહેવું પડે છે. આ કારણોસર, આજે વિશ્વના ઘણા દેશોમાં વૃદ્ધ લોકોની સંખ્યા વધી રહી છે, જેની સીધી અસર આ દેશોની અર્થવ્યવસ્થા પર પડી રહી છે.

એકંદરે, તે સનાતન સંસ્કૃતિના મૂલ્યો છે જે આજે પણ ભારતમાં કુટુંબ વ્યવસ્થાને જીવંત રાખે છે. નહિંતર, વિકસિત દેશોમાં સંયુક્ત કુટુંબની પ્રથા નગણ્ય હોવાથી, આ દેશોની સરકારે 'સામાજિક લાભ' યોજના હેઠળ વૃદ્ધોની સંભાળ લેવી પડે છે, જેના પરનો ખર્ચ એટલો વધી ગયો છે કે આ દેશોની બજેટ સિસ્ટમ છે. તે ભારે દબાણ હેઠળ આવી ગયું છે. તેનાથી વિપરીત, ભારતમાં વિવિધ તહેવારો પણ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. જેના કારણે આ વર્ષે દિવાળી અને ધનતેરસના તહેવારોની સિઝનમાં દેશમાં ૩.૭૫ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થયો છે. માત્ર કરવા ચોથના દિવસે જ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ પૂર્ણ થયો હતો.

દેશમાં તહેવારોની સિઝનમાં ગયા ઓક્ટોબર મહિનામાં ૨૩ લાખ વાહનોનું વેચાણ થયું હતું. ચાર લાખ ફોર-વ્હીલર અને ૧૯ લાખ ટુ-વ્હીલરનું વેચાણ થયું છે. આગામી લગ્ન સિઝનમાં પણ વાહનોનું જંગી વેચાણ થવાની સંભાવના છે. આ કારણોને લીધે ભારતમાં ગરીબી અને બેરોજગારી પણ ઝડપથી ઘટી રહી છે.

આજે ભારતમાં ઉચ્ચ નેટવર્થ ધરાવતા નાગરિકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. તેથી, વિદેશમાં જઈને તમામ મહેમાનોની સાથે લગ્નની વિધિઓ કરવાની પ્રથા ભારતમાં ઘણી વધી ગઈ છે.

# સુત્રાપાડાઃ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ગ્રામજનો દ્વારા સ્વાગત

**અબતક, રામસિંહ મોરી. સુત્રાપાડા**



વિકસિત ભારત સંકલ્પ યાત્રા સુત્રાપાડા તાલુકા ઘટીયા પ્રાચી કારડીયા રાજપૂત સમાજ વાડી માં રથ આવતા તેમનું ભવ્યથી ભવ્ય સ્વાગત કરેલ તાલાલા વિસ્તાર ધારાસભ્ય ભગવાનભાઈ બારડ જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલા બેન મુછાલ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજવીર સિહ ઝાલા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શેલેદ્ર સિહ રાઠોડ સુત્રાપાડા તાલુકાના ભાજપ પ્રમુખ પ્રતાપ સિંહ બારડ તાલુકા પંચાયત પ્રમુખ ખીમ ભાઈ વાજા ડેપ્યુટી ડી.ડી.ઓ. ગણાત્રા સુત્રાપાડા ડી.ડી.ઓ. ઠુમર મામલદાર કરગઠીયા કારોબારી ચેરમેન હમીરભાઈ વાઢીયા ખેતી વાડી બાબરીયા સુત્રાપાડા પ્રાચી વહીવટ દાર વાજાભાઈ પંકજભાઈ જશુંભાઈ રામ સદસ્ય આચાર્ય તાલુકા પંચાયત કમચારી આરોગ્ય સ્ટાફ ગામ જનો બહેનો ભાઈ બહોળી સખ્ય હાજર રહેલ.

# સાવરકુંડલાના માનવમંદિરની મુલાકાત લેતા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



સાવરકુંડલા થી પાંચ કિલોમીટર હાથસણી રોડ ઉપર આવેલ મનોરોગી આશ્રમ માનવ મંદિરની ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી એ મુલાકાત લીધી હતી આશ્રમના ભક્તિ બાપુ એ અને દિનુ બાપુએ દિલીપ સંઘાણીનું સ્વાગત કર્યું હતું. માનવ મંદિરની ૬૪ જેટલી બહેનો સાથે વાતચીત કરી હતી આશ્રમની કરવામાં આવતી સેવા વિશે તેઓએ જણાવ્યું હતું કે આશ્રમની સેવા એ સતયુગ છે હાલ આશ્રમ બહાર કળિયુગ ચાલી રહ્યો છે ત્યારે આવા આશ્રમોમાં કરવામાં આવતી સેવા એ કળિયુગમાં પણ સતયુગના દર્શન થાય છે ફરી વખત પરિવાર સાથે સમય લઈને આવવાનું ભક્તિ બાપુને વચન આપ્યું હતું તેમજ આશ્રમને ગુપ્તદાન આપી માનવીય ફરજ અદા કરી હતી.

# વિસાવદરઃ સાંઈઠ વર્ષથી મોટી ઉંમરના કેદીઓને મૂકત કરવા ટીમ ગબ્બરની રજૂઆત

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

દેશની અનેક અદાલતોમાં અનેક કેદીઓના કેસો પેન્ડિગ છે કોઈ એક કેદી કે ગુનેગાર આવેશમાં આવીને કોઈપણ પ્રકારનો ગુનો કરી બેસે છે ત્યારે કેસ ચાલીને પૂરો થાય ત્યાં સુધી અમુક ગુનાના કામમાં જેલમાં રહે છે અને અમુક કિસ્સામાં ૧૦વર્ષ જેવા સમય બાદ આવા કેદી સામેની ટ્રાયલ ચાલી જતા તેઓ નિર્દોષ છૂટે છે પરંતુ આ દશ વર્ષ સુધી કે ગુનાની સજા પુરી થાય ત્યાં સુધી તેમનો પરિવાર તેમના પત્ની બાળકો ખાસ કરીને પરિવારની સ્ત્રીઓ માટે આજીવિકા મળી રહે તે જોવાની ફરજ પણ સરકારની છે ત્યારે જેલમાં રહેલ વ્યક્તિએ તો ગુનો કરેલ હશે તે બદલ કોર્ટ નિર્ણય કરશે પરંતુ તેમનો પરિવાર પણ ગુનેગાર હોય તેવું વર્તન સમાજ તરફથી ન થાય અને ગુનાખોરી ઉપર નિયંત્રણ આવે તે પણ જરૂરી છે તેથી આવા પરિવારના વ્યક્તિઓએ કોઈ ગુન્હો કરેલ ન હોય ત્યારે દેશની સંવેદનશીલ સરકારે આ માટે કેદીઓના પરિવાર માટે પ્રોટેક્શન એક્ટ બનાવી આવા કેદીઓના બાળકોને ઉચ્ચ શિક્ષણ તથા અન્ય આર્થિક લાભો આપવા જોઈએ આવા કેદીઓના પરિવારને તમામ પ્રકારની સુવિદ્યા આપવામાં આવે અને શક્ય હોય તો ૬૦ વર્ષ થી મોટી ઉમર ધરાવતા તમામ કેદીઓ ફરી ગુનો કરે તેવી સ્થિતિમાં ન હોય તેઓને મુક્ત કરવામાં આવે તો સરકારને આવા કેદીઓ માટે જે ખર્ચ થાય તે પણ બચી શકે તેમ છે અને મોટી ઉંમરના કેદી ને પોતાના પરિવાર સાથે બાકી જિંદગી જીવી શકે અને સારો નિભાવ થઈ શકે અને પરિવાર સાથે સમય પસાર કરી શકે તે માટે જેલ માં મોટા ભાગના ઉમરલાયક કેદી મુક્ત કરવામાં આવે તો જેલ પણ ખાલી થઈ જાય અને યોગ્ય વાતાવરણ ઊભું થાય તેવી ટીમ ગબ્બર દ્વારા વડાપ્રધાન, રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિતને કરવામાં આવી છે.



# વિસાવદરઃ નેશનલ લોક અદાલતમાં ૧૦૦ ટકા કેસોનો નિકાલ

## ૨.૯ કરોડથી વધુના તમામ ૩૧૬ કેસોના પક્ષકારોને સમજાવટથી લોક અદાલત બનાવાઈ સફળ

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**



તાજેતરમાં વિસાવદર કોર્ટ બિલ્ડીંગ ખાતે મુખ્ય ન્યાયાધીશ અને તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેન એસ.એસ.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અને અધિક જિલ્લા ન્યાયાધીશ જે.એલ. શ્રીમાળીની ઉપસ્થિતીમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં લીટીગેશન અને પ્રિલિટીગેશન સહિતના કુલ રૂપિયા બે કરોડ નવ લાખ ઓગણીસ હજાર છસ્સો એક રૂપિયા અને એકાવન પૈસા પુરાના ૩૧૬ કેસોમાં પક્ષકારો હાજર રહેલા હતા અને ૩૧૬ કેસોનો ન્યાયિક નિકાલ થતાં લોક અદાલતનું ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયુ હતું. જેમાં સ્પેશિયલ સિટિંગમાં કુલ- ૯૩ કેસમાં રૂપિયા ૧૭,૦૦૦/-નો દંડ વસુલ લેવામાં આવેલ હતો. જેમાં ચાલુ ૨૬૧ કેસોનો નિકાલ કરવામાં આવેલ તથા ૫૫ પ્રિલિટીગેશન કેસો મળી કુલ ૩૧૬ કેસોનો નિકાલ કરતા વિસાવદર કોર્ટમાં લોક અદાલતનું ઐતિહાસિક રેકોર્ડબ્રેક પરિણામ આવ્યું હતુ

આ લોક અદાલતમાં વિસાવદર બાર એસોસિએશનના પ્રમુખ કમલેશ જોશી, વિજય જેઠવા, સિનિયર ધારાશાસ્ત્રી દિનેશભાઈ શાહ, ભાસ્કરભાઈ જોશી, નયનભાઈ જોશી, અશ્વિનભાઈ દુધરેજીયા, સમીરભાઈપટેલ, આર.જે.ધાધલ, યુ.બી.દાહીમાં, એચ.કે.સાવલિયા તથા સ્ટેટ બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા તથા પી.જી.વી.સી.એલની જુદી જુદી કચેરીઓના અધિકારીઓ તથા સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહેલા અને પક્ષકારોને સમજાવટ કરી લોક અદાલતને સફળ બનાવવા માટે મહત્વનો ફાળો આપેલ હતો.


# ઉપલેટા મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલ વાળા રાઠોડ પરિવારને આંગણે શરણાઈઓ ગુંજી ઉઠી

**ચિ.સત્યાર્થસિંહજી** **ચિ.નયનાબા**

ઉપલેટાની ખ્યાતનામ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલ તેમજ સમ્રાટ મશીન પ્રોડક્ટ્સ રાજકોટ વાળા રાઠોડ પરિવારના આંગણે શરણાઈઓ ગુંજી ઉઠી. અ.સૌ.ઉર્મિલાબા તથા શક્તિસિંહજી કલ્યાણસિંહજી રાઠોડના સુપુત્ર કુંવર ચિ.સત્યાર્થસિંહજીના શુભ લગ્ન જામનગર જીલ્લાના મોટાખડબા નિવાસી અ.સૌ.જયશ્રીબા તથા જયેન્દ્રસિંહજી ચકુભાની સુપુત્રી કુંવરીબા સૌ.કા.ચિ. નયનાબા સાથે તા.૧૫ને શુક્રવારે શુભ દિવસે 'હેવન પાર્ટી લોન્સ' વાગુદડ રોડ, બાલાજી વેફર્સની સામે કાલાવડ રોડ રાજકોટ મુકામે નિધરિલ છે. રાઠોડ પરિવાર દ્વારા આમંત્રિકો અને સગા સ્નેહિઓ માટે ભોજન સમારંભ સાંજે ૮ વાગે ઉપરોક્ત સ્થળે રાખેલ છે. આમંત્રિકોને પધારવા રાઠોડ પરિવારે અનુરોધ કરેલ છે.

# ઉપલેટા પ્રો.ડોબરીયાના આંગણે ઢોલ ઢબુક્યા

**ચિ.હિરેન** **ચિ.હાર્દિ**

ઉપલેટા નિવાસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પુર્વ ડિન પ્રો.ડોબરીયાના આંગણે ઢોલ ઢબુકી ઉઠ્યા છે. અ.સૌ.જ્યોત્સનાબેન તેમજ પ્રો.જેન્તીભાઈ રામજીભાઈ ડોબરીયાના સુપુત્ર ચિ.હિરેનના શુભ લગ્ન વડોદરા નિવાસી અ.સૌ.વિજયાબેન તથા વિનુભાઈ જીવરાજભાઈ રૈયાણીની સુપુત્રી ચિ.હાર્દિ સાથે તા.૧૪ને ગુરૂવારે સાંજે સાત કલાકે નાયરા એનર્જી કલબ, સ્ટેટ હાઈવે નં.૬, મુંબેડ, જી.જામનગર મુકામે નિધરિલ છે. ડોબરીયા પરિવાર દ્વારા આમંત્રિકો માટે ભોજન સમારંભ તા.૧૪ને ગુરૂવાર બપોરે ૧૧ કલાકે દાસાપેથી વાડી, ડોબરીયા શેરી યાદવ રોડ, જીરાયા પ્લોટ ઉપલેટા મુકામે યોજેલ છે. આમંત્રિકોએ પધારવા ડોબરીયા પરિવારે અનુરોધ કરેલ છે.


# ગોંડલઃ ન.પા. કારોબારી અધ્યક્ષ રાજેન્દ્રસિંહ જાડેજાની માનવતા મહેકી

## શ્રમજીવી પરિવારના યુવાનનું સ્વ ખર્ચે આંખનું ઓપરેશન કરાવી દ્રષ્ટિ અપાવી


**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



ગોંડલ ખોડીયાર નગર વિસ્તારમાં રહેતા ભનુભાઈ સોલંકી (દેવીપુજક) શાકભાજી વેચી પેટીયુ રડતા હતા અને તે વિકલાંગ હોય તેના દીકરા ને બંને આંખમાં ખામી હોય સુજવાનું બંધ થયેલ હોય ઘણા સમયથી સરકારી હોસ્પિટલ માં દવા વગેરે ચાલુ હોય પરંતુ કોઈ ફેર હતો નહીં ખાનગી સારવારમાં ઘણો ખર્ચ થાય આ ખર્ચને ઉઠાવવા ની ક્ષમતા પરિવારની હોય નહીં તે વાત નગરપાલિકા કારોબારી અધ્યક્ષ રાજેન્દ્રસિંહ જાડેજા ને ધ્યાને આવતા તેમને તાત્કાલિક આયુષ્યમાન કાર્ડની વ્યવસ્થા કરી પણ આ કાર્ડથી ઓપરેશન શક્ય હતું નહીં તેથી ગોંડલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ઝાટકિયા હોસ્પિટલના ડો. સોલંકી સાથે મીટીંગ કરી સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કર્યા ડોક્ટર સોલંકી એ અન્ય બે ડોક્ટરના અભીપ્રાય લઈ ખાતરી સાથે ઓપરેશન કરવાની તૈયારી બતાવી ઓપરેશન નો તમામ ખર્ચ રાજેન્દ્રસિંહ જાડેજાએ ઉઠાવ્યો અને આંખના બંને ઓપરેશન સફળ થયા અને નવયુવાનને નવા જીવન સાથે નવી રોશની મળી. આ સાથે પરિવારમાં ભાવુંક દ્રશ્યો સર્જાયા હતા.

# ધ્રાંગધ્રાઃ શહેરના વિવિધ વિસ્તારમાં પોલીસ ફૂટ પેટ્રોલીંગ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ડીવાયએસપી કચેરી દ્વારા ધ્રાંગધ્રા સીટી પોલીસ ના વિવિધ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ધ્રાંગધ્રા ડીવાયએસપી જે.ડી.પુરોહિતની આગેવાનીમા ધ્રાંગધ્રા ડીવાયએસપી કચેરી દ્વારા ધ્રાંગધ્રા સીટી પોલીસ ના વિવિધ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલા પોલીસ કર્મચારીઓ દ્વારા ધ્રાંગધ્રા સીટીના મોચીવાડ ત્રણ રસ્તા, જેલ ત્રણ રસ્તા, દિલ્હી દરવાજા, સોની બજાર, ગ્રીન ચોક, વોરા વાડ, શકિતગેટ ચોક, જુમ્મા મસ્જિદ, ફૂલેશ્વર મહાદેવ મંદિર, રાજકમલ ચોક, ગેલેક્ષી પાન, લાલ થડો ત્રણ રસ્તા અને નવયુગ રોડ જેવા ધ્રાંગધ્રા સીટી વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરી ૯ એનસી કેસો કરી રૂ.૩૧૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

# કાલાવડઃ દલાલ ૧૦ કરોડનું ફૂલેકું ફેરવી નાસી જતા યાર્ડ ત્રણ દિવસથી બંધ

## યાર્ડ બંધ રહેતા ખેડૂતોમાં રોષ




**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ માર્કેટિંગ યાર્ડ મા દલાલ ૧૦ કરોડ નું ફુલેકું ફેરવી નાસી જતા યાર્ડ ત્રણ દિવસ થી બંધ. કાલાવડ માર્કેટિંગ યાર્ડ મા જે ભગવાન ટ્રેડિંગ કુ.નામની પેઢીએ કરોડો નું ફુલેકું ફેરવતા અનેક વેપારીઓ મુકાયા મુશ્કેલી મા. વેપારીઓ ખેડૂતો નો માલ નહિ ખરીદતા ખેડૂતો મા પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. જે ભગવાન ટ્રેડિગ કંપની ચલાવતા વિજય તાળા અને કરશન પ્રાગડા હાલ છેલ્લા પાંચ દિવસ થી ફરાર છે. બંને વેપારી ના ફોન પણ હાલ સ્વીચ ઓફ આવી રહ્યા છે. કાલાવડ માર્કેટિંગ યાર્ડ છેલ્લા ત્રણ દિવસ થી બંધ રહેતા ખેડૂતો મા પણ રોષ ની લાગણી જોવા મળી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દલાલ જે પેઢી ચલાવતો હતો તે પેઢી પાસે લાઈસન્સ પણ ન હતું. ત્રણ દિવસ યાર્ડ બંધ રહેતા તમામ વેપાર ખોરવાય જવા પામ્યા છે અને યાર્ડ ના સતાધીશો પણ ચુપકીદી સેવી રહ્યા છે. ત્રીસ થી ચાલીસ વેપારીઓ નો જ આંકડો દશેક કરોડ નો છે હજી પણ આંકડો મોટો આવે તેવી શકયતા સેવાઈ રહી છે. યાર્ડ ના ચેરમેન મૌલિક નથવાણી અને યાર્ડ ના ડાયરેક્ટરો એ અથાગ પ્રયત્નો કરવા છતાં પણ કંઈ સાફ સુથરું જણાતું નથી અને હજુ પણ આજે યાર્ડ બંધ રહેશે તેવું જણાય રહ્યું છે.

# વિસાવદરઃ ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા જરૂરિયાતમંદોને બ્લેન્કેટનું વિતરણ

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા આસી.સબ.ઈન્સપેક્ટર રાહુલભાઈ દેવમુરારી દ્વારા તેમની મેરેજ એનિવર્સરી નિમિત્તે ગણપતિ ઉત્સવ સમિતિને ૧૦ બ્લેન્કેટ જરૂરિયાત મંદોને આપવા માટે ભેટ તરીકે મળેલ હતી જે આજરોજ વિસાવદર રેલવે સ્ટેશનમાં છાપરા નીચે સુતેલા લોકો,તથા એક સાધુ, તેમજ વિસાવદર બસ સ્ટેન્ડમાં ટાઢના ઠુઠવાતા લોકોને વિતરણ કરેલ જેમાં વિસાવદરના સિનિયર ધારાશાસ્ત્રી દિનેશભાઈ શાહ તથા એડવોકેટ નયનભાઈ જોશી અને ગણપતિ ઉત્સવ સમિતિના પ્રમુખ સુરેશભાઈ સાદરાણીના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ અને તેમજ સ્વ.રાધેલાલભાઈ કાવાણી રહે.વાજડી વાળાની પુણ્યતિથિ નિમિત્તે તેમના કુટુંબી પૂર્વ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ વિપુલભાઈ કાવાણી તરફથી ગણપતિ ઉત્સવ સમિતિને ૧૦ બ્લેન્કેટ જરૂરિયાત મંદોને આપવા માટે ભેટ તરીકે મળેલ હતા જે આજરોજ હનુમાનપરા વિસ્તારના જરૂરિયાત મંદ વૃધોને હસ્તે.વિપુલભાઈ કાવાણી, નયનભાઈ જોશી(એડવોકેટ) તથા સુરેશભાઈ સાદરાણી ગણપતિ ઉત્સવ સમિતિના હસ્તે વિતરણ કરવામાં આવેલ છે.

# ઉપલેટાઃ રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ દ્વારા વિના મૂલ્યે નેત્ર યજ્ઞ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ઉપલેટા દ્વારા જીનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ નિદાન કેમ્પમાં મોતીયા, ઝામર, પરવાળા વગેરે દર્દીનું નિદાન તેમજ ઓપરેશન અને નેત્રમણી શિવાનંદ મિશન, વિરનગર દ્વારા કરી આપવામાં આવશે. દર્દીઓએ પોતાનું આધાર કાર્ડ તેમજ મોબાઈલ નંબર સાથે લાવવાનો રહેશે. નેત્ર નિદાન તા.૩૧ ને રવિવારના સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી રામકૃષ્ણ પ્રાર્થના મંદિર, કોલકી રોડ, વડ ચોક, ગૌશાળાની સામે ઉપલેટા મુકામે યોજાશે. આ કેમ્પમાં ભાગ લેવા માગતા દર્દીઓએ વહેલા તે પહેલાના ધોરણે તપાસવામાં આવશે. ઓપરેશન વાળા દર્દીઓને વિશનગર બસ દ્વારા લઈ જવામાં આવશે તેમાં દર્દી સાથે એક વ્યકિત ફરજીયાત જવાનું રહેશે. તેને પાગરણ સાથે લઈ જવાનું રહેશે.

# ધોરાજીના જેતપુર રોડની બિસ્માર હાલત

**અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી**

ધોરાજીના જેતપુર રોડ પર આવેલ રોડને હજી થોડા દિવસ પહેલા જ ચાલુ કરવામાં આવેલ છે. ત્યાં હજી રોડ પર પાણી પાણી જોવા મળે છે. રોડ પર નીકળતા રાહદારી અને જેતપુર રોડ ના વેપારીઓ ત્રસ્ત થઈ મુકયા છે. તંત્ર પગલા લેશે કે શું હવે એ જોવાનું છે.

## ધર્મગુરૂ આગાખાનના જન્મદિને

# બાબરામાં ઈસ્માઈલી ખોજા સમાજ દ્વારા બુધવારે રકતદાન કેમ્પ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરામાં ઈસ્માઈલી ખોજા સમાજ અને ઈન્ડિયા વોલિન્ટિયર કોર ગ્રુપ દ્વારા અનેક વિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે જે અંતર્ગત નામદાર આગાખાન સાહેબના ૮૭માં જન્મ દિવસ નીમીતે તા. ૧૩ ડિસેમ્બરના રોજ સવારે ૯ થી બપોરના ૨ વાગ્યા સુધી ખોજા જમતખાના રોશની મેડીકલની બાજુમાં નાના બસ સ્ટોપ પાસે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

દિન પ્રતિદિન માનવ રકતની જરુરીયાત વધતી જાય છે ખાસ કરીને થેલેસેમીયા જેવી ગંભીર બિમારી વખતે, પ્રસુતિ વખતે, એકિસડન્ટ, વિવિધ ઓપરેશન વખતે રકતની જરુરત ઉભી થતી હોય છે.

ત્યારે ઈસ્માઈલી ખોજા સમાજ દ્વારા લોકસેવાના ઉત્તમ ધ્યેય સાથે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.


## સોરઠના ચકચારી મજેવડી કાંડના કાવતરમાં ઝડપાયેલા

# જૂનાગઢઃ કોર્પોરેટર અદ્રેમાન પંજા રિમાન્ડ પર

### છ માસ પૂર્વ દબાણ હટાવ મુદ્દે ટોળા દ્વારા સરકારી અને ખાનગી વાહનમાં તોડફોડ કરી પોલીસ પર પથ્થરમારામાં રાહદારીનું મોત નિપજ્યું'તુ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જુનાગઢમાં પાંચ મહિના અગાઉ થયેલા મજેવડી કાંડના કાવતરા અંગેના આરોપી એવા જુનાગઢ મનપાના નગરસેવક અદરે અદ્રેમાન પંજાની પોલીસે ધરપકડ કરી હતી. તા.૧૩ ડિસેમ્બરના કોર્ટે રિમાન્ડ મંજૂર કરતા પોલીસે આરોપી અદ્રેમાન પંજાની તપાસ અને પૂછપરછ આદરી હોવાનું પોલીસ વર્તુળોમાંથી જાણવા મળી રહ્યું છે.



ગત જુન માસમાં જુનાગઢના મજેવડી દરવાજા પાસે દરગાહ મુદ્દે ટોળું એકઠું થયું હતું અને બાદમાં ઉગ્ર બનેલા ટોળાએ સરકારી અને અન્ય વાહનોમાં તોડફોડ કરી, પોલીસ ઉપર પથ્થરમારો અને હુમલો કરી દેતા મામલો બન્યો હતો. આ દરમિયાન રાહદારી વાહન ચાલકનું પણ મોત થવા પામ્યું હતું. જે અંગે પોલીસે ફરિયાદી, તપાસ આદરી બની આ ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ આદરી હતી. જેમાં જુનાગઢ મનપાના કોર્પોરેટર અદ્રેમાન પંજાનું નામ ખુલતા પોલીસે તેમને પકડવા કવાયત હાથ ધરી હતી. પરંતુ છ મહિના દરમિયાન અદ્રેમાન પંજા પોલીસને હાથ લાગ્યા ન હતા. ત્યારે ગત શનિવારે અદ્રેમાન પંજાને જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ શોધી કાઢી ઝડપી લીધા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, રિમાન્ડની માંગણી સાથે જૂનાગઢની કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે તારીખ ૧૩ ડિસેમ્બર બપોરના ચાર વાગ્યા સુધીની અદ્રેમાન પંજાની પોલીસ રિમાન્ડ મંજૂર કરી હતી.

આ અંગે આ બનાવની તપાસ કરી રહેલા જુનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.જે. પટેલના જણાવ્યા અનુસાર, જુન માસમાં મજેવડી દરવાજા નજીક પોલીસ ઉપર થયેલા હુમલાઓ અને સરકારી વાહનમાં તોડફોડ તથા આ તોફાન દરમિયાન એક વ્યક્તિના થયેલ મોત અંગે પકડાયેલા આરોપી અદ્રેમાન અલારખાભાઈ પંજાનું તપાસ દરમ્યાનના નામ ખોલ્યુ હતું ત્યારે એ ડિવિઝન પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૦૨, ૩૦૭ સહિતના ગુના સબબ શનિવારે આરોપી અદ્રેમાન પંજાને એલસીબી એ પકડી પાડી, કોર્ટમાં રજૂ કરતા તેમના ૧૩ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર થયા છે. ત્યારે આરોપી અદ્રેમાન પંજા છ મહિના દરમિયાન ક્યાં ક્યાં છુપાયેલ હતા ? કોને કોને મળેલ હતા ? તે સાથે મજેવડી દરવાજા ખાતે સર્જાયેલા બનાવા પહેલા મીટીંગો ભરી હતી તેમાં કોણ કોણ હાજર હતા ? તે સહિતની વિવિધ બાબતે તપાસ આદરી છે. તથા આ બનાવ વખતે ઉપયોગમાં લેવાયેલા લાકડી, પાઈપ, પથરો ક્યાંથી લાવવામાં આવેલ ? તેમજ બનાવવામાં જુનાગઢ બહારના કોઈ ઈસમો સંડોવાયેલા હતા કે કેમ ? તે અંગે પણ પૂછપરછ અને તપાસ કરાશે.

# લખતરઃ વણામાં ચાલતી જુગાર કલબ પર દરોડોઃ ૨૧ની ધરપકડ

### રાજકોટના શખ્સોએ શરૂ કરેલી જુગાર કલબમાં સુરેન્દ્રનગર ભાજપ અગ્રણી, પાટણ, સાણંદ, ઉપલેટા, મુળી, સુરત અને રતનપરના શખ્સો જુગાર રમતા ઝડપાયાઃ રૂ.૪.૨૨ લાખનો મુદામાલ કબ્જે

**અબતક,સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના વણા ગામે રાજકોટના શખ્સોએ જુગાર કલબ શરુ કરી હોવાની બાતમીના આધારે લખતર પોલીસે જુગાર અંગે દરોડો પાડી જુગાર રમતા સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના સદસ્ય, પાલિકાના કોર્પોરેટર સહિત ૨૧ શખ્સોની રૂા.૪.૨૨ લાખના મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી છે. રાજકોટના જુગાર કલબ સંચાલક બે શખ્સોની શોધખોળ હાથધરી છે.



રાજકોટ રહેતા દિવ્યરાજસિંહ ઉર્ફે દિકુભા મરેશસિંહ રાણા અને દુષ્યંતસિંહ હરપાલસિંહ રાણાએ પોતાના વણા ગામે રામજી મંદિર પાસે આવેલા મકાનમાં જુગાર કલબ ચલાવવા માટે હરપાલસિંહ અરવિંદસિંહ રાણાને આપ્યું હોવાની અને રાજકોટ, હળવદ, સુરેન્દ્રનગર, રતનપર, મુળી, સાણંદ અને ઉપલેટાના શખ્સો જુગાર રમવા આવતા હોવાની બાતમીના આધારે લખતર પોલીસ મથકના પી.એસ.આઈ. એન.એચ.ડાભી સહિતના સ્ટાફે જુગાર અંગે દરોડો પાડ્યો હતો.

જુગાર રમતા વણાના હરપાલસિંહ અરવિંદસિંહ રાણા, દિલાવરસિંહ હારિતસિંહ રાણા, સુરેન્દ્રનિગર જિલ્લા પંચાયતના સભ્ય અમથુભાઈ કમેજલીયા, ઓમદેવસિંહ હરપાલસિંહ રાણા, સંજય નગીનદાસ શાહ, રતનપરના વિપુલ નટવર સરેરીયા, દેવેન્દ્રસિંહ વિક્રમસિંહ પરમાર, વિષ્ણુંસિંહ જોરુભા પરમાર, માળીયાના શબ્બીર કેશર કટીયા, સુરતના ઘનશ્યામ જેઠા, પાટણના સુરેશ શિવા પટેલ, ઉપલેટાના અશરફ મામદ પીઠડીયા, ગાંધીધામના રોહિતસિંહ હરુભા રાણા, રાજકોટના મનોજ મહેન્દ્ર ગણાત્રા, દિલીપ બાબુ ચંચા, રાજસ્થાનના દેવીલાલ કચરા પટેક્ષલ, હળવદના ધીરજ ચુનિલાલ વ્યાસ, સાણંદના ફિરોજ નિજાર અલી ગીલાણી, ઉદયપુરના મનોદ મનજાજી પટેલ અને મુળી રાજેશ રઘુવીર ત્રિવેદી નામના શખ્સોની રૂા.૩.૫૭ લાખની રોકડ સાથે ધરપકડ કરી તેમની પાસેથી ૧૩ મોબાઈલ, બે ટેબલ, ૧૨ ખુરશી મળી રૂા.૪.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જુગાર કલબ માટે મકાનની સગવડ આપનાર દુષ્યંતસિંહ હરપાલસિંહ રાણા અને દિકુભા ઉર્ફે દિવ્યરાજસિંહ મુકેશસિંહ રાણાની પોલીસે શોધખોળ હાથધરી છે.

# જૂનાગઢ શહેરમાંથી પશુઓ પકડી ગામડામાં છોડી દેવાનું કારસ્તાન ઝડપાયું

### ભેસાણના કરીયા ગ્રામજનોએ શહેરી પશુ ગામડામાં છોડી દેનોરાઓને રંગે હાથ પકડયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહાનગરમાં છેલ્લા ઘણા વખતથી રખડતા ભટકતા ઢોરને પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે. અને આ પકડાયેલા ઢોરને ગૌશાળામાં મોકલવામાં આવી રહ્યા છે. ત્યારે ભેસાણ તાલુકાના કરિયા ગામના લોકો દ્વારા જુનાગઢ શહેરમાંથી ઢોર પકડીને ગામડામાં છોડી મુકાતા હોવાનું કારસ્તાન ચાલી રહ્યું હોવાનું જનતા રેડમાં પકડી પાડ્યુ હોવાનું અને ગઈકાલે ભેસાણ પોલીસ સ્ટેશનમાં આ મામલે હોબાળો મચ્યો હોવાનું સામે આવ્યું છે. તો બીજી બાજુ મનપા દ્વારા પકડેલા ઢોરને ગૌશાળામાં મોકલવાની લેટર પેડ ઉપર કાર્યવાહી ચાલી રહી હોવાનું અને કોઈ કૌભાંડ ચાલતું ન હોવાનું જણાવાઈ રહ્યું છે. ત્યારે આ મામલો ચર્ચા અને તપાસનો વિષય બન્યો છે.

જાણવા મળતી વિગતો અનુસાર, ગઈકાલે ભેસાણ તાલુકાના કરીયા ગામના લોકોએ પકડી પાડેલ જુનાગઢ મહાનગરપાલિકા લખેલું ઢોર ભરેલું વાહન લઈને ગ્રામજનો ભેસાણ પોલીસ સ્ટેશનને પહોંચ્યા હતા અને ભેસાણ પોલીસ સ્ટેશનને હોબાળો મચાવી, આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા રજૂઆત કરવામાં આવી હતી.

જુનાગઢ મનપા દ્વારા ઢોર પકડીને ગૌશાળામાં મોકલવાના બદલે ગામડાઓમાં છોડી મૂકવાનું કારસ્તાન ચાલી રહ્યું છે તેવા આક્ષેપો સાથે ભેસાણ તાલુકાના કારિયા ગામના અગ્રણી ચંદ્રેશભાઈ ધડુકના જણાવ્યા અનુસાર, તેમના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સિંહ – દીપડાનો વસવાટ હોવાથી ખેતી કામ કરતા ખેડૂતો અને ગ્રામજનોમાં વપરાટ ફેલાયો છે, અને તેમના ગામ આસપાસમાં છેલ્લા વીસ પચ્ચીસ દિવસથી અમુક અસામાજિક તત્વો દ્વારા માલ ઢોર વાહનોમાં લાવી રાતના સમયે છોડી મૂકે છે. જેના પરિણામે આવા રખડતા ભટકતા ઢોરનું ધારણ કરવા સિંહ, દીપડા સહિતના રાની પશુઓ આવી રહ્યા છે, ત્યારે ગામના લોકોએ રાત્રિના સમયે પેટ્રોલિંગ કરવાનું નક્કી કર્યું હતું અને શનિવારની રાત્રીના ૩:૩૦ વાગ્યાના અરસામાં ગામના સરપંચ બાબુભાઈ ધંધુકિયા અને અન્ય યુવાનો પેટ્રોલિંગ કરતા હતા. તે દરમિયાન ૧૦ જેટલા પશુઓ ભરેલું જૂનાગઢ નગરપાલિકા લખેલુ ટ્રેક્ટર ત્યાં આવ્યુ હતું અને ગામજનોએ તેની પૂછપરછ કરતા, આ ઢોર જૂનાગઢ મનપા દ્વારા સાધિયા વાવ નેસમાં આવેલ ગૌશાળામાં મૂકવા જઈ રહ્યા હોવાનું વાહનમાં બેસેલા શખ્સે જણાવ્યું હતું. જે અંગે કારિયા ગામના લોકોએ ગૌશાળાના સંચાલકને ફોન કરી પૂછતા સામેથી એવો જવાબ મળ્યો હતો કે, તેમને આવી કોઈ જાણ નથી. ત્યારે ઢોર ભરેલા વાહન લઈને કારિયા ગામના લોકો ભેસાણ તાલુકા મથકે ગયા હતા અને જુનાગઢ શહેરમાંથી ઢોર પકડીને મનપા દ્વારા ગામડાઓમાં ઢોર ઠાલવતા હોવાના ચાલતા કારસ્તાન સામે કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ હતી.

દરમિયાન કરીયા ગામના ગ્રામજનો એ ફોરેસ્ટ વિભાગ અને પોલીસ તંત્રને લેટરપેડ ઉપર લખીને આવી પ્રવૃત્તિ અટકાવવા અને કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી હોવાનું અને કારિયા સહિતના આઠ ગામના લોકો દ્વારા આગામી દિવસોમાં જુનાગઢ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે તેવું પણ ગામજનો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે.

# ગોંડલઃ રાજકોટના વેપારીના મકાનમાંથી રૂ.૧.૭૬ લાખના ઘરેણા અને રોકડની ચોરી

### માતાના ગોઠણના ઓપરેશનની સારવારમાં વ્યસ્ત પરિવારના મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો

**અબતક,રાજકોટ**

ગોંડલના વર્ધમાનનગરમાં રહેતા અને રાજકોટમાં સત્ય વિજય આઈસ્ક્રીમ પાસે રોયલ કાર ડેકોરા નામનો શો રુમ ધરાવતા વેપારી પરિવાર માતાના ગોઠણના ઓપરેશનની સારવારમાં વ્યસ્ત હતા તે દરમિયાન તસ્કરોએ બંધ રુમના તાળા તોડી ૧૩ તોલા સોનાના ઘરેણા અને રોકડ મળી રૂા.૧.૭૬ લાખની મતાનો હાથફેરો કરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વર્ધમાનનગરમાં રહેતા નિકુંજભાઈ રતિલાલ વેકરીયાએ પોતાના નાના ભાઈ પ્રસાંતભાઈના બંધ રુમમાંથી તસ્કરો રૂા.૧.૫૬ લાખની કિંમતના ૧૩ તોલા સોનાના ઘરેણા અને રૂા.૨૦ હજાર રોકડા મળી રૂા.૧.૭૬ લાખની મત્તાની ચોરી થયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

નિકુંજભાઈ વેકીરાયાની માતા કોકીલાબેનના ગોંડલની ક્રિષ્ના હોસ્પિટલમાં ગોઠણનું ઓપરેશન કરાવવામાં પરિવાર વ્યસ્ત હતો તે દરમિયાન નાના ભાઈ પ્રસાંતના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તિજોરીમાંથી સોનાના ઘરેણા અને રોકડ મળી રૂા.૧.૭૬ લાખની મત્તા ચોરી ગયાનું ફરિયાદમાં જણાવ્યું છે. ગોંડલ બી ડિવિઝન પીએસઆઈ જે.એલ.ઝાલા સહિતના સ્ટાફે તપાસ હાથધરી છે.

# લોધિકાની વાડીમાં ચાલતી જુગાર કલબ પર દરોડોઃ સાત ઝડપાયા

### ખંભાળીયા, કલ્યાણપુર, પડધરી અને રાજકોટના શખસો જુગાર રમતા રુા.૧.૨૬ લાખની રોકડ સાથે ઝડપાયા

**અબતક,રાજકોટ**

લોધિકાના પીપરડી ગામના શખ્સ પોતાની વાડીમાં જુગારની કલબ ચલાવતો હોવાની અને ખંભાળીયા, કલ્યાણપુર, પડધરી અને રાજકોટના શખ્સો જુગાર રમવા આવતા હોવાની બાતમીના આધારે પોલીસે જુગાર અંગે દરોડો પાડી રુા.૧.૨૬ લાખની રોકડ સાથે સાત શખ્સોને ઝડપી લીધા છે.આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ પીપરડીના જયપાલસિંહ અનિરુધ્ધસિંહ જાડેજાએ પોતાની વાડીની ઓરડીમાં જુગાર કલબ શરુ કર્યાની બાતમીના આધારે લોધિકા પી.એસ.આઈ. કે.વી.પરમાર અને હેડ કોન્સ્ટેબલ માવજીભાઈ ડાંગર સહિતના સ્ટાફે જુગાર અંગે દરોડો પાડયો હતો.

વાડીની ઓરડીમાં જુગાર રમતા પીપરડીના વાડી માલિક જયપાલસિંહ જાડેજા, રાજકોટ રેલનગરના વિક્રમભાઈ મોતીભાઈ આલ, પડધરી તાલુકાના રોજીયા ગામના દેસુર મનુ આહિર, જામ કલ્યાણપુરના જયેશ ભાયાભાઈ બેલા, ખંભાળીયાના શક્તિસિંહ મહિપતસિંહ જાડેજા અને નથુ નારણ કાંબરીયા નામના શખ્સોને રુા.૧.૨૬ લાખની રોકડ સાથે ધરપકડ કરી છે.

# ગોંડલઃ બાંદરા ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર મુદ્દે રજૂઆત કરતાં મારામારી

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ તાલુકા બાંદરા ગ્રામ પંચાયત ભ્રષ્ટાચાર વિરુદ્ધ રાહુલ ધોણીયાએ રજૂઆત કરતાં તેમનો ખાર રાખી દેવચડી ગામના સભ્ય ના પતિ સહિતનાએ એકસંપ કરી હુમલો કરતાં સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાની વિગતો જાણવા મળી છે હજુ સુધી બનાવની પોલીસ ફરિયાદ થઈ નથી.

આ અંગે ભોગ બનનાર રાહુલભાઈ ધોણીયાએ જણાવ્યું હતું કે ગોંડલ તાલુકાના બાંદરા ગામે પંચાયતમાં પાણીની પાઈપલાઈન નાખવાનું કામ ચાલતું હતું જેમાં ૬ કે.જી.લાઈન નાખવાની જગ્યાએ ૪ કે.જી ની લાઈન નાખતાં તેમના વિરુદ્ધ અરજી કરવામાં આવી હતી જે અરજી અન્વયે ફરી ખોદી લાઈન ૬ કે.જી.ની નાખવાની નોબત આવી પડતાં ભ્રષ્ટાચાર થયો ન હતો અને નુકશાની જતાં દેવચડી ના સભ્યના પતિ દિનેશ ધોણીયા નટુભાઈ ધોણીયા ભાવિક ધોણીયા વિનુભાઈ ધોણીયાએ એકસંપ કરી રાહુલ ધોણીયાને મારમારતા વચ્ચે તેમની પત્ની પ્રિયાબેન ધોણીયા પડતાં તેમને પણ ઢીકાપાટાનો મારમારતા ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે બનાવ ની પોલીસ ફરિયાદ હજુસુધી થઈ નથી.

# ઉપલેટાના યુવાનને આડા સંબંધની શંકાએ ચાર શખ્સોએ લમધાર્યો

### મારી પત્ની સામે કેમ જોયુ ? કહી પાઈપ અને ધોકાથી માર માર્યો

**અબતક,રાજકોટ**

ઉપલેટાના સતવારા સમાજ સામે રહેતા યુવાનને આડા સંબંધની શંકાએ ચાર શખ્સોએ પાઈપ અને ધોકાતી માર માર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ઘવાયેલા યુવાનને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

ઉપલેટાના જાવિદ ઈબ્રાહીમ સોરા નામના ૨૧ વર્ષના યુવાને તેના જ ગામના જયસુખ ભોજા બારાઈ, રોહિત સુવા અને બે અજાણ્યા શખ્સોએ પાઈપ અને ધોકાથી માર મારતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

જાવિદ સોરા મીલમાં મજુરી કામે જતો હતો ત્યારે જયસુખ બારાઈએ મારી પત્ની સામે કેમ જોયુ તેમ કહી તેણી સાથે સંબંધ હોવાની શંકા સાથે માર માર્યાનું ફરિયાદમાં જણાવ્યું છે. ઉપલેટા પી.આઈ. કે.કે.જાડેજા અને હેડ કોન્સ્ટેબલ બી.કે.ગોહિલ સહિતના સ્ટાફે જયસુખ બારાઈ સહિત ચાર મે ગુનો નોંધી તપાસ હાથધરી છે.

# વેરાવળઃ દારૂના જથ્થા સાથે વેપારી ઝડપાયો

### ૩૫ બોટલ મળી રૂ. ૭૦ હજારનો મુદામાલ કબ્જે

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૩૫ બોટલોના કિં. રૂ.૭૦ હજારના જથ્થા સાથે ડી-સ્ટાફ ટીમે મચ્છીના વેપારીને ઝડપી પાડતા ચકચાર પ્રસરી છે. થર્ટીફસ્ટ નજીક આવી રહી છે ત્યારે પ્યાસીઓ અને બુટલેગરો અત્યારથી જ પોતાની તૈયારી કરવા અર્થે સક્રીય થયા છે. જેને રોકવા સામે વેરાવળ પોલીસ પણ અત્યારથી જ સક્રીય બની હોય તેમ કડક કામગીરી શરૂ કરી છે.જે અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ડીં એ.એમ. મકવાણાની સુચનાથી પેટ્રોલીંગ કરી રહેલા સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ આર.આર.ગળચર તથા સ્ટાફને મળેલી બાતમીના આધારે અત્રે ડાભોર રોડ ઉપર સીંધી સમાજની વંડી પાસે રહેતા મચ્છીના વેપારી રાજેશ ઉર્ફે કાંબલી બાબુ ચોમલ (ઉં.વ.૪૭)ના ઘરે દરોડો પાડ્યો હતો.ત્યારે ઘરમાં એક થેલામાં રાખેલ મોંઘીદાટ વિદેશી દારૂની ૩૫ બોટલો કિં.રૂ.૭૦ હજારનો જથ્થો મળી આવ્યો હતો. જેને લઈ વેપારી સામે પ્રોબીશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલઃ આઈસરની ઠોકરે કાર ચાલકનું મોત

### મેતા-ખંભાળીયાના વૃદ્ધના મોતથી પરિવારમાં શોક

**અબતક, જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

ગોંડલના મેતા ખંભાળિયા થી મોટી ખીલોરીના રસ્તે કરુણાનંદ બાપુની જગ્યા પાસે મારુતિ ફ્રન્ટી લઈને પસાર થઈ રહેલા મેતા ખંભાળિયાના કાંતિભાઈ ગોગનભાઈ ગોદાણી (ઉ. ૬૩) ને પૂરપાટ ઘસી આવેલા અજાણ્યા આઈસર ચાલકે હડ ફેટે લેતા સર્જાયેલ અકસ્માતમાં મારુતિ ફ્રન્ટીનો ભાંગીને ભૂકો બોલી ગયો હતો. જ્યારે કારચાલક કાંતિભાઈનું ગંભીર બીજાને કારણે કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કાંતિભાઈના મૃત મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો બનાવની કરુણતા તો એ છે કે આવતીકાલે કાંતિભાઈ અને તેનો પરિવાર તેમની માતાનુ અઠવાડિયા પહેલા અવસાન થયું હોય અસ્થિ પધરાવા જુનાગઢ જવાના હતા કાંતિભાઈ મારુતિ ફ્રન્ટી માં ગેસ પુરાવા દેરડી ગયા હોય પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો.

મૃતક કાંતિભાઈ મેતા ખંભાળિયામાં પાનનો ગલ્લો ચલાવતા હતા અને ખેતી પણ કરતા હતા.તેમને સંતાનમાં ત્રણ પુત્રો હોવાનું જાણવા મળેલ છે. બનાવ અગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

## સ્વામિત્વ યોજનાની યોગ્ય કામગીરી ન થતા...

# ગોંડલઃ ભોજપરા ગામ સરપંચના પતિની આત્મવિલોપનની ચીમકી

### કલેકટર અને એસ.પી.ને કરી રજૂઆત



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

ગોંડલ તાલુકાના ભોજપરા ગામમાં સ્વામિત્વ યોજના અંગે તંત્રએ કામગીરી કર્યા બાદ કરવાની થતી યોગ્ય કામગીરી ન થયાના આક્ષેપ સાથે સરપંચના પતિએ આત્મવિલોપનની ચીમકી આપી છે.ગોંડલ નજીક આવેલા ભોજપરા ગામના સરપંચના પતિ વિપુલભાઈ પરમારે આક્ષેપો સાથે જણાવ્યું હતું કે, ભોજપરામાં થોડા સમય પહેલા સ્વામિત્વ યોજના અંગે સર્વે કર્યો હતો.જેમાં મકાનો અને મિલ્કતોનો સર્વે થાય છે અને તેની માલિકી નક્કી કરવામાં આવે છે.જે રીતે શહેર વિસ્તારમાં સૂચિત કે જૂનવાણી મકાનો-મિલકતોમાં ઈમ્પેક્ટ ફી ભરી કાયદેસર કરી શકાય તેમ આ યોજનામાં જૂની મિલકતો કાયદેસર કરવાનો હેતુ હોય છે.આ કામગીરીના અનુસંધાને ગામમાં પ્રથમ ડ્રોન કેમેરા થકી સર્વે થયો હતો. ત્યાર બાદ પણ જૂના ગામ તળની કેટલીક મિલકત સર્વેમાંથી બહાર રહી ગઈ હતી. આ દરમિયાન ગ્રામજનોને યોજના અંતર્ગત નોટિસ બજવણી કરવાની થતી હોય તે પ્રક્રિયા કરવા ગ્રામજનો સાથે બેઠક થઈ પણ ગ્રામજનો સર્વેમાં ક્ષતિના કારણે હવે આગળની પ્રક્રિયા કરવા તૈયાર નહોતા. બાદમાં અધિકારીઓએ વાત કરી અને ગ્રામજનોને મનાવી યોજનાની માહિતી સમજાવવા તેમજ ક્ષતિઓ દૂર કરવા ખાતરી આપી હતી.જો કે આ યોજનાની કામગીરી પૂર્ણ થતાં હવે ક્ષતિઓ દૂર કરવા અધિકારીઓ તૈયારપૂર્ણ થતાં હવે ક્ષતિઓ દૂર કરવા અધિકારીઓ તૈયાર નથી. વિપુલભાઈએ જણાવ્યું કે,ત્રણ ટર્મથી અમારા પરિવારના સભ્યોને ગ્રામજનો જ સરપંચ ચૂંટે છે.

મારા ભરોસે ગ્રામજનો આ યોજના ગામમાં લાગુ કરવા તૈયાર થયા હતા. હવે તંત્રના અધિકારીઓ ક્ષતિ દૂર કરવા તૈયાર ન હોય, આત્મવિલોપન કરવા કલેક્ટર, રાજકોટ જિલ્લા પોલીસ વડા જાણ કરી છે. તેમજ આત્મવિલોપન કરવા પાછળ સિટી સર્વે , ગોંડલ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીના જવાબદાર કર્મચારીઓની જવાબદારી રહેશે. જો સમસ્યાનો નિકાલ નહીં આવે તો ભોજપરા ગામે આત્મવિલોપન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# રાજકોટઃ મેગા લોક અદાલતમાં અકસ્માત વળતરમાં રૂ. ૧૪.૭૮ કરોડનું વળતર મંજૂર

### ૪૯૦૭૬ પૈકી ૨૨૮૭૨ કેસનો નિકાલઃ ચેક રિટર્ન કેસમાં ૧૬.૩૮ કરોડની રકમનું સમાધાન

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લા મથકે અને તાલુકા મથકોએ તમામ કોર્ટમાં યોજાયેલી વર્ષ ૨૦૨૩ની છેલ્લી રાષ્ટ્રીય મેગા લોક-અદાલતમાં મૂકવામાં આવેલા ૪૯૦૭૬ જેટલા સમાધાનયોગ્ય કેસો મૂકવામાં આવ્યા હતા. જેમાં પૈકી ૨૨૮૭૨ જેટલા કેસોમાં સમાધાન સાધવામાં સફળતા મળી હતી, તે દરમિયાન પણ અકસ્માત વળતરના કેસોમાં કરોડો રૂપિયાનો વળતર મંજૂર કરાયું હતું.

રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ, ન્યુ દીલ્હી ના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે અને તેના ભાગરૂપે ગુજરાત રાજય કાનૂની સેવા સતામંડળ. અમદાવાદના ઉપક્રમે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ, એકઝીક્યુટીવ ચેરમેન અંજારીયા, ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળના મેમ્બર સેકેટરી આર.એ. ત્રીવેદી અને જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, જોલ્લા ન્યાયાલય રાજકોટ ના ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ આર.ટી.વચ્છાણી માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આજ રોજ તા. ૯/૧૨/૨૦૨૩ મેગા લોક અદાલતાનુ ઉદઘાટન જે.ડી.સુથાર , (ઈ/ચા ચેરમેન, જીલ્લા કાનૂની સેવાસતા મંડળ, રાજકોટ), પી.જે.ચોધરી (પ્રિન્સીપાલ સીની.સીવલ જજ) , એચ.એન.નંદાણીયા ( સેક્રેટરી, જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, રાજકોટ) અને રાજકોટ બાર ના પ્રમુખ અને સેકેટરી દવારા દીપ પાગટય કરી લોક અદાલતનું ઉદવાટન કરવામા આવ્યું હતું. જેમા તમામ જયુડીશ્યલ ઓફીસર્સ, કોર્ટના સ્ટાફ મિત્રો, બારના સભ્યો, એમએસીપી બારના સભ્યો, ઈન્સ કંપનીના અધીકારીઓ,બેંકના અધીકારીઓ હાજર રહેલા હતા. રાજકોટ જીલ્લાની તમામ અદાલતોમાં મેગા લોક અદાલતમાં

વિવિધ પ્રકારના પેન્ડીંગ કેસો તથા પ્રિ- લીટીગેશન કેસો મળી કુલ-૪૯૦૭૬ કેસો હાથ પર લેવામાં આવેલા. જેમાંથી મોટર અકસ્માત વળતરના કુલ-૩૫૪ કેસોનો સમાધાન રાહે નીકાલ કર્યા હતા. જેમા રૂમ. ૧૪૭૮૩૧૦૦૦ જેટલી

રકમનુ સમાધાન કરવામાં આવ્યું હતું. તેમજ ચેક રીર્ટનાના કુલ-૩૦૧૮ કેસોનો નિકાલ કરી જેમા રૂ. ૧૬૩૮૮૬૦૮૭ જેટલી રકમનું સમાધાન થયેલ તેમજ લગ્ન વીષયક તકરારર અંગેના -૧૯૯ કેસોમાં સમાન રાહે નીકાલ થયેલ. વધુમા આજ રોજ પ્રિ લીટીગેશન તથા ઈ-મેમો સાથેના કેસો કુલ- ૧૪૦૩૬ કેસોનો પ્રિ- લીટીગેશનનમાં નીકાલ થયેલ છે જેમાં કુલ રૂમ. ૨૬૩૩૮૯૯૦ / - જેટલી સ્કમનુ સમાધાન થયેલ. આમ આજના દીવસે આ તમામ કેસો મળી કુલ-૪૬૬૯ પેન્ડીંગ કેસો તથા પ્રિ લીટીગેશન કેસો કુલ ૧૪૦૩૬ કેસોનો નીકાલ થયેલ છે. આમ, આજ રોજ યોજાયેલ લોક અદાલતમાં પણકારો તરફથી ઘાણ સારો પ્રતિસાદ મળેલ છે. મોટી સંખ્યામાં કેસીનો નીકાલ થયેલ છે. જેથી ભવિષ્યમા યોજનાર લોક અદાલતોમાં પક્ષકારોને સહિય ભાગ લેવા જાનુરોધ છે.

વધુમા સ્પેશીયલ સીટીંગમાં કુલ-૪૦૨૫કેસીનો નીકાલ થયેલ છે. આમ, આજ રોજ લોક અદાલતના દીવસે કુલ-૪૬૬૯ પેન્ડીંગ કેસીની, પ્રિ- લીટીગેશનના ૧૪૦૩૬કેસો તથા સ્પેશીયલ સીટીંગના કુલ ૪૦૨૫ તથા ફેમીલો કોર્ટના કુલ-૧૪૨ કેસોનો નિકાલ થયેલ છે. આમ આજરોજ લોક અદાલતમાં કુલઃ- ૨૨૮૭૨ કેસોની નીકાલ થયો છે.

# મોરબીઃ માળીયાના માણાબા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ગ્રામજનોએ કર્યું સ્વાગત

## ધારાસભ્ય કાંતિલાલ અમૃતીયા હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં વિવિધ યોજના લાભ લેતા લાભાર્થી





**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી જિલ્લાના માળિયા મીયાણા તાલુકાના માણાબા ગામે સરકારી પ્રાથમિક શાળામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ પહોંચ્યો માળીયા મીયાણા તાલુકાના માણાબા ગામના ગ્રામજનો અને આગેવાનોએ સ્વાગત કરી આવકાર સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથના માધ્યમથી વધુ માહિતી પ્રાપ્ત કરી માળીયા તાલુકાના દરેક ગ્રામ પંચાયતની હદમાં હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી અને ગુજરાત રાજ્ય મંત્રી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રજા લક્ષી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓના લાભ ગ્રામ્ય વિસ્તારના લોકો લઈ શકે તે માટે દરેક શહેર જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વિકસિત ભારત સંકલન યાત્રાનો રથ માળિયાં તાલુકા પંથકના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારની મતદાર પ્રજાને સરકારી યોજના અંગે માર્ગદર્શન સાથે ડિજિટલ યુગમાં ઝડપી વિવિધ યોજનાઓના લાભ લોકો લઈ શકે એવા માર્ગદર્શન સાથે કાર્યક્રમ અંતર્ગત માળીયા મીયાણા તાલુકાના માણાબા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ રથ શાળા ખાતે પહોંચતા સમગ્ર માણાબા ગામના આગેવાનો અને ગ્રામજનો એ આવકાર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું અને રથમાં જોડાયેલા મોરબી માળિયા ના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા અને મણિલાલ સરડવા સહિતના કાર્યકરો હોદ્દેદારો અને સરકારી અધિકારી તેમજ આયોજકોનુ માણાબા ગામના સરપંચ ઉપસરપંચ અને પંચાયત બોડીના સભ્યો અને વિદ્યાર્થીઓ દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું

## સરકારી યોજનાઓ થકી લોક કલ્યાણનો વ્યાપ એટલે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" પૂર્વ મંત્રી બ્રીજેશ મેરજા



મોરબી તાલુકા ના લક્ષ્મીનગર ગામ ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવાના હેતુસર શરૂ થયેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" નુ ગામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું આ કાર્યક્રમ મા વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું લાભાર્થીઓને વિતરણ કર્યુ તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો તથા કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ મંત્રી બ્રીજેશભાઈ મેરજા તેમજ જીલ્લા મહામંત્રી કે એસ અમૃતિયા ,મોરબી તાલુકા ભાજપ પ્રમુખ અરવિંદ ભાઈ વાસદડીયા ,મોરબી તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ દેસાઈ ,તાલુકા પંચાયત સભ્ય હર્ષદભાઈ,તાલુકા વિકાસ અધિકારી પી એસ ડાંગર ,તાલુકા શિક્ષણ અધિકારી ગરચર ભાઈ , હંસરાજભાઈ પાચોટીયા, બાલકૃશણભાઈ, વિઠલભાઈ, લવજી ભાઈ ભંખોડીયા, દુર્લભજી ભાઈ સિતાપરા એ ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા હતા સરપંચ , તલાટી મંત્રી ,અધિકારીઓ તેમજ ગ્રામ્યજનો ઉપસ્થિતી મા ખેતર માં ખેડુતો ની રુબરુ ડ્રોનથી દવા છંટકાવ માટે નિદર્શન કરાયુ તેમજ ડ્રોન થી દવા છંટકાવ ના લાભો જણાવ્યા હતા.

### જુની પેન્શન યોજના અમલ અને પડતર પ્રશ્નોના ઉકેલ માટે

# મોરબીઃ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીક સંઘની પદયાત્રા તથા મહાપંચાયતમાં બહોળી સંખ્યામાં શિક્ષકો જોડાયા

## સરદાર બાગથી સામાકાંઠા વિસ્તારના કેસર બાગ સુધી યોજાય પદયાત્રા





**અબતક, ઋષિ મહેતા, મોરબી**

રાષ્ટ્રીય સંયુક્ત મોરચો મોરબી આયોજિત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની જૂની પેન્શન યોજનાના અમલ સહીત પડતર પ્રશ્નોના ઉકેલ માટે આ પદયાત્રા અને મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાર જીલ્લાના એટલે કે મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છ જીલ્લાના શિક્ષકો આ પદયાત્રા અને મહા પંચાયતમાં બહુ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

આ તકે રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના શિક્ષકો સહિતના અન્ય વિભાગના કર્મચારીઓ છેલ્લા બે વર્ષથી જૂની પેન્શન યોજના પુનઃલાગુ કરવા સહિતના અનેક પ્રશ્નો માટે લડત ચલાવી રહ્યા છે.છેલ્લે વિધાનસભાની ચૂંટણી પહેલા સરકાર દ્વારા બનાવેલી પાંચ મંત્રીઓની કમિટીએ કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા માટેનો સૈદ્ધાંતિક સ્વીકાર પણ કરેલ હોવા છતાં આજદિન સુધી ઠરાવ બહાર પાડેલ ન હોય. જે સંદર્ભે બીજી ઓક્ટોબરના ગાંધીજયંતીના રોજ સમગ્ર રાજ્યમાં મૌન રેલી અને ધરણાનું આયોજન કરેલ હતું. ત્યારબાદ જિલ્લા સંગઠન દ્વારા તમામ સાંસદ,ધારાસભ્યો, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ભાજપ સંગઠનના પ્રમુખોને આવેદનો આપવાના કાર્યક્રમો યોજાયો અને ઘણા બધા રાજનેતાઓએ કર્મચારીઓના સમર્થનમાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને ભલામણ પત્રો સમર્થન પત્રો પણ લખી આપેલ છતાં આજદિન સુધી સરકાર દ્વારા કોઈ નક્કર કામગીરી થયેલ ન હોય

ત્યારે જૂની પેન્શન યોજના અને બીજા પડતર પ્રશ્નોને લઇ સમગ્ર રાજયમાં કુલ ૧૧ સ્થાનોની સાથે મોરબી જિલ્લામાં પણ પદયાત્રા અને મહા પંચાયતનું આયોજન કરવામાં આવેલ જેમાં મોરબીના સરદારબાગ ખાતે બપોરે ૩.૦૦વાગ્યે કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના શિક્ષકો સહિતના અન્ય તમામ વિભાગના કર્મચારીઓ ખુબજ મોટી સંખ્યામાં નવા બસ સ્ટેન્ડની બાજુમાં સરદારબાગ ખાતે એકત્ર થયા ત્યાંથી જુદી જુદી મંગના પ્લેકાર્ડ હાથમાં ધારણ કરી મૌન રેલી સ્વરૂપે પંચમુખી હનુમાનજી મંદિર મોરબી-૨ ખાતે પહોંચ્યા હતા ત્યાં મહાપંચાયત યોજવામાં આવી હતી.

આ મહા પંચાયત સમક્ષ શિક્ષકોએ તમામ કર્મચારીઓ સમક્ષ સત્વરે ઓપીએસ લાગુ કરવા,શિક્ષકોને બી.એલ.ઓ. જેવી બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ આપવા, એચ.ટી.એ.ટી. મુખ્ય શિક્ષકોના નિયમો સત્વરે બહાર પાડી બદલી કેમ્પ યોજવા, એચ.ટી.એ.ટી. ભરતી કેમ્પમાં મન પસંદ જગ્યા ન મળતા જેમને અસંમતી આપેલ હોય, રાજીનામું આપેલ હોય એવા શિક્ષકોના નિયમ મુજબ ઉપધો મંજુર કરવા, ફિક્સ પગારમાં નિમણુંક પામેલ માતૃશકિત બહેનોને પ્રસુતિ સબબની રજા કપાત રજા ગણવી નહિ અને નિમણુંક તારીખથી નિયમ મુજબ ઉપધો મંજુર કરવા વગેરે રજૂઆતો મહા પંચાયત સમક્ષ કરી હતી, મહા પંચાયતે આવેદનપત્ર તૈયાર કરી કલેકટર મારફત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવેદનપત્ર અર્પણ કર્યા હતા.

# મોરબીઃ પૈસાની લેતીદેતીનો ખાર રાખી યુવક ઉપર ચાર શખ્સોનો હુમલો

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબીના ઘુંટુ રોડ ઉપર રૂપિયા લેતીદેતીની બાબતનું મનદુઃખ રાખી ચાર શખ્સો દ્વારા યુવકને બેફામ ગાળો આપી કુહાડી, લાકડી વડે હુમલો કરી મારી નાખવાની ધમકી આપ્યાની મોરબી તાલુકા પોલીસ સ્ટે.માં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી ૨ ત્રાજપર ગામે રહેતા ઉમેશભાઇ દીનેશભાઇ સનુરા ઉવ-૨૩ એ આરોપી મહાદેવભાઇ કોળી રહે.રાયધ્રા, રમેશભાઇ, વિષ્ણુભાઇ તથા પલ્લાભાઇ રહે.રાયધ્રા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આરોપી મહાદેવભાઈને ફરિયાદી ઉમેશભાઈના મિત્ર ધર્મેશભાઇ મેરની સાથે રૂપિયાની લેતીદેતી બાબતે મનદુઃખ હોય જેનો ખાર રાખીને ફરિયાદી ઉમેશભાઈ કામ સબબ મોરબી તાલુકાના જુના ઘુંટુ રોડ ઉપર જતા હોય ત્યારે રસ્તામા આરોપીઓ પોતાની ફોરવીલ કાર નં-જીજે-૧૩-એન-૩૪૪૪ વાળીમા આવીને તેના મિત્ર ધર્મેશને રૂપિયા આપી દેવા જણાવીને બેફામ ગાળો આપતા હોય જે ગાળો દેવાની ના પાડતા આરોપીઓ એકમદ ઉશ્કેરાઈને ઉમેશભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપીને કુહાડી મારેલ હોય જેમા ઉમેશભાઈને કાનની નીચે ટાંકા જેવી ઇજા પહોચાડી તથા સાથેના અન્ય આરોપીઓએ ઉમેશભાઈને લાકડી દેખાડીને નાશી ગયાની ફરિયાદ નોંધસવતાં પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીઃ રિક્ષામાં અશ્લીલ હરકતના વિડીયો વાયરલથી ચકચાર

## પોલીસે યુવક-યુવતિની ઓળખ મેળવી બંને સામે નોંધાયો ગુનો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીમાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં પાર્ક કરેલી રીક્ષામાં અંદર અશ્લીલ હરકતો કરતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો આ વીડિયો મોરબીના સરદારબાગની સામે જાહેર જગ્યાનો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવ્યું હતું. જ્યાં પાર્ક કરેલી રિક્ષામાં એક યુવતી અને એક યુવક ઉત્તેજના સાથે અશ્લીલ હરકતો કરતા હોવાનો વીડિયો વાઈરલ થતા મોરબી પોલીસે તાત્કાલિક વીડિયોમાં દેખાતા યુવક અને યુવતીની ઓળખ મેળવી તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

ઉપરોક્ત વાઈરલ વીડિયોમાં અશ્લીલ હરકતો કરતા સ્પષ્ટપણે દેખાતા યુવક સંદીપભાઈ ઉર્ફે સુનીલ ધીરૂભાઇ પેથાણી ઉવ.૩૮ રહે.મોરબી-૨ વિધુતનગર ગરબીચોકની બાજુમા સામાકાંઠે તથા યુવતી( અમે નૈતિકતાના કારણે યુવતીનું નામ લખેલ નથી) ઉવ.૨૮ રહે. નવલખી રોડ ઉપર આવેલ સોસાયટીમાં ની મોરબી આ ડિવિઝન પોલીસ મથકમાં બંને સામે આઈ.પી.સી કલમ-૨૯૪, જી.પી.એક્ટ કલમ.૧૧૦,૧૧૭ મુજબ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હળવદઃ ટાટાનું નકલી મીઠું પેકીંગ કરવાનું રેકેટ ઝડપાયું

## સોલ્ટ એસોસીએશનના પૂર્વ પ્રમુખના કારખાનામાંથી કૌભાંડ ઝડપાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ જીઆઈડીસીમાંથી પ્રખ્યાત ટાટા કંપની જેવા ભળતા નામે નકલી નમક પેકીંગ કરવાનું કૌભાંડને ઝડપી પાડવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, હળવદ જીઆઈડીસીમાં ટાટા કંપનીના અધિકારી રોહીતકુમાર ઉર્વેશકુમાર કર્ણાવતે બાતમીને આધારે હળવદ સોલ્ટ એસોસીએશનના પૂર્વ પ્રમુખ એવા આરોપી ગોપાલભાઈ બાબુલાલ ઠક્કર, શિવમ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાં પોલીસને સાથે રાખી તેમની ટાટા સોલ્ટ પ્રોડક્ટના ભળતા નામે ટાટા સોલ્ટ કંપનીના પ્લાસ્ટીકના પ્રીન્ટેડ વીથ SUPER GOLD Salt લખેલ ટાટા કંપનીના લોગો તથા કલર તથા ડીઝાઈન સાથે ભળતા સામ્યતા ધરાવતા રોલ નંગ ૧૦૦ કી.રૂ. ૩૦૦૦૦ તથા મીઠાની ખાલી બેગ ૨૦૦૦૦ કિંમત રૂપિયા ૩૦૦૦૦ મળી કુલ ૬૦૦૦૦ નો મુદામાલ કબ્જે કરી હળવદ પોલીસ મથકમાં કોપીરાઈટ એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી હતી. હળવદ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### મગફળી-કપાસના સારા ભાવ આવતા

# જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં કપાસ-મગફળીની ગાડીઓની લાગી કતાર



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં કપાસ મગફળી વગેરે જણસીના ભાવો સારા આવતા તેમજ માર્કેટીંગ યાર્ડ તંત્ર દ્વારા જણસી વહેચવા આવતા ખેડૂતોને અગવડતા ન પડે તે માટે સુચારૂ વ્યવસ્થાને કારણે જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં વિવિધ તાલુકામાંથી જણસી વહેચવા ખેડૂતો ઉમટી પડે છે. જામજોધપુર માર્કેટીંગ યાર્ડ કપાસ તથા મગફળીથી ઉભરાય ગયું હતું.

કપાસ મગફળી, વહેચવા આવત્તા વાહનનોની લાંબી કતારો લાગી હતી.

# મોરબીઃ ખેડૂતને રાજકોટના મહાઠગે ૭૮.૬૧ લાખનો ચૂનો ચોપડ્યો

## ખેડૂતને સસ્તામાં મોબાઈલ, ફ્લેટ, કાર, પુત્રને એપલ કંપનીમાં નોકરીની લાલચ આપી ઠગાઈ આચરાય

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી)ના લક્ષ્મીવાસ ગામના ખેડૂત સાથે મૂળ રાજકોટનો રહેવાસી અને હાલ મોરબી મોબાઈલ શોપમાં નોકરી કરતા શખ્સે સસ્તામાં મોબાઈલ, ફ્લેટ, કાર તેમજ ખેડૂતને રાજકોટ ખાતે કપડાના શો રૂમમાં ભાગીદારી તથા ખેડૂતના દીકરાને એપલ કંપનીમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી કુલ રૂ.૭૮.૬૧ લાખની ઠગાઈ કરી હતી. તદુપરાંત આર.બી.આઈ. અને ઈન્કમટેક્ષના બનાવટી લોગો વાળા દસ્તાવેજી પુરાવા બનાવી તેની પતાવટમાં પણ ખેડૂત પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી કરી સમગ્ર ઠગાઈને અંજામ આપ્યો હતો.

ઉપરોક્ત ઠગાઈ કેસની પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી જીલ્લાના માળીયા(મી) તાલુકાના લક્ષ્મીવાસ ગામના ખેડૂત મનસુખભાઈ છગનભાઈ કાવરે આરોપી હર્ષ દિનેશભાઇ દવે રહે. રાજકોટ, બેડીનાકા પાસે સોની બજાર કરશનજી મુલચનજીવાળી શેરી વિરુદ્ધ મોરબી એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે લક્ષ્મીવાસ ગામે રહેતા ખેડૂત મનસુખભાઈની ખેતીની ૧૬ વીઘા જમીન વેચાણ કર્યાની સારી આવેલ રકમમાંથી પોતાના દીકરા માટે નોકરી ધંધાનું અને મોરબીમાં ફલેટ લેવાનું આયોજન કરતા હોય તે દરમિયાન મનસુખભાઈની દીકરીના સંપર્કમા આરોપી મહાઠગ હર્ષ દવે આવેલ હતો

અને આરોપીએ પોતે મુંબઈ એપ કંપનીમાં જોબ કરતો હોય તે નોકરી છોડી દઈ હાલ મોરબીના શનાળા રોડ ઉપર આવેલ જય ટેલિકોમમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરુ છું અને એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે કરી મોબાઈલ ફોન ઉપર તેમજ વોટ્સઅપમાં મેસેજથી વાતચીત કરતા શરુ થયા હતા.

તે બાદ આરોપી હર્ષ દવે દ્વારા પોતાની માયાજાળ પાથરવાનું ચાલુ કરી આરોપી હર્ષ દિનેશભાઇ દવેની નિયતમા ખોટ હોય મીઠીમીઠી વાતો કરી ખેડૂત મનસુખભાઇ તથા તેમની દીકરી તથા દીકરાનો વિશ્વાસ કેળવી સસ્તા ભાવે આઈ.ફોન અપાવી દેવાના બહાને તથા ખેડૂતના દીકરાને એપલ કંપનીમા નોકરી અપાવી દેવાના બહાને તથા ખેડૂતને સસ્તા ભાવે મોરબી ધુનડા રોડ પર ફલોરા-૧૧ એપાર્ટમેન્ટમાં સસ્તામા ફલેટ અપાવી દેવાની વાત કરી ૪૮ લાખ રૂપિયા કટકે કટકે રોકડા, પોતાના બેંક ખાતા, આરટીજીએસ દ્વારા ઉપરોક્ત ફ્લેટની રકમના બહાને લઈ લીધા હતા.

ત્યારબાદ વધુ રૂપિયાની લાલચે ફરી આ મહાઠગે વધુ એક યોજના બનાવી હતી, જેમાં ફલેટની કિ.રૂ. ૬૩ લાખ છે પણ તમારા તરફથી રૂ. ૪૮ લાખ ટ્રાન્સફર થયેલ છે તેનો આર.બી.આઇ ખુલાશો પુછે છે તેવો કોઈ અન્ય વ્યક્તિ પાસે ફોન કરાવી તેની પતાવટ કરવી પડશે તેવુ બહાનુ કરી, તેમજ ફરિ. સાથે છેતરપીંડી કરવા અને નીકળે તેટલા વધારે રૂપિયા પડાવવાના આશયથી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટનુ ચીહ્ન કોમ્પ્યુટર પર એડીટીંગ કરી બનાવી ઈન્કમટેક્ષ વિભાગના સીક્કા વાળી ખોટી નોટીસ બનાવી, ખોટો દસ્તાવેજ બનાવી ફરિ.ને વોટસએપ મારફતે મોકલી તે નોટીસ ફાઈલ કરાવવી પડશે તેનો વહિવટ કરવો પડશે તેવુ બહાનુ કરી તેમજ આરોપીએ આર.બી.આઇ.ના સાહેબે મને પકડી લીધેલ છે તેની પતાવટના રૂપીયા આપવા પડશે તેવુ બ્હાનુ કરી તેમજ ક્રેટા કારના ગુગલ પરથી ફોટાઓ ડાઉનલોડ કરી તે ફોટા ફરિ.ને વોટસએપથી મોકલી આ કાર સસ્તામા અપાવી દેવાની લાલચ આપી તેમજ આરોપીએ પોતાની માતા બીમાર છે. એવા જુદાજુદા બ્હાના કરી, ખેડૂત પાસેથી કુલ રૂ. ૭૮,૬૧,૦૦૦/- મેળવી લઈ પોતાના અંગત ફાયદા સારૂ આ રકમ વાપરી નાખી ઓળવી જઈ વિશ્વાસઘાત-છેતરપીંડી કર્યાની ફરિયાદ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે સમગ્ર બનાવ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# મોરબીઃ વેપારીના બાઈકની ઉઠાંતરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના મંગલભુવન વિસ્તારમાં આવેલ જલારામ પેલેસ બ્લોક નં ૨ માં રહેતા વેપારી વિનોદભાઈ કિશોરભાઈ ભારવાણી ઉવ.૪૫ એ કોઈ અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા. ૨૪/૧૧ ના રોજ જલારામ પેલેસ એપાર્ટમેન્ટની બહાર પાર્કિંગમાંથી હોન્ડા કંપનીના મોટરસાયકલ નં જીજે-૦૩-એચજે-૬૩૪૬ જેના એન્જીન નં JC36E73940042 તથા ચેસીસ નં ME4JC36NAF7261793ની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયો હોય જેવી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી છે.

# મોરબીઃ બુલેટમાં વિદેશી દારૂની ડિલીવરી કરવા નીકળેલો એક ઝડપાયો

## ચાલક નાસી છૂટ્યો, સપ્લાયરનું નામ ખુલ્યું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન આલાપ રોડ સાયન્ટીફીક વાડી નજીક વોકળા પાસે શંકાસ્પદ હાલતમાં બુલેટ બાઈક ઉપર બે યુવાનો સમીરભાઈ ગુલામહુસેન સુમરા ઉવ.૨૨ રહે. મોરબી વજેપર શેરી નં ૮ તથા અમિતભાઈ મોહનભાઈ ગજરા ઉવ.૨૪ રહે. મોરબી વજેપર શેરી નં ૩ નીકળતા તેને રોકવા જતા બુલેટ ચાલક સમીર સૂમરાએ પોતાનું બુલેટ થોડે આગળ જઈ ઉભું રાખી બુલેટ મૂકી અંધારામાં બાવળની કાટમાં નાસી ગયો હતો. બીજીબાજુ બુલેટની પાછળ બેઠેલ અમિત ગજરાની તલાસી લેતા તેના પાસેથી વિદેશી દારૂની બ્લેન્ડર પ્રાઈડની એક બોટલ મળી આવેલ હતી. ત્યારે અમિત ગજરાની પ્રાથમિક પૂછપરછમાં આ વિદેશી દારૂની બોટલ મોરબીના કાલીકા પ્લોટમાં રહેતા અસ્લમ સલીમભાઈ ચાનીયા પાસેથી મેળવેલ હોવાનું જણાવતા તેની અટક કરવામાં આવી હતી. સાથે પોલીસે દારૂની બોટલ, બુલેટ મો.સાયકલ રજી. જીજે-૧૨-સીક્યુ-૯૬૩૮ સહિતનો મુદામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુન્હો દાખલ કરી આગળની તપાસ ચાલુ કરી છે.

## ઈન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલમ્પિયાડમાં

# ધોરાજી: પાટણવાવના રૂદ્ર પેથાણીને મળ્યા પાંચ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ



**અબતક,ભોલાભાઈ સોલંકી ધોરાજી**

ધોરાજી તાલુકાનાં મૂળ પાટણવાવ ગામનાં રૂદ્ર પેથાણીએ તાજેતરમાં તા. ૦૧ થી ૦૮ ડીસેમ્બર સુધી બેંગકોક, થાઈલેન્ડ ખાતે યોજાયેલ ૨૦મી ઈન્ટરનેશનલ જૂનિયર સાયન્સ ઓલમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતી ભારતનો ડંકો વગાડ્યો છે. આ સ્પર્ધામાં ભારતને ૦૫ ગોલ્ડ મેડલ અને ૦૧ સિલ્વર મેડલ પ્રાપ્ત થયો છે.

આ ઓલમ્પિયાડ માટે ભારતમાંથી ૦૬ વિદ્યાર્થીઓનું સિલેકશન થયું હતું, જેમાં રૂદ્રને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થતાં પરિવારમાં ખુશી છવાઈ છે.

આ તકે ગામના સરપંચ પ્રવિણભાઈ પેથાણીએ રૂદ્રને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આ ખુશીની ક્ષણ પેથાણી પરીવાર તથા ભારત માટે ગૌરવવંતી ક્ષણ છે. રૂદ્રએ તેના પિતા ડો.કૌશિક પેથાણી તથા માતા ડો. હીના પેથાણી અને સમગ્ર પરિવારની સાથે સાથે પાટણવાવ, ગુજરાત અને ભારતનું નામ દુનિયાભરમાં રોશન કર્યુ છે.

ઉલ્લેખનિય છે કે, હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન ઓલિમ્પિયાડ કાર્યક્રમ માટે દેશનું નોડલ કેન્દ્ર છે, જે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સ્પર્ધા માટે ૧૩ થી ૧૫ વર્ષ વચ્ચેના વિદ્યાર્થીઓની ભારતીય ટીમ પસંદગી કરી તાલીમ આપે છે. આ સ્પર્ધામાં જુદા જુદા ૫૪ દેશોમાંથી ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધર્મેન્દ્ર બાબરીયા ધોરાજી ૯૮ ૯૮ ૭૦ ૧૭ ૭૪.

# કાલાવડના પાતા મેઘપર ગામે યોજાયો વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ

## ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા સહિતના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

**અબતક,રાજુ રામોલીયા, કાલાવડ**





કાલાવડ તાલુકાના પાતામેઘપર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નિકાવા જિલ્લા પંચાયત સીટના પ્રભારી શ્રી ભાવેશભાઈ વિરડીયાએ આમંત્રિત મહેમાનોનું શબ્દ દ્વારા સ્વાગત કરી કાર્યક્રમની આછેરી માહિતી આપી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો તેમજ લાભાર્થીઓને કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. ખેતીવાડી ખાતા દ્વારા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાતામેઘપર પ્રાથમિક શાળાના રમતગમત તેમજ વિવિધ ક્ષેત્રમાં તાલુકા તેમજ જિલ્લા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જામનગર જિલ્લા ભાજપ મહામંત્રી અભિષેકભાઈ પટવાએ ભારત સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ થકી દેશના વિકાસની માહિતી આપી હતી. ૭૬, કાલાવડનાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી લોકોને જાગૃત કર્યા હતા. ગ્રામજનો તેમજ આમંત્રિત મહેમાનો દ્વારા વિકસિત ભારત સંકલ્પને સિદ્ધ કરવા માટેના શપથ લીધા હતા. ત્યારબાદ ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વર્ચ્યુઅલનાં માધ્યમથી લાભાર્થીઓ સાથે લાઈવ સંવાદ નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં કાલાવડ તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરિયા, જામનગર જિલ્લા પંચાયતનાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતિ ગોમતીબેન ચાવડા, જામનગર જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ ગાંડુભાઈ ડાંગરિયા તાલુકા પંચાયતના પ્રમુખ ચંદ્રિકાબેન પાનસુરીયા, જામનગર જિલ્લા યુવા ભાજપના પ્રમુખ ભૂમિતભાઈ ડોબરીયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ એમ.પી. ડાંગરિયા,

સહિતના આગેવાનો, કાર્યકરો, વિવિધ વિભાગના કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણ: સર્વજ્ઞાતી સમુહ લગ્નમા ૧૫૧ દિકરીઓને સાસરે વળાવાશે

## કોરોનામા નિરાધાર સંતાનોને પ્રથમ પ્રાધાન્ય અપાશે: મંત્રી કુંવરજીભાઈ



**અબતક, કાળુ રાઠોડ, જસદણ**

જસદણ અને વિછીયા માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન કમિટી ની મીટીંગ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ની અધ્યક્ષતામાં મળી હતી જેમાં ૧૫૧ દીકરીના સમૂહ લગ્ન આગામી બીજી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે યોજાશે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નમાં જોડાવા માટે જસદણ શહેર માં આવેલ કેબિનેટ મંત્રી કુવરજીભાઈ બાવળીયા સાહેબના જન સંપર્ક કાર્યાલયથી તારીખ ૧૧ ડિસેમ્બરના રોજ મળશે તેમ જ વિછીયા ખાતે આવેલ જન સંપર્ક કાર્યાલયથી ફોર્મ મેળવી શકાશે તેમજ આટકોટ સાણથલી કમળાપુર ભાડલા છે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નના ફોરમ મેળવી શકાશે આ આયોજનમાં જસદણ અને વિછીયા પંથકમાં આવેલ સર્વ જ્ઞાતિ આગેવાનોની સહમતિ તેમજ જસદણ અને વિછીયા પંથકમાં દરેક સમાજમાં સમરસતાનું વાતાવરણ ઊભું થાય અને દરેક સમાજમાં ભાઈચારો વધે તેવા હેતુ તેમજ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે કોરોના કાળમાં જે કોઈ બાળકોએ માતા-પિતાની છત્ર છાયા ગુમાવી છે તેવા નિરાધાર યુગલોને પ્રથમ પ્રાધાન્ય આ સમૂહ લગ્નમાં આપવામાં આવશે

# બગસરા: એસ.ટી. ડેપોમાં દારૂડિયાના ત્રાસથી લોકો પરેશાન

**અબતક,સમીર વિરાણી, બગસરા**



બગસરા એસટી ડેપોમાં પીધેલા ખેત મજુર દારૂડિયા નો ત્રાસ દિન પ્રતિ દિન વધતો જાય છે ત્યારે હમણાં જ બગસરા બસ સ્ટેન્ડમાં એવો કિસ્સો સામને આવ્યો હતો કે બગસરા બસ સ્ટેન્ડમાં એક ખેત મજૂર દારૂ પીને ખેલ કરતો હતો ત્યારે ત્યાંના પેસેન્જર ની સાથે રમતે ચડ્યો હતો ત્યારે વધુ પડતી હેરાનગતિ કરવાથી ત્યાં ઉભેલા જીઆરડી જવાનો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ તે પીધેલ ને લઈ ગઈ હતી અને આવું તો અનેક વાર બન્યું છે ત્યારે બગસરા ટાઉન પોલીસ જમાદારને આ બાબતે નોંધ લઈ અને બસ સ્ટેન્ડ તરફ પેટ્રોલિંગ વધુ કરવા લોકોની માંગ ઉઠી છે જેથી આમ પબ્લિક અને વેપારીઓને બસ સ્ટેન્ડમાં મુસાફરી કરવા માટે અવરજવર કરવા માટે તકલીફનો સામનો ન કરવો પડે તેવી આમ જનતાની માંગણી ઉઠી છે.

# ઉપલેટા: પોસ્ટ ઓફિસની ફરિયાદો-સમસ્યાઓથી નાગરિકો ભારે પરેશાન

## ટિકિટ અને રજી. એડી. પોસ્ટ સહિત અનેક સમસ્યા

**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટાની મુખ્ય પોસ્ટ ઓફિસ એટલે કે ઉપલેટા લાટી પ્લોટની એકમાત્ર પોસ્ટ ઓફિસમાં નાગરિકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હોવાનું સામે આવ્યું છે. અહીંયા છેલ્લા ઘણા સમયથી નાગરિકોના જણાવ્યા પ્રમાણે ફરિયાદોનું લિસ્ટ અને સમસ્યાઓની બાબતો દિન-પ્રતિદિન વધતું હોવાનું પણ માલૂમ પડી રહ્યું છે. આ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી ટિકિટોની સમસ્યા હોવાનું નાગરિકોએ જણાવ્યું છે. આ ઉપરાંત નાગરિકો દ્વારા મોકલવામાં આવતી રજીસ્ટર એડી પોસ્ટની રજીસ્ટર એડીની કાપલીઓ પણ નાગરિકોને ભાગ્યે જ મળે છે અને જે લોકોને મળે છે તેમને પણ બહુ મોડી અને સમયસર મળતી નથી જેથી કરીને સમસ્યાઓ દિન-પ્રતિદિન વધતી હોવાનું સામે આવ્યું છે. અહીંયા આવતા ઘણા નાગરિકોની એવી પણ ફરિયાદો ઉઠી છે કે તેમને આવતી માસિક કે અન્ય મેગેઝીનનો પણ સમયસર મળતી નથી ત્યારે આ બાબતે નાગરિકો દ્વારા અનેક રજૂઆતો અને ફરિયાદો પણ કરાય હોવાનું પણ નાગરિકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઉપલેટા શહેરની અંદર ભૂતકાળની અંદર જે પોસ્ટ ઓફિસો હતી એમાંથી માત્ર હવે એક લાટી પ્લોટ પોસ્ટ ઓફિસ વધી છે જે ઉપલેટા શહેરની મુખ્ય પોસ્ટ ઓફિસ તરીકે કાર્યરત છે. આ પોસ્ટ ઓફિસની અંદર છેલ્લા ઘણા સમયથી ટિકિટ માટેની સમસ્યાઓ ઉદભવી રહી છે જે બાબતે નાગરિકો દ્વારા રજૂઆતો અને ફરિયાદો પણ કરવામાં આવે છે પરંતુ નાગરિકોની સમસ્યા અને ફરિયાદોનું નિરાકરણ ન આવતા નાગરિકોમાં તંત્ર પ્રત્યે રોષ અને નારાજગી જોવા મળી રહી છે. આ ઉપરાંત સમસ્યાઓને લઈને વિભાગ દ્વારા કોઈ નક્કર પગલા છે નકર કાર્યવાહી નહીં કરવામાં આવતી હોવાની પણ રાવ નાગરિકો કરી રહ્યા છે ત્યારે જોવાનું એ રહ્યું કે ઉપલેટા શહેરની એકમાત્ર પોસ્ટ ઓફિસની સમસ્યા માટે તંત્ર જાગે છે કે પછી આંખ આડા કાન કરીને નાગરિકોને પડતી સમસ્યાઓને અવગણીને પોતાની જવાબદારીમાંથી છટકે છે તે જોવાનું રહ્યું છે.

# જામકંડોરણા ખાતે અદ્વેત હોસ્પીટલનું ઉદ્‌ઘાટન કરતા ધારાસભ્ય જયેશભાઇ રાદડીયા

**અબતક, રાજકોટ**



જામકંડોરણાના બાલાજી ચોક, સહકારી મંડળી સામે અદ્વેત હોસ્પીટલનો પ્રારંભ યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. જેમાં ડો.અનિરૂધ્ધ રાઠોડ, ડો.મિતલ ચાવડા તથા ડો.લલીત વાઢેર દ્વારા હરસ મસા, ભખંદર, એપેન્ડીક્સ, પેટ આંતરડા, લીવર, પથરીનો દુઃખાવો, સારણ ગાંઠ સહિત સુવિધાનું સચોટ નિદાન કરવામાં આવશે.

આ તકે આહિર અગ્રણી લખમણભાઈ વસરા, ચંદુભા ચૌહાણ, ગોવિંદભાઈ રાણપરીયા, વિઠ્ઠલભાઈ બોદર, જસમતભાઈ કોયાણી, હિરેનભાઈ વસરા, ધ્રુપાલસિંહ જાડેજા, સિધ્ધરાજસિંહ જાડેજા, પ્રવીણભાઈ લાખાણી, રાજેશભાઈ ડાંગર, હિરેનભાઈ બાલધા સહિત આજુબાજુ ગ્રામ્ય વિસ્તારના સરપંચો, મંડળીના પ્રમુખો, હોદ્દેદારો સહિતના લોકો હાજર રહેલ હતા.

પધારેલા તમામ લોકોને દિલીપભાઈ ચાવડા, હરેશભાઈ બોરીચાએ આવકારેલ હતા.

# જૂનાગઢ મુસ્લીમ બિઝનેશ મીટમાં ધોરાજીના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ



**અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી**

ધોરાજી જુનાગઢ મુસ્લિમ બિઝનેસ મિટ માં ધોરાજી અંજુમને ઈસ્લામ મેમણ જમાત ના હોદ્દેદારોએ હાજરી આપી ઈમાનદારી અને સખત મહેનત થકી બિઝનેસ કરનાર ની અછત : ઓલ ઈન્ડીયા મેમણ જમાત ફેડરેશન ના વાઈસ પ્રેસીડન્ટ હમીદભાઈ ગોડીલ મંતવ્ય કર્યુ હતુ.

જુનાગઢ ખાતે સમાજ ના આર્થીક વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા ઉદેશ સાથે રિફાહ ચેમ્બર્સ ઓફ કોમર્સ, ઓલ ઈનડીયા મેમણ જમાત ફેડરેશન અને વર્લ્ડ મેમણ ઓરગેનાઈજેશન દ્વારા યોજાયેલ હતુ જેમા ઓલ ઈનડીયા મેમણ જમાત ફેડરેશન ના વાઈસ પ્રેસીડન્ટ અને ધોરાજી મેમણ જમાત ના પ્રેસીડન્ટ હમીદભાઈ ગોડીલ, એનઈસી મેમ્બર નૌશાદ ગોડીલ, આલ ફાર્મા ના એમ ડી સરફરાજ વાધરીયા, અરીબા એનટરપરાઈઝ ના મહેમુદ ઝુણઝુણીયા, મધૂરમ ગ્રુપ ના ઈકરામભાઈ વાધરીયા,અનીશ માકડા, સોહેલ લાકડીયા અને મોહસીન તેલી સહિત અંજુમને ઈસ્લામ મેમણ જમાત ના હોદ્દેદારોએ હાજરી આપેલ અને ધોરાજી મેમણ જમાત ના પ્રમુખ હમીદભાઈ ગોડીલ એ પ્રાસંગીક પ્રવચન કરેલ તેમજ આયોજકો નો આભાર વ્યક્ત કરેલ

# ધોરાજી: એસ.ટી. ડેપો ખાતે શુભ યાત્રા સ્વચ્છ યાત્રા કાર્યક્રમ યોજાયો



**અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી**

ધોરાજી એસ.ટી. ડેપો ખાતે શુભ યાત્રા સ્વચ્છ યાત્રા અંતર્ગત ધરવામાં આવેલ.

જેમાં ધોરાજી આદર્શ સ્કુલના વિદ્યાર્થીઓ ધોરાજી ડેપો ખાતે હાજર રહી શુભ યાત્રા સ્વચ્છ યાત્રા અંતર્ગત રેલી કાઢી અને ડેપો ખાતે બસ સ્ટેશનની સાફ-સફાઈ કરવામાં આવી હતી અને વિદ્યાથર્હીઓ દ્વારા બસમાં મુસાફરી કરેલા મુસાફરોને સ્વચ્છતા જાળવવી તે અંગે અપીલ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ડેપો મેનેજર પુરીબેન એલ. ડાંગર, ટી.આઇ.યુવરાજસિંહ જાડેજા, એ.ટી.આઇ. હરદેવસિંહ વાઘેલા, પ્રકાશભાઈ બી. ગાલોરીયા તથા વિશાલભાઈ, ટી.સી.ડેપોના કર્મચારી અને આદર્શ સ્કુલ ધોરાજીના મીલનભાઈ વાગડીયા, સુરેશ બારીયા ઉપસ્થિત રહેલ હતા.

# ગોંડલ ધંધાની હરીફાઈમા હડમતાળા જીઆઈડીસીના વેપારીને અપાઈ ધમકી

## ટેન્ડર ભરવાનો ખાર રાખી જાન પર જોખમ ઉભુ કરાયાની પુરવઠામંત્રીને રજૂઆત

**અબતક,જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ નજીકના હડમતાળા જીઆઈડીસી માં ચક્કી આટાની ફેક્ટરી ચલાવતા વેપારીને ધંધાની હરીફાઈ માં જુનાગઢ ભાવનગરના વેપારીઓએ ફૂડ કોર્પોરેશન તથા જીઈબીના અધિકારીઓ સાથે મિલી ભગત કરી માનસિક ત્રાસ અને ધાક ધમકી આપતા બનાવને લઈને હડમતાળા જીઆઈડીસી માં ચકચાર જાગી છે. વેપારીએ પોતાના જીવ ઉપર જોખમ હોવાનું જણાવી રાજ્યના પુરવઠા મંત્રી કલેકટર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી છે.

હડમતાળા જીઆઈડીસી માં હરિ પ્રોટીન્સ નામે ચક્કી આટાની ફેક્ટરી ચલાવતા રમેશભાઈ સોરઠીયાએ પુરવઠા મંત્રી જિલ્લા કલેકટર સહિત ઉચ્ચ કક્ષાએ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે ફ્લોર મિલર્સ તથા ચક્કી પ્લાન્ટ ના વેપારીઓને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રૂપિયા ૨૧૨૫ લેખે ૨૦૦ ટનની મર્યાદામાં દર અઠવાડિયે ઘઉંની ફાળવણી કરવામાં આવે છે. આ માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા કરવાની હોય છે. અમો એ ૧૦ ટનનું ઊંચું ટેન્ડર રૂપિયા ૨૨૨૦ માં ભર્યુ હતું. તેની સામે વનરાજ ફ્લોર મિલ પ્રાઈવેટ લિમિટેડ જૂનાગઢના દિલીપભાઈ મેઘપરા એ રૂપિયા ૨૨૪૦ માં ટેન્ડર ભર્યું હોય તેમનું ટેન્ડર પાસ થયું હતું તેથી દિલીપભાઈ મેઘપરાય એ મને ધમકી આપેલ કે તમારા ટેન્ડરને કારણે મને ₹૨,૩૦,૦૦૦ ની નુકસાની આવી છે તે તમારે ભરપાઈ કરવી પડશે બાદમાં આ રકમ માટે વારંવાર ફોન પર ધમકીઓ આપી માનસિક ત્રાસ શરૂ કર્યો હતો. દિલીપભાઈ મેઘપરા ચક્કી આટાના ધંધાર્થીઓનું ગ્રુપ ચલાવતા હોય તેમાં જોડાઈ જવા મને દબાણ કરતાં હું જોડાયો હતો ત્યારબાદ તેમણે મને ક્વિન્ટલ લેખે રૂપિયા ૧૫ અધિકારીઓ ને કટકી ના ફરજિયાત આપવા પડશે એવું કહેતા મેં રૂપિયા ૧૫,૦૦૦ નું આંગડીયુ કરી આપ્યું હતું. બાદમાં દિલીપભાઈ એ તારા ૧૦૦ ટન ના ટેન્ડર ના હિસાબે અમારો જથ્થો ઓછો આવે છે તેવું કહી મને ગ્રુપમાંથી કાઢી નાખ્યો હતો. બાદમાં દિલીપભાઈ ના ઈશારે ફૂડ કોર્પોરેશનના અધિકારીઓને મારી ફેક્ટરી ઉપર ચેકિંગ કરવા મોકલ્યા હતા. આ અધિકારીઓએ ફોટો વિડીયો લઈ મારી સાથે ગેરવર્તન કર્યુ હતુ.અધિકારીઓએ આ ફોટા અને વિડિયો દિલીપભાઈ મેઘપરા અને ભાવનગરના અન્ય વેપારી તારાચંદ દોલતરામ ને મોકલ્યા હતા. આ રીતે મારા ઉપર માનસિક ટોર્ચિંગ કરાયું હતું ગત તારીખ ૪ ના રોજ વેરાવળ ખાતે અમારા ટેન્ડર મુજબ ૧૦૦ ટન ઘઉંનું લોડીંગ હોય આ બંનેના કહેવાથી વેરાવળ ખાતે અધિકારીઓએ સવારથી મોડી સાંજ સુધી અમોને હેરાન કરી અનેક વિનંતીઓ બાદ અમારી ગાડીનું લોડિંગ કર્યું હતું

બાદમાં દિલીપભાઈ ના કહેવાથી ગોંડલના જીબી ના અધિકારીઓ મારી ફેક્ટરી પર આવી અમારા મીટર ના રીડિંગ લેવાના બહાને ખોટી રીતે ધમકાવીને પાવર ના લોડમાં વધઘટ કરતા મારી ફેકટરીની બે મોટરો બળી ગઈ હતી. વધુમાં થાંભલે થી અમારુ વીજ કનેક્શન પણ કાપી નાખ્યું હતું આ અંગે મેં જીઈબીના અધિકારીને પૂછતા તેમણે કહ્યું કે ઉપરથી સૂચના છે. વનરાજ બેસન વાળા દિલીપભાઈ અલગ અલગ ફોર્મ બનાવીને ગેરકાયદેસર રીતે ૨,૪૦૦ ટન ખરીદી કરી સરકારને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે. ટેન્ડર અને ખરીદીનુ આ મોટું કૌભાંડ છેલ્લા ઘણા સમયથી ચાલે છેવ હું ધંધો ના કરું તે માટે ફૂડ કોર્પોરેશનના અધિકારીઓ તથા જીઈબીના અધિકારીઓ સાથે મિલીભગત કરી દિલીપભાઈ અને તારાચંદ દ્વારા મને માનસિક ત્રાસ અપાઈ રહ્યો છે. ટેન્ડર ભરવામાં અને ખરીદી કરવામાં મારા જીવ પર જોખમ હોવાનું મને જણાવી રહ્યું છે. તો ઉપરોક્ત રજૂઆત અંગે તપાસ ચલાવી ન્યાય આપવા રજૂઆત મા રમેશભાઈ સોરઠીયા એ જણાવ્યું હતું.

# ઓપન ગુજરાત એથ્લેટીકસમાં ધોરાજી સ્પોર્ટસ ફાઉન્ડેશનનો દબદબો



**અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી**

શફરી ગેસ દ્વારા રાજકોટ ખાતે ઓપન ગુજરાત એથ્લેટીકસ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ધોરાજીના બે યુવાનો કાતરીયા યુવરાજ બચ્છી ફેંક સ્પર્ધામાં દ્વીતીય નંબર, ચાવડા જીત જેનો ૮૦૦ મીટર દોડ માં તૃતીય નંબર પ્રાપ્ત કરી સ્પોર્ટસ ફાઉન્ડેશન તથા ધોરાજીનું ગૌરવ વધારેલ હતું.

આ બન્ને બાળકોને સ્પોર્ટસ ફાઉન્ડેશનના પ્રમુખ આકાશ સોજીત્રા તથા તેમની ટીમે અભિનંદન આપેલ હતા.

# સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.૫૦.૪૭ કરોડના વિકાસ કામો મંજૂર

## શહીદ સુખદેવ, શિવ તથા જીજાબાઈ ટાઉનશીપની દુકાનોની હરરાજી કરાતા કોર્પોરેશને રૂ.૧૪.૭૯ કરોડની આવકઃ વોર્ડ નં.૧માં ૨૩ એમએલડી ક્ષમતાનો નવો ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા રૂ.૩૩.૩૦ કરોડ મંજૂર


તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આજે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ ૩૮ દરખાસ્તોને બહાલી આપવામાં આવી હતી અને રાજકોટમાં રૂ.૫૦.૪૭ કરોડના વિકાસ કામો મંજૂર કરાયા હતા. મહત્વની દરખાસ્તની વાત કરીએ તો વોર્ડ નં.૧૧માં એનિમલ હોસ્ટેલમાં રૂ.૪ કરોડના ખર્ચે શેડ બનાવવામાં આવશે તથા વોર્ડ નં.૧૦માં આવેલ આવાસ યોજનાની શોપિંગ સેન્ટરની દુકાનોની હરરાજી, વોર્ડ નં.૧૧માં શિવ ટાઉનશીપમાં દુકાનોની હરરાજી તથા વોર્ડ નં.૧માં લાઈટ હાઉસ પ્રોજેક્ટ હેઠળ જીજાબાઈ ટાઉનશિપની દુકાનોની હરરાજી કરાતા ૧૪.૭૮ કરોડની કોર્પોરેશનને આવક થઈ છે તથા વોર્ડ નં.૧માં રૈયાધાર પાસે ૨૩ એમએલડી ક્ષમતાનો નવો ટ્રીટમેન્ટ બનાવવા તથા તેના માટે ૫ વર્ષના કોમ્પ્રીહેન્સિવ મેન્ટેન્સ માટે રૂ.૩૩.૩૦ કરોડના કામને મંજૂર કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આજે મળેલ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૩૮ દરખાસ્તોને મંજૂરી કરી રૂ.૫૦.૪૭ કરોડના કામોને મંજૂર કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરને હરીયાળું બનાવવા માટે ન્યારી ડેમ-૧ પાસે વનીકરણ વિસ્તારમાં મીયાવાંકી પધ્ધતિથી થીમ ફોરેસ્ટ બનાવી અને ૪ વર્ષના નિભાવણી માટે સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને રૂ.૧.૫૫ કરોડના ખર્ચે કામગીરી સોંપવામાં આવી છે. ડ્રેનેજ પ્રોજેક્ટ હસ્તકના રૈયા જુનું ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનનું ઓગમેન્ટેશન તથા ૨ વર્ષના મેન્ટેનન્સ માટે રૂ.૩.૧૧ કરોડ મંજૂર કરાયા છે. વોર્ડ નં.૧૧માં રૂ.૧૩.૮૪ લાખના ખર્ચે ગાર્ડન બનાવાશે. વોર્ડ નં.૪માં રૂ.૧૫.૬૫ લાખના ખર્ચે આંગણવાડી બનાવાશે. વોર્ડ નં.૬માં પ્રધુમન પાર્ક પાછળ, સફારી પાર્કની ખુલ્લી જગ્યામાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવાના કામ માટે રૂ.૫૭.૬૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ માટે જમ્પીંગ કુશન (૨૫ મીટર)ની ખરીદી કરવા રૂ.૧૪.૭૫ લાખ મંજૂર કરાયું. વોર્ડ નં.૨માં એરપોર્ટ રોડ, રેસકોર્ષ રીંગ રોડથી હનુમાન મઢી ચોક સુધીના રસ્તાની બંને બાજુ પેવિંગ બ્લોક નાખવા રૂ.૩૫.૬૨ લાખ મંજૂર તથા વોર્ડ નં.૨માં છોટુનગર વિસ્તારમાં જનભાગીદારીથી પેવિંગ બ્લોક નાખવામાં ૧૯.૯૦ લાખ મંજૂર વોર્ડ નં.૨માં સૌરભ સોસાયટી તથા નહેરૂનગરમાં પેવિંગ બ્લોક નાખવા માટે રૂ.૬૦ લાખ મંજૂર કરાયા છે.


# વહાલુડીના વિવાહ ૬ માં ૨૫ દીકરીઓને આપવામાં આવનાર કરીયાવરનું 'આણુ દર્શન'

## માનવતાપ્રેમી દાતાઓના સહયોગથી ૧ તોલા સોનુ, સોના-ચાંદીની વસ્તુઓ ફ્રીજ સિલાઈ મશીન એરકુલર ૩૧ જોડી કપડાં સહિતની અંદાજિત ત્રણ લાખ રૂપિયાનો ૨૨૫ વસ્તુઓનો સમૃદ્ધ કરીયાવર આપી વળાવાશે દીકરીઓને સાસરે

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા દ્વારા આગામી ૧૭ ડિસેમ્બર રવિવાર નારોજ યોજાનાર ૨ દીકરીઓના જાજરમાન લગ્નોત્સવ વહાલુડીના વિવાહ ૬ ની દીકરીઓને શહેરના સુખી અને માનવતાપ્રેમી દાતાઓના સહયોગથી ૧ તોલા સોનુ સોના ચાંદીની વસ્તુઓ ફ્રીજ સિલાઈ મશીન એરકુલર ૩૧ જોડી કપડાં સહિતની અંદાજિત ત્રણ લાખ રૂપિયાનો ૨૨૫ વસ્તુઓનો સમૃદ્ધ કરીયાવર આપવામાં આવનાર છે

રાજયના સમુહલગ્નના ઈતિહાસમાં કદાચ પહેલીવાર કરીયાવરની વસ્તુઓની સાથે પહેલીવાર સંસ્થા દ્વારા ૧૨૦ કિલો ઘંઉ ૩૦ કિલો ચોખા ૨ ડબા સીંગતેલ ૫૦ કિલો ખાંડ ૧૦ કિલો તુવેરદાળ ૧૦ કિલો મગદાળ ૨ કિલો ચા સહિતની વસ્તુઓ પણ






દીકરીઓને આપવામાં આવનાર છે

સંસ્થા દ્વારા આણુદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ૨૫ દીકરીઓ તેના પરિવારજનો દાતાઓ શુભેચ્છકો મેયર ધારાસભ્યો સહિતના રાજકીય સામાજિક અગ્રણીઓ ઉદ્યોગપતિઓ બિલ્ડરો સહિતના સમાજજીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પધારેલ અને આણુ જોઈને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને દીકરીઓને આશીર્વાદ આપેલ

આણુદર્શન કાર્યક્રમનું દીપપ્રાગટ્ય ફિલ્ડમાર્શલ ગ્રુપના મોભી અરવિંદભાઈ પટેલ અને વહાલુડીના વિવાહ ૬ ના મુખ્ય યજમાન અને જાણીતા ઉદ્યોગપતિ મનસુખભાઈ પાણે કરેલ

સંસ્થા દ્વારા દરેક દીકરીઓના ઘરે ૧૦ ડિસેમ્બર નારોજ આણુ પહોંચતુ કરવામાં આવશે

# સ્થાનિક તેલ બજાર અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે એડીબલ તેલની આયાત રોકવા સમીર શાહની વડાપ્રધાનને રજૂઆત


## દેશમાં તેલીબીયાની ભરપૂર વાવણીથી ઉત્પાદન વધવાની આશા , વિદેશી તેલની હવે દેશમાં આયાતની હાલ જરૂર નથી

**અબ તક રાજકોટ**

ગુજરાત રાજ્ય ખાધતેલ અને તેલીબીયા એસો, ના પ્રમુખ સમીરભાઈ શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવી ત્રણ રાજયોમાં ભાજપની ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે આ વીજય માં નરેન્દ્ર મોદીના આત્મવિશ્વાસ અને દેશવાસીઓ ની લાગણીનું પ્રતિબિંબ છે

હવે એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે આવનારી લોકસભાની ચૂંટણીમાં પણ વડાપ્રધાન મોદીને દેશનો પ્રચંડ જન સમર્થન મળી રહેશે

સમીરભાઈ શાહે વડાપ્રધાનને પત્ર પાઠવી પેદીબલ ઓઈલ ખાધ તેલની આયાત ઘટાડવા માંગ કરી છે પત્રમાં જણાવ્યું છે કે યુક્રેન,રશિયાના સંઘર્ષને કારણે ખાદ્યતેલોના ભાવમાં ભડકો થયા પછી, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારમાં ખાદ્યતેલોના ભાવ સતત ઘટતા જાય છે. મોટા ભાગના ખાદ્ય તેલ શના ભાવ ૧૯ થી ૨૦ મહિનામાં ૪૦ થી ૫૦% ઘટ્યા છે. અત્યારે દેશમાં ખાતે તેલની આયાત નું પ્રમાણ સૌથી ઊંચું છે ત્યારે સ્થાનિક સરસવ અને સોયાબીન બ ના ખેડૂતો માટે આ આયા નુકસાનકારક છે. હાલમાં સરસવની ખેતી મોટા પ્રમાણમાં થઈ છે અને ઉત્પાદન પણ વધશે ત્યારે ઘર આંગણે તેલ અને તેલીબીયા ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા માટે વિદેશી તેલ ની આયાત પર અંકુશ લગાવવું જરૂરી છે



કોઈપણ સંજોગોમાં સરકાર દેશના લગભગ ૮૦ કરોડ લોકોને મફત અનાજ આપી રહી છે.

જેથી લોકો પાસે ખાદ્યતેલ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા માટે પૂરતી રકમ હશે. દેશના લોકોને તમારામાં અપાર વિશ્વાસ અને વિશ્વાસ છે.

તેથી ખાદ્ય તેલના ભાવમાં નજીવો વધારો લોક વિરોધ નું કારણ નહીં સમીરભાઈ શાહે વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ખાતેની આયાત પર પ્રતિબંધ મૂકવા વડાપ્રધાનને વિનંતી કરી છે

# ન્યુઝ ફલેશ

## જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય બંધારણીયઃ સુપ્રિમ કોર્ટની લીલીઝંડી

**જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ નાબૂદીને પડકારતી અરજી મામલે સુપ્રિમ કોર્ટે અવલોકન કર્યું છે કે ભારતની અખંડિતતા જાળવી રાખવા ૩૭૦ની કલમ હટાવી જરૂરી છે અને કેન્દ્ર સરકારે કલમ-૩૭૦ હટાવવાનો નિર્ણય સંવિધાન અનુસાર જ લીધાનું સુપ્રિમ કોર્ટે અવલોકન કર્યું છે**

# લાઠીમાં પોલિયો નાબુદી અભિયાનનો પ્રારંભ

**અબતક, નટવરલાલ ભાતીયા, દામનગર**



સ્પેશ્યલ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત લાઠી સિવિલ હોસ્પિટલ માં પોલિયો બુથ નું ઉદઘાટન પદાધિકારીઓ દ્વારા કરાયું હતું. સ્થાનિક અગ્રણી ઓના વરદહસ્તે શિશુઓ ને પોલિયોના ટીપા પીવડાવ્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના પ્રતિનિધિ ડો. કૌશલ સોલંકી એ લાઠી તાલુકા ના આંસોદર, ભિંગરાડ, લાઠી વગેરે ગામો ના બુથ ની મુલાકાત લઈ કામગીરી ની સમીક્ષા કરી સંતોષ વ્યક્ત કરેલ હતો. ત્રણ દિવસ સુધી ચાલનારા આ પોલિયો નાબુદી અભિયાન કાર્યક્રમ વિશે વિસ્તૃત માહિતી આપી ડો આર આર મકવાણા એ વધુ માં વધુ બાળકો પ્રથમ દિવસે બુથ પર પોલિયો ના ટીપાં લે તેવી તમામ સ્ટાફ ને સૂચના આપી હતી. લાઠી તાલુકા ના તમામ ગામો માં બાળકો ને બુથ પર અને બીજા દિવસથી ઘરે ઘરે જઈ આરોગ્ય સ્ટાફ દ્વારા પોલિયો ના ટીપાં પીવડાવવા માં આવશે. ડો. મુકેશ સિંગ, ડો. રોહિત ગોહિલ, ડો. નિશીથ છત્રોલા, ડો. હરિવદન પરમાર, જયેશ રાજ્યગુરુ, બાલમુકુંદ જાવીયા અને સુપરવાઈઝર દ્વારા તમામ બુથ ની મુલાકાત લઈ આરોગ્ય સ્ટાફ દ્વારા પોલીયો નાબૂદી અભિયાન ને સફળ બનાવેલ હતો.

# ગિરનારના પગથીયે દિપડાઓના આંટા ફેરા 'ભાવિકો'માં ગભરાટ

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

ગિરનારના ૩૧૦૦ પગથિયા ઉપર રવિવારે સવારે બે દીપડાએ દેખા દેતા યાત્રિકોમાં ફાફડાટ ફેલાયો છે. તો બીજી બાજુ જુનાગઢ શહેરના દોલતપરા વિસ્તારમાંથી બાળકને ઉઠાવી જવાનો પ્રયાસ કરનાર ખૂંખાર દીપડી આંખરે ૧૫ દિવસ બાદ પાંજરે પુરાતા દીપડીને સકરબાગ ઝુ ખાતે મોકલી દેવાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

જુનાગઢ શહેરમાં ૧૫ દિવસ દરમિયાન ચારેક જગ્યાએ દીપડા અને સિંહના આટા ફેરા લોકોની નજરે ચડતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. અને દોલતપરા વિસ્તારમાંથી એક અઢી વર્ષની દીકરીને ઉઠાવી જવાનો એક દીપડી દ્વારા પ્રયાસ થતા લોકોમાં ફાફડાટ ફેલાયો હતો. ત્યારે જ ગિરનારના ૩૧૦૦ પગથિયા ઉપર રવિવારે વહેલી સવારે અંબાજી મંદિરે સીડી ચડીને દર્શન કરવા જતા ભાવિકોની નજરે આટા ફેરા કરતા બે દીપડા દેખાતા યાત્રિકોમાં પણ ફફડાટ ફેલાયો હતો. દરમિયાન વન વિભાગમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢ શહેરમાં જે જે સ્થળોએ દીપડા એ દેખા દીધા હોવાનું જાણવા મળ્યું છે. ત્યાં પાંજરા મૂકી દેવામાં આવ્યા છે. તે સાથે દોલતપરાના કિરીટ નગરમાં બાળકને ઉઠાવી જવાનો પ્રયાસ કરનાર દીપડીને પકડી પાડવા માટે પાંજરું મૂકવામાં આવ્યુ હતું અને અંતે આ પાંજરામાં ખૂંખાર દીપડી પુરાઈ જવા પામી છે. તથા તેમને સકકરબાગ ઝુ ખાતે મોકલી દેવામાં આવી છે. આ સાથે આ દીપડીનું પરીક્ષણ પણ કરવામાં આવશે કે, ખરેખર હુમલો કરનાર આ જ દીપડી હતી કે કેમ ?

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજુલાઃ** રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ તથા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુભાઈ રાજગોરના પત્ની મુક્તાબેન (ઉ.વ.૮૦) તે પારૂલબેન તેરૈયા (અમદાવાદ), જયોતિબેન લાલાણી (રાજકોટ), લીનાબેન ચાઉ (બોબીબેન) ના માતા, દોલુભાઈ પ્રતાપભાઈ, સ્વ કનુભાઈ, , સ્વ વસંતભાઈ જીતેન્દ્રભાઈ, સ્વ શિવભાઈ, સ્વ ધીરુભાઈ બેબી બહેન મધુબેનના ભાભીનું તા. ૧૦ ના રોજ અવસાન થયેલ છે.



**વિસાવદરઃ** વિસાવદર બાર એસો.ના પ્રમુખ કમલેશભાઈ જોષીના પિતા ભનુભાઈ હરીભાઈ જોષીનું (ઉ.વ.૭૪) નું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૪ ને ગુરુવારના રોજ તેમના નિવાસ સ્થાને ભુવાના પડામાં, જીવાપરા વિસાવદર ખાતે રાખવામાં આવ્યું છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સેજપાલ હસમુખાઈ અમૃતલાલ (ઉ.વ.૬૭) તે સ્વ. અમૃતલાલ કેશવલાલ સેજપાલના પુત્ર, નિકાવા નિવાસી રમેશચંદ્ર અમૃતલાલ મીરાણીના બનેવી, કુસુમબેનના પતિ, મયુરભાઈ, લિનાબેનના પિતા, દિનેશભાઈ, હર્ષદભાઈ, પ્રવિણભાઈના ભાઈનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તેમજ સસરા પક્ષની સાદડી તા. ૧૧ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૫ ચાર મંદિર, પ્રજાપતિ નગર પેડક રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુ. હળવદ હાલ રાજકોટ નિવાસી સુર્યકાંત (સૂર્યપ્રસાદ) હરિકૃષ્ણભાઈ રાવલ તે પુષ્પાબેનના પતિ, નિલેશભાઈ, સુનિલભાઈ (સીબીઆઈ), યોગેશભાઈ (બીએનએનએલ), નિખીલભાઈના પિતા, ચિરાગભાઈ (એલઆઈસી), મૌલિકભાઈ (આઈડી), ડો. રિધ્ધી દવેના દાદાનું તા. ૯ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૧ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે હળવદ બ્રાહ્મણ બોર્ડીંગ એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટઃ** ઠાકરશી કલ્યાણજી બુધ્ધદેવના પુત્ર મોહનલાલ ઠાકરશી બુધ્ધદેવ (એસ.ટી.વાળા) તે પ્રભુદાસભાઈ, મનસુખલાલ, અરવિંદભાઈ ચંદ્રકાન્તભાઈ, જગદીશભાઈના ભાઈ, વિમલભાઈ, સુનીલભાઈ, જાગૃતિબેનના પિતાનું તા. ૧૦ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તેમજ પીયર પક્ષની સાદડી તા.૧૧ ના સાંજે ૪.૩૦ થી ૫.૩૦ મોહનેશ્વર મહાદેવના મંદિર પુનિત નગર રાજકોટ ખાતે રાખેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

## સિંહ

વરિષ્ઠ અધિકારીએ સિંહોની સંખ્યામાં વધારો થવા પાછળ છેલ્લા કેટલાક દાયકાઓમાં લાગુ કરાયેલી વિવિધ સંરક્ષણ વ્યૂહરચનાઓ અને હસ્તક્ષેપોને આભારી છે. તેમાં વધુ લોકોની ભાગીદારી અને સમર્થન, બહેતર રહેઠાણ વ્યવસ્થાપન, શિકારના આધારમાં વધારો, માનવ-સિંહ સંઘર્ષમાં ઘટાડો અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સામેલ છે.

૧૯૯૦માં, સિંહો માટેનો સંરક્ષિત વિસ્તાર ૬,૬૦૦ ચોરસ કિમીનો હતો, જે ૨૦૦૧માં વધીને ૧૨,૦૦૦ ચોરસ કિમી અને ૨૦૧૦માં ૨૦,૦૦૦ ચોરસ કિમી થયો હતો. બૃહદ ગીર અભયારણ્ય ૩૦,૦૦૦ ચોરસ કિમીને આવરી લેતા સિંહો માટેના સંરક્ષિત વિસ્તારનું કદ વધશે. સિંહોના આકસ્મિક મૃત્યુને રોકવા માટે નવા વિસ્તારોમાં ખુલ્લા કુવાઓની આસપાસ પેરાપેટ દિવાલો અથવા બેરિકેડ પણ સ્થાપિત કરવામાં આવશે.

## આર્ટિકલ ૩૭૦

આ નિર્ણય લેવામાં આવશે. પક્ષકારોને સાંભળ્યા બાદ સુપ્રીમે ૫ સપ્ટેમ્બરે ચુકાદો સુરક્ષિત રાખવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટ આર્ટિકલ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીર માટે લગભગ ૭૦ વર્ષ જૂના વિશેષ દરજ્જાને રદ કરવાના કેન્દ્રના ૨૦૧૯ના નિર્ણયોની માન્યતાને પડકારતી નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી દ્વારા દાખલ કરાયેલી અરજીઓ સહિતની અરજીઓ પર આજે ચુકાદો આપશે.

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ સંજય કિશન કૌલ, સંજીવ ખન્ના, બીઆર ગવઈ અને સૂર્યકાંતની બનેલી પાંચ જજોની બંધારણીય બેન્ચ દ્વારા ૨ ઓગસ્ટે શરૂ થયેલી સુનાવણી ૩૫ દિવસના સમયગાળામાં ૧૬ દિવસ ચાલી હતી અને ૫ સપ્ટેમ્બરે આદેશ અનામત રાખવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરને આપેલા વિશેષ અધિકારોને ખતમ કરવાનો નિર્ણય યોગ્ય હતો કે નહીં તે મામલે આજે સુપ્રીમ કોર્ટ નિર્ણય સંભળાવશે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખ સહિત દેશની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની નજર આજે ભારતની સુપ્રીમ કોર્ટ તરફ રહેશે. ત્યારે આ નિર્ણય આવવાના પગલે જમ્મુ-કાશ્મીરમાં આજે વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### અરજદાર પક્ષે દલીલ

લોકો વચ્ચે વિશેષ સંબંધ છે. કલમ ૩૭૦ને એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા હટાવી શકાય નહીં. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, સંસદ જમ્મુ-કાશ્મીરના લોકોની ઈચ્છા જાણ્યા વિના કલમ ૩૭૦ નાબૂદ કરવા માટે પગલાં લઈ શકતી નથી. તેમણે દલીલ કરી હતી કે રાજ્યની સંમતિ વિના લેવાયેલો નિર્ણય ગેરબંધારણીય અને મનસ્વી હતો. કલમ ૩૭૦ માં કોઈપણ ફેરફાર ફક્ત જમ્મુ-કાશ્મીર બંધારણ સભા દ્વારા જ લઈ શકાય છે.

### સરકાર પક્ષે દલીલ

રાષ્ટ્રની અખંડિતતા જાળવવા અને ભારતીય બંધારણને તમામ રાજ્યોમાં એકસમાન લાગુ કરવા માટે આ પગલું અનિવાર્ય બની ગયું હતું. કેન્દ્રએ કહ્યું કે આનાથી એક તરફ રાષ્ટ્ર અને બંધારણની જાળવણી અને બીજી તરફ રાષ્ટ્રીય હિતની રક્ષા વચ્ચે નાજુક સંતુલન પ્રાપ્ત થયું છે. કેન્દ્રએ જણાવ્યું હતું કે ભારતીય બંધારણના ઘડવૈયાઓએ ૧૯૪૭-૫૦ દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં બાહ્ય પ્રેરિત પરિસ્થિતિને દૂર કરવા માટે કલમ ૩૭૦ દાખલ કરી હતી અને ત્યારે ઉમેરવામાં આવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર બંધારણ સભાના વિસર્જન પછી કલમ ૩૭૦ને ૧૯૫૭માં રદ કરી દેવી જોઈતી હતી.

### કોર્ટના નિર્ણય પહેલા ઘાટીમાં શું સ્થિતિ છે?

જમ્મુ-કાશ્મીરમાં હાલ હાઈ એલર્ટ છે.અહીં કોઈપણ પ્રકારની વીઆઈપી મૂવમેન્ટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે આજે નેશનલ હાઈવે પર કોઈ વીઆઈપી મૂવમેન્ટ નહીં થાય તેવું પણ કહેવામાં આવ્યું છે.તો આ સાથે સીઆરપીસીની કલમ ૧૪૪ હેઠળ સાયબર પોલીસે સોશિયલ મીડિયાને લઈને એક માર્ગદર્શિકા પણ જાહેર કરી છે. સોશિયલ મીડિયા પર ઝીણવટથી નજર રાખવામાં આવી રહી છે. જેથી ભડકાઉ પોસ્ટ સામે સમયસર પગલાં લઈ શકાય. સોશિયલ મીડિયા યુઝર્સને સલાહ આપવામાં આવી છે કે આ પ્લેટફોર્મનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરે અને અફવાઓ, ફેક ન્યૂઝ, દ્વેષપૂર્ણ ભાષણો એકબીજાને શેર ન કરે. કોઈ એવો સંદેશ મળે તો તેને અન્ય લોકો સાથે શેર કરવાને બદલે તરત જ સાયબર પોલીસ કાશ્મીરને જાણ કરો.

### સ્માર્ટ મિટર

અમે આગામી બે વર્ષમાં ૧.૬૧ કરોડ સ્માર્ટ કન્ઝ્યુમર મીટર્સ ઈન્સ્ટોલ કરવા જઈ રહ્યા છીએ. આ મહિને પીજીવીસીએલ દ્વારા સરકારી કચેરીઓમાં ઈન્સ્ટોલેશન પ્રક્રિયા શરૂ કરાશે, અને સપ્લાય ડેટા મેળવવા માટે વિતરણ ટ્રાન્સફોર્મર અને ફીડર પર મીટર ઈન્સ્ટોલ કરાશે. અમે સૌર ઉર્જા ઉત્પાદનમાં ઝડપી વધારો જોઈ રહ્યા છીએ અને આ રીતે દિવસ દરમિયાન વીજળી સસ્તી થઈ ગઈ છે, તેમણે કહ્યું. જોકે, ગ્રાહકો હાલમાં પ્રતિ યુનિટ ફ્લેટ ટેરિફ ચૂકવે છે. સ્માર્ટ મીટર મિનિટ-ટુ-મિનિટ વપરાશ ડેટા પ્રદાન કરશે, જેનાથી ગ્રાહકો દિવસના પ્રકાશના કલાકો દરમિયાન સસ્તી વીજળી મેળવી શકશે. તેઓ પ્રીપેડ મોડને પણ મંજૂરી આપશે, પરંતુ અમે ખાતરી કરીશું કે જો ગ્રાહકોનું બિલ લગભગ બે દિવસ સુધી ચૂકવવામાં ન આવે તો તેમની વીજળી ડિસ્કનેકટ કરવામાં આવશે નહીં. ગ્રાહકોને તેમના મોબાઈલ ફોન પર તેમના વીજળીના વપરાશ વિશે માહિતી મળશે.

બીજી તરફ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છમાં રેસિડેન્સિયલ, કોમર્શિયલ અને ઔદ્યોગીક વીજ જોડાણોમાં કુલ ૫૫.૮૩ લાખ સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાની કામગીરી ડિસેમ્બર માસના અંતથી શરૂ કરવામાં આવનાર છે અને તેના માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમ રાજકોટ શહેરના મહિલા કોલેજ સબ ડિવિઝનની પસંદગી કરવામાં આવી છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સાવરકુંડલાના કરજાળા ગામે સંકલ્પ યાત્રામાં ઉપસ્થિત રહેતા સાંસદ કાછડીયા

## ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાની માહિતી અપાઈ: લાભ લેવા અનુરોધ





**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ સાવરકુંડલા તાલુકાના કરજાળા અને ચરખડીયા ગામે વિકસીત ભારત સકલ્પ યાત્રા અતર્ગત કાર્યક્રમમા ઉપસ્થિત રહી વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ અપિત કરી, ગ્રામજનોને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતિ આપેલ હતી. તેમજ આ તકે કરજાળા મુકામે જીલ્લા કલેકટર અજય દહિયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતીમા હાજર સૌ પદાધિકારીઓ, અધિકારીઓ, લાભાર્થીઓ અને ગ્રામજનોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનો લાઈવ સવાદ કાર્યક્રમ નિહાળેલ હતો.

આ તકે સાસદએ વિકસીત ભારત સકલ્પ યાત્રાને મોદીજીની ગેરટીવાળી ગાડી ગણાવતા જણાવેલ હતુ કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર દ્રારા દેશના ખુણે ખુણા સુધી અને છેવાડાના માનવી સુધી વિવિધ યોજનાઓનો લાભ પહોંચે તે માટે સરકાર સાથે અમે સૌ પણ સતત પ્રયત્નશીલ છીએ. તેથી અમરેલી સસદીય વિસ્તારના લોકો યોજનાઓના લાભથી વચીત ન રહી જાય તે માટે સમગ્ર સસદીય મત વિસ્તારમા પણ લોકોની જાગૃતતા માટે વિકસીત ભારત સકલ્પ યાત્રા પસાર થવાની છે.આ કાર્યક્રમમા સાવરકુંડલા માર્કેટીગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, જીલ્લા પચાયત બાધકામ સમિતિના પૂર્વ ચેરમેન પુનાભાઈ ગજેરા, તાલુકા ભાજપ પ્રમુખ જીવણભાઈ વેકરીયા, સહિતના અધિકારીઓ અને સરપંચ સહિત લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

## ૨૦૨૪માં કોંગ્રેસ જાય જાય'ના નારા સાથે

# કોંગી સાંસદ ધીરજ સાહુના ભ્રષ્ટાચારનો વિરોધ કરતું જિલ્લા ભાજપ

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સ્વચ્છ પ્રતિભા અને ભારતીય જનતા પાર્ટી સતત દેશના સર્વાંગી વિકાસ અને ભ્રષ્ટાચાર નાબુદી માટે અથાગ પ્રયત્નો કરી રહી છે એવા સમયે કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુના ઘરેથી અકલ્પનીય રોકડ ૨૦૦ કરોડ કરતા પણ વધુ ભ્રષ્ટાચારની રોકડ મળી આવતા દેશમાં ખળભળાટ મચી ગયો છે. આ અનુસંધાને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના આદેશ અનુસાર અને રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં ઈન્કમટેક્સની રેડની કાર્યવાહીમાં ઝારખંડના કોંગ્રેસ સાંસદ ધીરજ સાહુ સાથે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં સંકળાયેલા બિઝનેસ ગ્રૂપ પાસેથી રૂ.૨૦૦ કરોડથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી. જેના વિરોધમાં રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે વિરોધ



પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વધુમાં, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, એક તરફ ઘમંડી ગઠબંધન છે જ્યાં ભ્રષ્ટાચાર, કમીશન લેવું, લૂંટની ગેરંટી છે અને બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગેરંટી છે કે ભ્રષ્ટાચારને જડમૂળથી ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. જનતા પાસેથી પૈસા લૂંટવામાં આવ્યો છે જે પાઈ પાઈ પાછી આપવી પડશે, તે મોદીની ગેરંટી છે. મોદીની ગેરંટીનો મતલબ કે બેઈમાનો પાસેથી પાઈ પાઈ વસુલ કરવાની ગેરંટી. જો કોંગ્રેસના સાંસદ ૨૦૦ કરોડની રોકડ સાથે પકડાય છે તો બાકીના તમામ કોંગ્રેસી સાંસદો પાસે કેટલી રોકડ હશે? કોંગ્રેસની મોહબ્બતની દુકાનમાંથી ચલણી નોટોનો પહાડ મળી આવ્યો હતો અને મહોબ્બતની દુકાનની ફ્રેન્ચાઈસમાંથી ૨૦૦ કરોડની નોટો મળી આવી છે. આ રીતે ઘણો પ્રેમ વેચાયો અને પછી માત્ર હિન્દુત્વ અને સનાતનથી નફરત બચી છે. જ્યાં કોંગ્રેસનો જનપ્રતિનિધિ હશે ત્યાં ગેરંટી છે કે તે ચોક્કસ ભ્રષ્ટાચાર કરશે. આવા કૌભાંડો અને ભ્રષ્ટાચાર કેન્દ્રનું નામ ગાંધી કરપ્શન સેન્ટર રાખવામાં આવે તો ખોટું નહીં હોય કારણ કે આવા તમામ કામોની તાલીમ તેમના દ્વારા આપવામાં આવે છે. આ વિરોધ કાર્યક્રમમાં જીલ્લા ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળિયા, ખોડાભાઈ ખસીયા, જીલ્લા મંત્રીઓ મનોજભાઈ રાઠોડ, વિશાલભાઈ ફાગલીયા, જસ્મીનભાઈ પીપળીયા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, મહામંત્રીઓ કમલેશભાઈ વરૂ, અશોકભાઈ ચાંવ, જીલ્લા મહિલા મોરચા મહામંત્રી વર્ષાબેન ખુંટ સહિત જિલ્લા તાલુકાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીરનારની ટોચે અંબાજી મંદિરમાં યુવાનોની ૧૨ કલાકની ગરબા આરાધના



**અબતક દર્શન જોશી, જુનાગઢ**

જગત જનની માં અંબાના જ્યાં બેસણા છે તેવા ગિરનારની ટોચ ઉપર આવેલા અંબાજી મંદિર ખાતે જૂનાગઢના ચામુંડા સેવા સત્સંગ મંડળના યુવાનોએ ૧૨ કલાક સુધી ગરબા, ધૂન અને ભજનની રમઝટ સાથે માતાજીની આરાધના કરી હતી ત્યારે ભારે ભક્તિનો માહોલ છવાયો હતો.

ગુજરાતના સૌથી ઊંચા ગિરનાર પર્વતની ટોચે બિરાજતા જગતજનની માં અંબાના નિજ મંદિર ખાતે જૂનાગઢમાં વર્ષોથી ધૂન, કીર્તન કરતા ચામુંડા સેવા સત્સંગ મંડળના યુવાનોએ સતત ૧૨ કલાક સુધી ધૂન અને ભજનની રમઝટ બોલાવી હતી. આ સાથે ધૂન મંડળના યુવાનો દ્વારા હાથમાં અને કપાળ ઉપર દીવા પ્રગટાવીને માતાજીના ગરબા લીધા હતા. ત્યારે અહીં દર્શન અર્થે પધારેલ માઈ ભક્તો પણ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. તથા તેઓ પણ ધૂનમાં જોડાયા હતા અને આ ધૂન મંડળના યુવાનોને વધાવ્યા હતા.આ અંગે અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુના જણાવ્યા અનુસાર, તેઓ દ્વારા જૂનાગઢમાં છેલ્લા ૨૫ વર્ષથી ગરબા અને ધૂનના આયોજનમાં જોડાતા ચામુંડા સેવા સત્સંગ મંડળને અંબાજી મંદિર ખાતે ધૂન અને ગરબા કરવા આમંત્રણ આપ્યું હતું. ત્યારે ચામુંડા સત્સંગ મંડળના યુવાનો એ ૧૨ કલાક સુધી માતાજીની સન્મુખ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. અને બાદમાં આ યુવાનોને માતાજીની ચુંદડી પ્રસાદી રૂપે આપી સન્માન કરાયું હતું.

# ધારી:પ્રેમપરામાં આગ ભભૂકી ઉઠતા અફડાતફડી

## સદભાગ્યે કોઈ જાનહાનિ ન થઈ:ધારી પંચાયત પાસે ફાયર ફાઈટર જ નથી



**અબતક, નીકુંજ મહેતા, ધારી**

ધારી નજીક આવેલ પ્રેમપરામાં એક ભંગારનાં ડેલામાં વિકરાળ લાગી આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી. જ્યારે ધારી ગામ પંચાયતમા ફાયર ફાઈટર

ન હોવાથી નજીકમાં આવેલ બગસરા નગર પાલિકા તથા ચલાલા નગરપાલિકાના ફાયર ફાઈટર બનાવ સ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી. જો કે આ બનાવમાં કોઈ જાનહાની ના થતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.

લાગી આગ લાગતા આજુબાજુમાં રહેતા લોકોમાં અફડા તફડી મચી જવા પામી હતી. આ આગ ઈલેક્ટ્રિક શોર્ટ સરકીટના કારણે મ ર આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન ફ લગાવવામાં આવી રહયું છે. આ આગના બનવાની જાણ સ્થાનિક લોકોને થતાં હાથ લાગ્યું તે હથિયાર સમજી લોકો દ્વારા આગને કાબુમા લેવાના પ્રયાસ કરાયો હતો. જ્યારે ધારી ગ્રામ પંચાયતમા ફાયર ફાઈટર ન હોવાથી નજીકમાં આવેલ બગસરા નગર પાલિકા તથા ચલાલા નગર પાલિકાના ફાયર ફાઈટર બનાવ સ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી.

# વેરાવળ: મંડોર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં વિવિધ યોજના લાભ લેતા લાભાર્થી



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

વિકસિત ભારત સંકલ્પ યાત્રા વેરાવળ તાલુકાના મંડોર ગામ પર રથ આવતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું આ પ્રસંગે,માનસિંહભાઈ પરમાર,તાલુકા પંચાયત વેરાવળના પ્રમુખ,નરેન્દ્રસિંહ ઝાલા ,વેરાવળ તાલુકા પંચાયતના એ.ટી.ડી.ઓ ,દવે ગામના સરપંચ,કલ્પેશભાઈ,,બચુભાઈ ચાવડા, મૂળાભાઈ,પૂર્વ સરપંચ ,હરિભાઈ, કચારભાઈ સોલંકી ગામના આગેવાનો ,અને બહોળી સંખ્યા માં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા,આ તકે સરકારની વિવિધ કલ્યાકારી યોજનાઓ ની માહિતી અને લાભ આપવામાં આવ્યો હતો.

ISO 9001:2015 CERTIFIED

**ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ**

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# નિફ્ટી ફ્યુચર ૨૧૦૦૮ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!!

તા.૧૧.૧૨.૨૦૨૩ ના રોજ સવારે ૧૦ કલાકે....

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજારમાં કારોબારની શરૂઆત મામૂલી ઉછાળા સાથે થઈ છે.ઈજીઓ સેન્સેક્સ ૧૦૧ અંક વધીને ૬૯૯૨૫ ના સ્તરે છે જ્યારે નિફ્ટી ફ્યુચર ૦૫ અંક વધીને ૨૧૦૭૧ના સ્તરે છે. શેરબજારના પ્રારંભિક કારોબારમાં, નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક જેવા સૂચકાંકોમાં વધારો નોંધાયો હતો,જ્યારે ડોલર રૂ.૮૩.૩૯ના સ્તરે મામૂલી વધારા સાથે કામ કરી રહ્યું હતું. શુક્રવારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ધિરાણ નીતિ સમીક્ષામાં આ વખતે અપેક્ષા મુજબ રેપો રેટને જાળવી રાખવાનો નિર્ણય લેવાતાં તેમ જ ફુગાવા પર ફોક્સ સાથે રિઝર્વ બેંકે જીડીપી-આર્થિક વૃદ્ધિનો અંદાજ ૬.૫%થી વધારીને ૭ % કર્યાના પોઝિટીવ પરિબળે ફંડોએ બેંકિંગ-ફાઈનાન્સ, આઈટી શેરોની આગેવાનીમાં ફરી ઐતિહાસિક તેજીને આગળ વધારી હતી. નિફ્ટીએ ૨૧૧૦૦ની સપાટી ઈન્ટ્રા-ડે કુદાવી નવો ઈતિહાસ રચ્યો હતો. સપ્તાહના અંતે ફંડો, મહારથીઓ ફરી શેરોમાં સક્રિય લેવાલ બન્યા હતા. બીજી તરફ ચાઈનાના ક્રેડિટ આઉટલૂકને મૂડીઝે ડાઉનગ્રેડ કરતાં ફંડોનું ભારતમાં રોકાણ આકર્ષણ વધતું જોવાયું હતું.

સોમવારે શરૂઆતના ટ્રેડિંગમાં મલ્ટિ-બેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, HCL ટેક, LTI માઈન્ડટ્રી, JSW સ્ટીલ અને અપોલો હોસ્પિટલ, TCS,લાર્સેન ,સિપ્લાગ્રાસીમ,ડીવીસ લેબ,ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ, વિપ્રો, ACC,બાટા ઈન્ડિયા,ગોદરેજ પ્રોપર્ટી,અદાણી પોર્ટ્સ, BPCL અને આઈશર મોટર્સ,એક્સિસ બેંક, જિયો ફાઈનાન્શિયલ ,આઈટીસી, આઈશર મોટર્સ એનટીપીસી,શેર વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા,જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝ ,ITC, અદાણી પોર્ટ્સ, હીરો મોટોકોર્પ ટાટા મોટર્સ, ICICIબેંક, એલટીઆઈ, માઈન્ડટ્રી અને એલએન્ડટીના શેર નબળા રહયા હતા. શુક્રવારે, શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન, ટાટા પાવર ટાટા જૂથની છઠ્ઠી કંપની બની છે જેની માર્કેટ કેપ રૂ. લાખ કરોડને વટાવી ગઈ છે. સોમવારે, ગૌતમ અદાણી જૂથની ૯ લિસ્ટેડ કંપનીઓમાંથી ૬ના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે NDTV, ACC અને અદાણી વિલ્મરના શેર નબળાઈ પર ટ્રેડ થઈ રહ્યા હતા.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ શુક્રવારે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૫%ના ઘટાળા સાથે બંધ રહ્યો હતો.જ્યારે એસપી ૫૦૦ ૦.૪૭% વધીને અને નેસ્ડેક ૦.૪૬% વધીને સેટલ થયા હતા.સેન્સેક્સ,નિફ્ટી બેઝ્ડ ફંડોની સાધારણ મંદી સાથે સ્મોલ, મિડ કેપ, રોકડાના શેરોમાં આજે વેચવાલી રહેતાં માર્કેટબ્રેડથ નેગેટીવ રહી હતી.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૯૮૮ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૭૧૭ અને વધનારની સંખ્યા ૨૧૧૧ રહી હતી,૧૬૦ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો.જ્યારે ૪૬ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૫૬ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા....મિત્રો, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટ યથાવત રાખીને આર્થિક-જીડીપી વૃદ્ધિના અંદાજને વધારીને ૭ ટકા કર્યાના પોઝિટીવ પરિબળે પણ બજારમાં તેજીને વેગ મળ્યો છે.

આ બદલાતા સમીકરણો સાથે ભારતીય શેર બજારોમાં ઘણાં શેરોમાં ઊંચા ભાવે પણ રોકાણ આકર્ષણ વધતું જોવાઈ રહ્યું છે. ફંડો ભારતીય કંપનીઓની નફાશક્તિના નવા ઊંચા અંદાજો મૂકવા લાગી શેરોનું રી-રેટીંગ કરવા લાગ્યા છે. અત્યારે અન્ય વૈશ્વિક પરિબળો પણ ભારતની તરફેણમાં જોવાઈ રહ્યા છે. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટી આવતાં ભારત માટે પોઝિટીવ પરિબળ બન્યું છે. જ્યારે બીજી તરફ મૂડીઝ દ્વારા ચાઈનાના વધતાં દેવાને લઈ ક્રેડિટ આઉટલૂકને ડાઉનગ્રેડ કરવાની પોઝિટીવ અસરે એડવાન્ટેજ ઈન્ડિયા બની ફંડો પોતાનું રોકાણ ભારતીય બજારો તરફ ઠાલવશે એવી પ્રબળ શકયતા જોવાઈ રહી છે. આગામી સપ્તાહમાં ક્રુડ ઓઈળના ભાવ, અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં વધઘટ, ભારતના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન અને મેન્યુફેકચરીંગ પ્રોડકશનના ઓકટોબર મહિના માટેના ૧૨, ડિસેમ્બરના જાહેર થનારા આંક, ફુગાવાના નવેમ્બર મહિનાના હોલસેલ આંક ૧૪, ડિસેમ્બરે જાહેર થનાર હોવા સાથે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે યુ.એસ. ફેડરલ રિઝર્વ, બેંક ઓફ ઈંગ્લેન્ડ અને યુરોપીય સેન્ટ્રલ બેંક દ્વારા આગામી સપ્તાહમાં લેવાનાર વ્યાજ દર મામલે નિર્ણય પર બજારની નજર રહેશે.

MCX ગોલ્ડ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ડિસેમ્બર ગોલ્ડ રૂ.૬૧૮૦૦ મથાળેથી ખુલીને રૂ.૬૧૮૬૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૬૧૬૫૭ ના નીચા મથાળે નોંધાવી ૨૦ પોઈન્ટના ઘટાળા સાથે રૂ.૬૧૬૯૯ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

MCX સિલ્વર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ડિસેમ્બર સિલ્વર રૂ.૭૨૫૩૯ મથાળેથી ખુલીને રૂ.૭૨૫૩૯ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૨૩૨૨ ના નીચા મથાળે નોંધાવી ૧૪૩ પોઈન્ટના ઘટાળા સાથે રૂ.૭૨૩૭૫ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

ખેર મિત્રો, હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ-

- ગોદરેજ કન્ઝ્યુમર્સ પ્રોડક્ટ ( ૧૦૩૦ ) :- ગોદરેજ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૧૧ આસપાસ ટ્રેડીંગ થતો આ સ્ટોક રૂ.૧૦૦૮ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૦૪૩ થી રૂ.૧૦૫૧ સુધી તેજી તરફી ધ્યાન...!!!
- ભારતી એરટેલ ( ૧૦૦૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૯૮૧ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૧૮ થી રૂ.૧૦૩૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!
- સીન્જીન ઈન્ટરનેશનલ ( ૭૨૩ ) :- ૭૧૧ નો પ્રથમ તેમજ રૂ.૭૦૭ ના હેલ્થકેર,એનાલિટિક્સ અને ટેકનોલોજી સેકટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૩૩ થી રૂ.૭૪૧ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!!
- ઝાયડસ લાઈફ ( ૬૪૩ ) :- ફાર્માસ્યુટિકલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૫૫ થી રૂ.૬૬૩ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૬૨૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- LIC હાઉસિંગ ફાઈનાન્સ ( ૫૩૫ ):- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧૫ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક હાઉસિંગ ફાઈનાન્સ ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૪૪ થી રૂ.૫૫૧ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

**લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

# જેતપુર: વ્યાજની પઠાણી ઉઘરાણી કરી યુવકના પગ ભાંગી નાખ્યા

## પત્નીની બીમારીની સારવાર માટે એક લાખ વ્યાજે લીધા તા: ત્રણ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક,રાજકોટ**

જેતપુરના ખોડપરા વિસ્તારમાં સુભાષ ચોકમાં રહેતા ધોબી યુવાને પત્નીની સારવાર માટે કાઠી શખ્સ પાસેથી આઠેક માસ પહેલાં એક લાખ વ્યાજે લીધા બાદ સમયસર વ્યાજ ચુકવી ન શકતા ત્રણ શખ્સોએ ત્રિકમના હાથાથી માર મારી પગ ભાંગી નાખ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે.

ઘવાયેલા યુવાનને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જેતપુરના સુભાષ ચોકમાં રહેતા અને ધોબી કામ કરતા દિલીપભાઈ પ્રેમજીભાઈ સોલંકી નામના યુવાનની પત્ની ઈન્દુબેન બીમાર હોવાથી જેતપુરના દેનવકુભાઈ કાઠી પાસેથી આઠેક માસ પહેલાં એક લાખ વ્યાજે લીધા હતા.

છેલ્લા બે-ત્રણ માસથી વ્યાજ સમયસર આપી ન શકતા દેવકુભાઈ કાઠી બે અજાણ્યા શખ્સો સાથે દુકાને આવી વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ત્રિકમના હાથાથી માર માર્યાની અને ખૂનની ધમકી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ આર.એ.વકાતર સહિતના સ્ટાફે તપાસ હાથધરી છે.

# જૂનાગઢ: જુગારધામ પકડાયું, ૧૫ શખ્સની ધરપકડ

## ધોરાજી, ગોંડલ ઉપલેટા, જામકંડોરણાના પંટરો જુગાર રમવા આવતા: રૂ.૧૭.૯૪ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના સુખનાથ ચોકમાંથી જુગારની કલબ પકડી પાડી રૂ. ૧૭.૯૪ લાખના મુદ્દામાલ સાથે શખ્સોને ઝબ્બે કરતા જુગારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

જુનાગઢ એ ડિવિઝનના પ્રોબેશનલ પી.આઈ. વી.જે. સાવજ અને પીએસઆઈ. જે.આર. વાજા સહિતના પોલીસ સ્ટાફે શહેરના સુખનાથ ચોક, પીસોરી વાડા શેરી નંબર પાંચમાં રહેતા સલીમ ચાંદ મોરીના મકાનના ઉપર રાત્રિના ૧૦ કલાકે બાતમીના આધારે રેડ પાડતા મકાનના રૂમમાંથી જુનાગઢ, ધોરાજી, ધંધુસર, નાના વડાલા, જામકંડોરણા, મોટી મારડ, ઉપલેટા, ગોંડલ અને વિશાળ હળમતિયા સહિતના ગામોના ૧૫ જેટલા જુગારીઓ જુગાર રમતા મળી આવતા રૂ. ૨.૩૮ લાખ રોકડા અને ૧૬ મોબાઈલ તથા ૨ કાર સહિતના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગર: પટેલ કોલોનીમાં ફાસ્ટફૂડના વેપારીને માથા ભારે શખ્સે માર મોર્યો

## આડેથી ચાઈનીઝ ભેળ પાર્સલ કરવા માટેની ના પાડતાં ઉશકેરાયેલા શખ્સે સ્ટુલ વેપારીના માથામાં ફટકાર્યું

**અબતક, જામનગર**

જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં ફાસ્ટફૂડ પાર્લર ચલાવતા એક વેપારી પર આડેથી પાર્સલ કરી આપવાના મામલે હંગામો મચાવી બહાર પડેલું સ્ટુલ વેપારીના માથામાં ફટકારી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં વિનાયક પાર્ક સોસાયટીમાં રહેતા અને વિકાસગ્રહ રોડ પર જે.કે. ફૂડ ઝોન નામનું પાર્સલ પોઈન્ટ ચલાવતા જુપબહાદુર હિમબહાદુર છેત્રી નામના ૫૧ વર્ષના વેપારીએ પોતાના ઉપર પ્લાસ્ટિકનું સ્કૂલ માથામાં ફટકારી ઈજા પહોંચાડવા અંગે રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા હરપાલસિંહ ઝાલા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અન્ય ગ્રાહકોના ઓર્ડર નું પાર્સલ બનાવતા હતા, જે દરમિયાન આરોપીએ આવીને વચ્ચેથી ચાઈનીઝ ભેળ માંગી હતી, જેથી વેપારીએ કહ્યું હતું, કે અન્યના પાર્સલમાં થોડો સમય લાગશે. જેથી હરપાલસિંહ ઝાલા ઉશકેરાઈ ગયો હતો, અને બહાર પડેલું સ્ટુલ વેપારીના માથામાં ફટકારી દીધું હતું.

જે મામલો પોલીસ મથકમાં લઈ જવાયો છે,

અને પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

# જામનગર: શાપર ગામના પાટીયા પાસે કાર પલ્ટી જતા એકનું મોત

## જ્યારે કારચાલક સહિત અન્ય બે વ્યક્તિ ઘાયલ

**અબતક, જામનગર**

શાપર ગામના પાટીયા પાસે એક કાર પલટી મારી જતાં કારની અંદર બેઠેલા પર પ્રાંતીય યુવાનનું ગંભીર ઈજા થવાથી સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજયું છે. જયારે કાર ચાલક સહિત અન્ય બે ને ઈજા થઈ છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર શાપર ગામના પાટીયા પાસે ગઈકાલે રાત્રિના ૧૨.૩૦ વાગ્યાના અરસામાં જી.જે.-૧૪-એ.પી. ૦૭૭૭ નંબરની કાર એકાએક પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં કારની અંદર બેઠેલા ઈન્દ્રજીતસિંગ વ્યાસસિંગ નામના ૩૫ વર્ષના પર પ્રાંતિય યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે બનાવના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ ઉપરાંત કારના ચાલક અભીરાજસિંહ તેમજ કારમાં બેઠેલા ક્રિપાલસિંહ નામના અન્ય એક યુવાનને નાની મોટી ઈજા થઈ હોવાથી બંનેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# શેરબજારે ઈતિહાસ રચ્યો: સેન્સેક્સ પહેલીવાર ૭૦ હજારને પાર

## માર્કેટ ઓપન થતાં જ સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો

**અબતક, મુંબઈ**

ભારતીય શેરબજારે આજે ઈતિહાસ રચ્યો છે. સેન્સેક્સ ફરી એકવાર નવી ઓલ ટાઈમ હાઈ બનાવી છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ પ્રથમ વખત ૭૦ હજારને પાર કરીને ૭૦,૦૪૮ના સ્તરને સ્પર્શ કરી ગયો હતો. નિફ્ટી પણ ૨૧,૦૧૯ના સ્તરને સ્પર્શયો હતો. અગાઉ શુક્રવારે પણ શેરબજારે ઓલ ટાઈમ હાઈ બનાવ્યું હતું.

આજે સવારે માર્કેટ ઓપન થતાની સાથે જ સેન્સેક્સ ૧૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૯,૯૨૫ પર ખુલ્યો હતો. નિફ્ટીમાં પણ ૮૨ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, નિફ્ટી ૨૦,૯૬૫ના સ્તરે ખુલ્યો હતો. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭માં વધારો અને ૧૩માં ઘટાડો જોવા મળ્યો હતો.

ગ્લોબલ બજારોમાંથી સારા સંકેતો, એશિયામાં મજબૂતી જોવા મળી રહી છે. શુક્રવારે અમેરિકન બજારોમાં તેજી રહી હતી. એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ સતત છઠ્ઠા સપ્તાહે તેજી સાથે આ વર્ષે નવી ટોચે પહોંચ્યો હતો. સતત ૬ દિવસના ઘટાડા બાદ ક્રૂડમાં રિકવરી આવી છે. કિંમત ૨% થી વધુ વધીને લગભગ ૭૬ ડોલર થઈ ગઈ છે.

આ પહેલા શુક્રવારે (૮ ડિસેમ્બર) શેરબજારે ઓલ ટાઈમ હાઈ બનાવ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન, સેન્સેક્સ ૬૯,૮૯૩.૮૦ ના સ્તરને સ્પર્શયો જ્યારે નિફ્ટી ૨૧,૦૦૬.૧૦ ના સ્તર પર પહોંચ્યો હતો. જોકે, ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૩૦૩.૯૧ પોઈન્ટ વધીને ૬૯,૮૨૫.૬૦ પર બંધ થયો હતો. તેમજ નિફ્ટી પણ ૬૮.૨૫ પોઈન્ટ વધીને ૨૦,૯૬૯.૪૦ના સ્તરે બંધ રહ્યો હતો.

# લોકસભા ચૂંટણી પૂર્વે માયાવતીનો મોટો નિર્ણય: ભત્રીજા આકાશને બસપાની કમાન સોંપી

## વર્ષ ૨૦૧૭થી રાજકારણમાં સક્રિય થયેલા આકાશ હાલ સુધી પક્ષના સંયોજકની ભૂમિકા ભજવતા'તા

**અબતક, નવી દિલ્લી**

આગામી વર્ષ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે જેની તૈયારીઓ તમામ રાજકીય પક્ષોએ આરંભી દીધી છે તેવું ચોક્કસ કહી શકાય ત્યારે લોકસભા ચૂંટણી પૂર્વે બહુજન સમાજ પાર્ટી વડા માયાવતીએ મોટો નિર્ણય લીધો છે. લાંબા સમયની અટકળો પછી બસપાના વડા માયાવતીએ આખરે તેમના ઉત્તરાધિકારીની જાહેરાત કરી દીધી છે. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં યોજાયેલી બેઠકમાં બસપા સુપ્રીમો માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને તેમના ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યા છે. આ બેઠકમાં બીએસપી સુપ્રીમોએ તમામ રાષ્ટ્રીય પદાધિકારીઓ અને રાજ્યોના મુખ્ય અધિકારીઓને બોલાવ્યા હતા.

બહુજન સમાજ પાર્ટીના આગામી ઉત્તરાધિકારી અંગે લાંબા સમયથી અટકળો ચાલી રહી હતી. આકાશ આનંદને પાર્ટીની કમાન મળશે કે કેમ તે અંગે ઘણા સમયથી અટકળો ચાલી રહી હતી એવામાં માયાવતીએ જાહેરાત કરી કે એમનો વારસો ભત્રીજા આકાશ આનંદને સોંપ્યો છે. હવે આગામી લોકસભાની ચૂંટણી અને તેની તૈયારીઓને લઈને આકાશ આનંદનું કદ વધવાના સંકેત મળી રહ્યા છે. સાથે જ અનેક જાણકારોનું કહેવું છે કે બેઠકમાં કરવામાં આવેલી આ જાહેરાતથી ઉત્તર પ્રદેશની રાજનીતિ અને પાર્ટીની રાજકીય લાઈન પર મોટી અસર પડી શકે છે.



આકાશ આનંદની જો વાત કરવામાં આવે તો તેઓ હાલમાં બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક છે અને માયાવતીના નાના ભાઈ આનંદ કુમારના પુત્ર છે. માયાવતીના ભત્રીજા આકાશે લંડનમાંથી એમબીએની ડિગ્રી મેળવી છે. તેઓ વર્ષ ૨૦૧૭માં માયાવતી દ્વારા આયોજિત એક રેલીથી રાજકારણમાં સક્રિય થયા હતા. આ વર્ષે જૂનમાં આકાશ આનંદે પાર્ટીના નેતા અશોક સિદ્ધાર્થની પુત્રી પ્રજ્ઞા સાથે લગ્ન કર્યા છે. આકાશ આનંદ સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે. ટ્વિટર પર તેના લગભગ ૨ લાખ ફોલોઅર્સ છે. ફેસબુક પર ૫૨ હજાર ફોલોઅર્સ છે. ઈન્સ્ટાગ્રામ પર તેના ૩૭ હજારથી વધુ ફોલોઅર્સ છે.

બે રાષ્ટ્રીય પક્ષો કોંગ્રેસ અને ભાજપ પછી હિન્દી પટ્ટામાં સૌથી વધુ સમર્થન ધરાવતા પક્ષની જવાબદારી આકાશ આનંદના ખભા પર આવી ગઈ છે. ૨૦૧૨ થી ચૂંટણીમાં સતત હાર હોવા છતાં બીએસપીએ રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો જાળવી રાખ્યો છે. પાર્ટીએ એમપી અને રાજસ્થાનમાં ઘણી સીટો પર બીજા ક્રમે રહીને કોંગ્રેસની રમત બગાડી છે.

આકાશ આનંદે રાજસ્થાન ચૂંટણી દરમિયાન બસપાની જવાબદારી સંભાળી હતી. તેમણે ઘણા દિવસો સુધી રાજ્યમાં પગપાળા યાત્રા પણ કરી હતી. પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં ૨ બેઠકો જીતી હતી. પાર્ટીએ રાજ્યમાં ૫ ટકાથી વધુ મત મેળવ્યા છે. આ પછી આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આકાશ આનંદની જવાબદારી વધારવાની વાત થઈ હતી. એવાં હવે માયાવતીએ રવિવારે લખનઉમાં યોજાયેલી બેઠક દરમિયાન આકાશ આનંદને તેમના ઉત્તરાધિકારીની જવાબદારી સોંપવાની જાહેરાત કરી છે. આ બેઠકમાં ૨૮ રાજ્યોના બસપાના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# કોકાકોલા-ઈન્ડિયાની આલ્કોહોલ ક્ષેત્રમાં એન્ટ્રી: નવી પ્રોડક્ટનું પાયલોટ પરીક્ષણ

## લેમન-ડ્યુ નામની આલ્કોહોલિક રેડી-ટુ-ડ્રિંક બેવરેજ મહારાષ્ટ્ર અને ગોવામાં લોન્ચ કરી દેવાઈ

**અબતક, નવી દિલ્લી**

કોકાકોલા ઈન્ડિયાએ પણ આલ્કોહોલ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. કોકાકોલા લેમન ડ્યુના રૂપમાં એક ડ્રિંક લાવ્યું છે, જેમાં બ્રાન્ડી અને વોડકા જેવા જ ડિસ્ટિલ્ડ આલ્કોહોલ અને લીંબુનો સ્વાદ મળશે. તમને જણાવી દઈએ કે કંપનીએ તેના વૈશ્વિક આલ્કોહોલિક રેડી-ટુ-ડ્રિંક બેવરેજ લેમન-ડ્યુથી શરૂ કરીને આલ્કોહોલ સેગમેન્ટમાં તેનું પહેલું પગલું ભર્યું છે. કંપનીએ ગોવા અને મહારાષ્ટ્રના ભાગોમાં તેનું પાયલોટ પરીક્ષણ શરૂ કર્યું છે.

કોકા-કોલા ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, આ પીણાંની તૈયારી અને વિતરણ ભારતમાં સમર્પિત અને સ્વતંત્ર સુવિધાઓમાં અલગથી કરવામાં આવે છે, જે તેના બિન-આલ્કોહોલ, રેડી-ટુ-ડ્રિંક બેવરેજીસ તૈયાર કરે છે અને તેનું વિતરણ કરે છે તેનાથી અલગ છે.

લેમન-ડ્યુને ચુહાઈ તરીકે ઓળખવામાં આવે છે, જે જાપાનમાં ઉત્પન્ન થતી આલ્કોહોલિક કોકટેલ છે. આ ટેસ્ટ લોન્ચ તબક્કામાં તેની કિંમત ૨૫૦ મિલી કેન માટે ૨૩૦ રૂપિયા રાખવામાં આવી છે.

કંપની કોકા-કોલા, કોક, સ્પ્રાઈટ, થમ્સ અપ, ફેન્ટા, લિમ્કા ફિઝ, માઝા, મિનિટ મેઈડ જ્યુસ, કિન્લી વોટર, હોનેસ્ટ ચા અને કોફી બ્રાન્ડ્સ જ્યોર્જિયા અને કોસ્ટા કોફીનું વેચાણ કરે છે. ભારતમાં પુનઃપ્રવેશ કર્યાના ત્રણ દાયકા બાદ કંપનીએ આલ્કોહોલિક ડ્રિંક્સ સેક્ટરમાં પ્રવેશ કર્યો છે.

કોકા-કોલાના ગ્લોબલ માર્કેટિંગ ચીફ માનોલો એરોયોએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આલ્કોહોલ એ ખૂબ મોટી શ્રેણી છે અને અમે જાણી જોઈને પ્રયોગ કરવાનું નક્કી કર્યું છે. ગ્રાહકો કેવા પ્રકારના પીણાંની માંગ કરી રહ્યા છે તે અંગે અમે ખૂબ જ સ્પષ્ટ છીએ.

# પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા ગિફ્ટ સિટીમાં પ્રવેશશે

## ગિફ્ટ સિટીમાં રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરશે, વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં થશે સત્તાવાર જાહેરાત

**અબતક, નવી દિલ્હી**

ભારતનું અગ્રણી ફિનટેક પ્લેટફોમ પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા માટે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) માં આશરે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. ગિફ્ટ સિટીમાં તેની હાજરી સાથે, પેટીએમ પણ અહીં વધતી ફિનટેક ઈકોસિસ્ટમમાં ભાગીદાર બનવાની તકનો લાભ લેવાનું લક્ષ્ય ધરાવે છે.

અહેવાલ અનુસાર, પેટીએમના સ્થાપક અને સીઈઓ વિજય શેખર શર્માએ કહ્યું, અમે અહીં અમારી યોજનાઓ અંગે ગિફ્ટ સિટીના અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ. ગિફ્ટ સિટી સ્વીફ્ટ અને ભારતીય ફિનટેક ઈનોવેશન્સ જેવી વૈશ્વિક પેમેન્ટ સિસ્ટમ્સ પર વિસ્તરણ કરવાની તક પૂરી પાડે છે. અમે ગિફ્ટમાં રોકાણના હેતુઓ માટે નોંધપાત્ર રકમ અલગ રાખી છે. તકની અનુભૂતિ કરીને, પેટીએમ વૈશ્વિક પેમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા માટે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. સંભવતઃ અમે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આસપાસ અમારી ઔપચારિક પ્રતિબદ્ધતાઓ સાથે બહાર આવીશુ.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ ૧૦ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી સુનિશ્ચિત થયેલ છે. શર્માએ ગાંધીનગરમાં 'ઈન્ફિનિટી ફોરમ ૨.૦' ના પ્રસંગે જણાવ્યું હતું. ફિનટેક ઈકોસિસ્ટમ પર આધારિત વિશાળ તકો ગિફ્ટ સિટીમાં આવી રહી છે. એક્સિલરેટર પ્રોગ્રામ માટે ગિફ્ટની યોજનાઓ સાથે, વિશ્વભરમાં અન્ય ઘણી ફિનટેક નવીનતાઓ થઈ રહી છે અને અમે આ તકોનો લાભ ઉઠાવવાની યોજના બનાવીએ છીએ. શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, પેટીએમના એકંદર વ્યવસાયમાં ગુજરાતનું મુખ્ય યોગદાન રહ્યું છે. પાસ પેટીએમના કુલ બજાર હિસ્સામાં આશરે ૧૫% હિસ્સો ધરાવે છે અને આ અમને ગિફ્ટ સિટીમાં અમારી ભાવિ યોજનાઓ વિશે વધુ આત્મવિશ્વાસ બનાવે છે. વધુમાં, ગિફ્ટ સિટીમાં બિઝનેસ વૃદ્ધિ માટે આતુર હોવાના મુખ્ય કારણોમાંનું એક છે. તે મદદ કરશે. અમે ફાઈનાન્સમાં બિઝનેસ અને બીટુબી સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

# અન્ડર ૧૯ એશિયા કપમાં ભારતનો પાકિસ્તાન સામે આઠ વિકેટે પરાજય

## પાકિસ્તાનના અઝાનની અણનમ સદી: ૨૬૦નો ટાર્ગેટ બે વિકેટે પાર પાડ્યો

**અબતક, નવી દિલ્હી**

દુબઈમાં રમાઈ રહેલા અંડર-૧૯ એશિયા કપમાં ભારતીય ટીમને પાકિસ્તાનના હાથે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ભારતની આ યુવા ટીમ પાકિસ્તાન સામે ૮ વિકેટે હારી ગઈ છે. અહીં પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૨૫૯ રન બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમે માત્ર બે વિકેટ ગુમાવીને આસાનીથી લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. અહીં પાકિસ્તાન તરફથી મોહમ્મદ ઝીશાને શાનદાર બોલિંગ કરી અને અઝાન અવૈસે શાનદાર અણનમ સદી ફટકારી હતી.ગ્રુપ-એની આ મેચમાં પાકિસ્તાનના કેપ્ટન સાદ બેગે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ઓપનિંગ જોડીએ ધીમી અને સ્થિર



શરૂઆત આપી હતી. ભારતીય ટીમને ૯મી ઓવરમાં ૩૯ના કુલ સ્કોર પર પહેલો ઝટકો લાગ્યો હતો. અર્શિન કુલકર્ણી (૨૪)ને અમીર હસને પેવેલિયન મોકલ્યો હતો. આ પછી રુદ્ર પટેલ (૧) પણ ત્યાંથી નીકળી ગયો હતો. તેને મોહમ્મદ જીશાને આઉટ કર્યો હતો.આદર્શ સિંહ અને કેપ્ટન ઉદય શરણે ત્રીજી વિકેટ માટે ૧૨૦ બોલમાં ૯૩ રનની ભાગીદારી કરી હતી. ભારતીય ટીમ અહીં સારી સ્થિતિમાં હોય તેવું લાગી રહ્યું હતું. પરંતુ આદર્શ સિંહ (૬૨) પેવેલિયન પરત ફરતાની સાથે જ બેક ટુ બેક વિકેટો પડવા લાગી. મુશીર ખાન (૨), અરવેલી અવનીશ (૧૧) સસ્તામાં આઉટ થયા હતા. ૨૬૦ રનના આ લક્ષ્યનો પીછો કરતી વખતે પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી હતી. શામિલ હુસૈનુ (૮) સસ્તામાં પેવેલિયન પરત ફર્યો હતો. ૨૮ રનના કુલ સ્કોર પર પ્રથમ ફટકો સહન કર્યા બાદ પાકિસ્તાનનો દાવ એટલો પાછો ફરી ગયો કે તેણે બાકીની મેચમાં પ્રભુત્વ જમાવ્યું. બીજી વિકેટ માટે શાઝેબ ખાન અને અઝાન ઔવેસ વચ્ચે ૧૧૦ રનની ભાગીદારી થઈ. શઝેબ (૬૩) કુલ ૧૩૮ના સ્કોર પર પેવેલિયન પરત ફર્યો હતો.અહીંથી અઝાને કેપ્ટન સાદ બેગ સાથે મળીને ૧૨૫ રનની અણનમ ભાગીદારી કરી અને પાકિસ્તાનને જીત તરફ દોરી ગયું. આ દરમિયાન અઝાને ૧૩૦ બોલમાં ૧૦૫ રનની સદીની ઈનિંગ રમી હતી. જ્યારે સાદ બેગે ૫૧ બોલમાં ઝડપી ૬૮ રન બનાવ્યા હતા. ભારત તરફથી માત્ર મુરુગન અશ્વિનને વિકેટ મળી હતી. પાકિસ્તાને માત્ર ૪૭ ઓવરમાં જ જીતનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

# નમાઝ માટે મળતો અડધો કલાકનો બ્રેક રાજ્યસભામાં નાબૂદ કરાયો

## રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કર્યો બદલાવ

**અબતક, ગાંધીનગર**

રાજ્યસભામાંથી એક મોટાં સમાચાર સામે આવ્યા છે. સંસદ સત્ર દરમિયાન દર શુક્રવારે નમાઝ માટે મળતો અડધો કલાકનો બ્રેક રાજ્યસભામાં ખતમ કરવામાં આવ્યો છે. આ બદલાવ રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કર્યો છે. સાથે જ તેને લગતા નિયમોમાં પણ ફેરફાર કરવાનો નિર્દેશ આપ્યો છે. હાલમાં, રાજ્યસભામાં લંચ બ્રેક દર શુક્રવારે બપોરે ૧:૦૦ થી ૨:૩૦ વાગ્યા સુધી હોય છે, જ્યારે લોકસભામાં લંચ બ્રેક બપોરે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી હોય છે. રાજ્યસભામાં આ વધારાનો અડધો કલાક નમાઝ માટે આપવામાં આવ્યો હતો, જેને હવે અધ્યક્ષે નિયમોમાં ફેરફાર કરીને ખતમ કરી દીધો છે. આ મામલો ૮મી ડિસેમ્બર એટલે કે શુક્રવારનો છે. રાજ્યસભામાં શુક્રવારે લંચ પછી, જ્યારે ગૃહની બેઠક બપોરે ૨ વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે ડીએમકેના સાંસદ તિરુચી શિવાએ આ મુદ્દો ઉઠાવ્યો, તેમણે કહ્યું કે દર શુક્રવારે ગૃહની બેઠક બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થતી હતી. આ વખતે ૨ વાગ્યે શરૂ કરવામાં આવ્યું છે, તેનો સમય ક્યારે બદલાયો, આ ફેરફાર કેમ થયો તેની સભ્યોને ખબર નથી. તેના પર અધ્યક્ષે જવાબ આપ્યો કે આ ફેરફાર આજથી નથી, આ ફેરફાર તેઓ પહેલા જ કરી ચુક્યા છે, તેમણે આનું કારણ પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે લોકસભાની કામગીરી ૨ વાગ્યાથી શરૂ થાય છે, બંને લોકસભા અને રાજ્યસભા સંસદનો હિસ્સો છે, કામકાજના સમયમાં સમાનતા હોવી જોઈએ, તેથી તેઓએ આ અંગે પહેલાથી જ નિયમો બનાવ્યા હતા.

# ખેલ અભિરૂચી પરીક્ષામાં માત્ર ૫૦ટકા ઉમેદવારો જ પાસ!!

## જાહેર કરાયેલા પરિણામમાં ૧૭૮૫ ઉમેદવારો પાસ અને ૧૭૫૫ ઉમેદવારો નાપાસ થયા

**અબતક, અમદાવાદ**

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની નિયુક્તિ માટે તાજેતરમાં ખેલ અભિરુચી કસોટી લેવામાં આવી હતી. આ કસોટીનું પરિણામ શનિવારે જાહેર કરી દેવામાં આવ્યું છે. આ પરીક્ષા માટે કુલ ૪૮૪૨ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૩૫૪૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેની સામે ૧૩૦૨ ઉમેદવારો જુદા જુદા કારણોસર ગેરહાજર રહ્યા હતા. જાહેર કરાયેલા પરિણામમાં ૧૭૮૫ ઉમેદવારો પાસ અને ૧૭૫૫ ઉમેદવારો નાપાસ થતાં પરિણામ ૫૦.૪૨ ટકા આવ્યું હતું. આ પરીક્ષામાં કુલ ૧૭૫૫ ઉમેદવારો એવા છે કે જેઓ ૫૦ ગુણથી પણ ઓછા માર્કસ લાવ્યા છે. આ જ રીતે ૫૦થી ૫૯ ગુણ મેળવનારા ઉમેદવારોની સંખ્યા ૯૯૨, ૬૦થી ૬૯ ગુણ મેળવનારા ઉમેદવારની સંખ્યા ૫૩૦, ૭૦થી ૭૯ ગુણ મેળવનારા ૨૩૩ અને ૮૦થી ૮૯ ગુણ મેળનારા ઉમેદવારોની સંખ્યા ૩૦ છે. આમ, કુલ ૩૫૪૦ ઉમેદવારો પાસ થયા છે. આ પરિણામ પહેલા ૭મી ડિસેમ્બરના રોજ ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. જેના આધારે શનિવારે પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. મહત્વની વાત એ કે, જેટલી જગ્યાઓ ખાલી છે તેની સરખામણીમાં ઓછા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આજે જાહેર કરાયેલા પરિણામમાં ૫૦ ટકા ઉમેદવારો જ પાસ થયાં છે. આમ, પરિણામ જાહેર થયા પછી પણ મોટાભાગની બેઠકો ખાલી રહેશે.

# છત્તીસગઢમાં મુખ્યમંત્રીનો તાજ આદિવાસી સમુદાયના વિષ્ણુદેવ સાયના શિરે

## અનુસૂચિત જનજાતિની ૨૯ અનામત બેઠકોમાંથી ૧૭ બેઠકોમાં ભવ્ય જીત અપાવ્યા બાદ આદિવાસી સમુદાયને ભાજપની રિટર્ન ગિફ્ટ

**અબતક, નવી દિલ્હી**

છત્તીસગઢના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપે આદિવાસી સમુદાયના વિષ્ણુ દેવ સાઈના નામની જાહેરાત કરી છે. કારણ કે ભાજપ દ્વારા છત્તીસગઢમાં આદિવાસી મતદારોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. આ પહેલા પણ ભાજપે આદિવાસી મતદારોને રીઝવવા માટે ઘણી જાહેરાતો કરી હતી.

છત્તીસગઢમાં આદિવાસી મતદારોને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. કારણ કે છત્તીસગઢ રાજ્યની ૩૪ ટકા વસ્તી આદિવાસી છે અને ૨૯ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. એવું માનવામાં આવે છે કે આદિવાસી મતદારોને મહત્વ આપ્યા વગર છત્તીસગઢમાં કોઈપણ પાર્ટી સરકાર બનાવી શકે નહીં.

તેથી જ આ વખતે છત્તીસગઢની ચૂંટણીમાં ભાજપે અનુસૂચિત જનજાતિની ૨૯ અનામત બેઠકોમાંથી ૧૭ બેઠકો જીતી છે. આ પરિસ્થિતિનું નિર્માણ ૨૦૧૮ના વર્ષમાં કોંગ્રેસ થયું હતું. પરંતુ આ વખતે આ વોટબેંકનો સમૂહ બીજેપીના પક્ષમાં આવ્યો છે, જેનું મુખ્ય કારણ વિષ્ણુદેવ સાંય છે. આ વખતે ભાજપ પાર્ટી દ્વારા રમણસિંહને સીએમના ફેસ તરીકે જાહેર કરવામાં આવ્યા નહીં. તેનો ફાયદો ભાજપને મોટા પ્રમાણ થયો છે. કારણ કે ૨૦૧૮માં સલવા જુડુમ કાર્યક્રમમાં આદિવાસી મતદારો રમણસિંહથી નાખુશ થઈ ગયા હતાં. તેથી ભાજપ સરકારને ૨૦૧૮ના વર્ષમાં છત્તીસગઢમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

વિષ્ણુ દેવે સરપંચ તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી હતી

વિષ્ણુદેવ સાયનો જન્મ ૨૧ ફેબ્રુઆરી ૧૯૬૪ના રોજ જશપુરના બગિયા ગામમાં થયો હતો. ખેડૂત પરિવારમાંથી આવતા, વિષ્ણુદેવે લાંબી રાજકીય યાત્રા કરીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું. રાજ્ય અને દેશના રાજકારણમાં સક્રિય રહ્યા.વિષ્ણુદેવ સાયે પોતાની રાજકીય કારકિર્દી ગામડાના રાજકારણથી શરૂ કરી હતી. તેઓ ૧૯૮૯-૧૯૯૦માં અવિભાજિત મધ્ય પ્રદેશમાં ટપકારાની બગિયા ગ્રામ પંચાયતમાંથી સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. આ પછી તેઓ ૧૯૯૦માં ભાજપની ટિકિટ પર પહેલીવાર ટપકારા બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. ૮ વર્ષ સુધી ધારાસભ્ય રહ્યા બાદ તેઓ ૨૦૦૪માં રાયગઢથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. લોકસભાની આ યાત્રા ૨૦૧૪ સુધી ચાલુ રહી. સાંસદ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમને મોદી સરકારમાં સ્ટીલ મંત્રાલયમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. દરમિયાન, ૨૦૧૧ અને ફરીથી ૨૦૨૦માં, પાર્ટીએ તેમને છત્તીસગઢ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા. ૨૦૨૨માં ભાજપની રાષ્ટ્રીય કાર્ય સમિતિના સભ્ય બન્યા.

સાગર સંઘાણી - મો. ૮૦૦૦૦૦૩૩૫૨

# અબતક જામનગર

11

E-Mail-jamnagarabtakbeuro@gmail.com

બ્યુરો ઓફિસ-૨૧૩, બીજો માળ, સ્ટરલાઇટ પોઇન્ટ, તીનબત્તી પાસે, બેડી રોડ, જામનગર.

Dt. : 11-12-2023, Monday

# સ્ટેન્ડીંગ બેઠકમાં વિકાસ કામો માટે રૂ. ૫ કરોડ ૯૯ લાખ મંજુર

## રૂ. ૫૦ લાખના ખર્ચે કૂતરાનું ખસીકરણ-રસીકરણ કરાશેઃ રખડતા ઢોરોને કચ્છ પાંજરાપોળ મોકલવા માટે ૧.૭ કરોડ મંજુર કરતી સ્ટેન્ડીંગ કમીટી

**અબતક, જામનગર**

જામનગર મહા નગર પાલિકા ની સ્ટેન્ડિંગ કમિટી ની બેઠક ચેરમેન નિલેશ કગથરા નાં અધ્યક્ષ સ્થાને મળી હતી.જેમાં ૮ સભ્યો, ઉપસ્થીત રહ્યા હતા. આ બેઠક મા કુલ રૂ.૫ કરોડ ૯૯ લાખ નાં ખર્ચ ને મંજૂરી આપવામાં આવી હતી.

નવાગામ ઘેડ માં ભરવાડ સમાજ નાં કોમ્યુનટી હોલ મા શિખર અને ફ્લોરિંગ નાં કામ માટે રૂ.૩ લાખ નો ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.

કેબલ ટીવી મનોરંજન કર, વ્યવસેવેરા ગ્રાન્ટ અન્વયે વોર્ડ નંબર ૧,૬,અને ૭ માં વોટર વર્ક્સ શાખા દ્વારા કરવામાં આવેલ ટ્રેંચ માં સી સી પેચવર્ક / સીસી ચરેડા નાં કામ માટે રૂ ૩૦ લાખ ૮૫ હજાર નું ખર્ચે મંજૂર કરાયુ હતું.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ની આંતર માળખાકીય સુવિધા ગ્રાન્ટ અન્વયે વોર્ડ નંબર ૮,૧૫ અને ૧૬ માં સ્ટ્રેંધનિંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્ક્સ નાં કામ માટે રૂ.૩ લાખ, ૧૫ માં નાંણા પાંચ ની ગ્રાન્ટ અન્વયે દયાનંદ સોસાયટીમાં કંપાઉન્ડવોલ સાથે કોમ્યુનિટી હોલ બનાવા માટે રૂ.૬૦ લાખ નો ખર્ચ મંજુર કરવામાં આવ્યો હતો.






સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ની આંતર માળખાકીય સુવિધા ગ્રાન્ટ અન્વયે વોર્ડ નંબર ૧૦,૧૧ અને ૧૨ માં સ્ટ્રેંધનિંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્ક્સ નાં કામ માટે રૂ બે લાખ નું ખર્ચ મંજૂર કરાયું હતું. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના ની ગ્રાન્ટ અન્વયે વોર્ડ નં૧૬ માં મોદી સ્કૂલ પાસે ડીપી રોડ થી સાઈબાબા મંદિર વાળા રોડ મા સીસી રોડ બનાવવા માટે રૂ.૧૦.૭૩ લાખ નો ખર્ચ મંજુર રાખ્યો હતો.

એસ્ટેટ શાખા નાં કામ માટે રોજબરોજ ની કામગીરી માટે વાહન ભાડા માટે વાર્ષિક રૂ.૧.૬૮ લાખ નું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું છે. ટાઉન હોલ મા વીજ ટ્રાન્સફોર્મર ખરીદી , ઈન્સ્ટોલેશન તથા આનુષંગિક કેબલિંગ કામગીરી માટે રૂ.૨૬.૮૮ લાખ નો ખર્ચ , લાલપુર સ્ટેટ હાઈવે, રંગમતી નદી ઉપર બ્રીજ/પૂલ બનાવવા માટે રૂ.૨૭૭ લાખ નો ખર્ચ માન્ય રાખવામાં આવ્યો હતો.

જામનગર સેવા સદન ની માળ મિલકત ને રક્ષણ પૂરું પાડતી એજન્સી ની સેવા લેવા માટે રૂ.૨૭.૧૨ લાખ નો ખર્ચ મંજુર કરાયો છે.જ્ઞાન શકિત સર્કલ ( ગોકુલ નગર જકાત નાકા ) થી સમર્પણ સર્કલ સુધી ૩૦ મીટર પહોળા ડિપી રોડ ની અમલવારી ની દરખાત ની સૈધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. ડેપ્યુટેશન માં ફરજ બજાવતા ગીરીશભાઈ સોલંકી ની સેવા ૧૧ માસ વધારવા નો નિર્ણય લેવામાં આવ્યો હતો.

શહેર નાં જુદા જુદા વોર્ડ મા કૂતરા નું ખાશિકરણ ( વ્યંધિકરણ) તથા રસીકરણ કરવા માટે રૂ.૫૦ લાખ નું ખર્ચ મંજૂર કરાયું હતું. કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ મુંબઈ સંચાલિત કચ્છ સ્થિત પાંજરાપોળ મા ઢોર ટ્રાન્સપોર્ટ કરવા માટે રૂ.૧૦૭ લાખ નું ખર્ચ મંજૂર કરાયું હતું.

# દ્વારકામાં એકી સાથે ૩૭૦૦૦ આહીરાણીઓ રમશે ‘મહારાસ’

**રાજયભરનાં આહીર આગેવાનો-યુવાનોની બેઠકમાં કાર્યક્રમના આયોજન, વ્યવસ્થાપન સહિતના મુદાઓ પર ચર્ચા કરાઈઃ ૨૩-૨૪ ડિસે. યોજાશે કાર્યક્રમ**





**અબતક, જામનગર**

ભાગવાન કૃષ્ણની કર્મભૂમિ દ્વારકા ખાતે અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠનના નેજા હેઠળ અગામી તા.૨૩ અને ૨૪ ડીસેમ્બરના રોજ મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ હજાર પૂર્વેનો ઈતિહાસ ફરી જીવંત કરવાના હાર્દ અને સામાજીક એક્તૃત્વ વધુ પ્રબળ બને એ હેતુથી મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાસના આયોજનના ભાગરૂપે સમગ્ર રાજ્યના ૨૪ જિલ્લાઓમાંથી ૩૭ હજાર બહેનોએ ‘મહારાસ’માં ભાગ લેવા નામ નોધણી કરાવી છે.

દસ દિવસ બાદ ૩૭ હજાર આહીરાણીઓ એક સાથે મહારાસ રમી નવો કીર્તીમાન સ્થાપશે, આ કાર્યક્રમની અંતિમ તૈયારીના ભાગ રૂપે આજે જામનગર આહીર કન્યા છાત્રાલય ખાતે રાજ્યભરના આહીર આગેવાનો-યુવાનો અને કાર્યકરોની તેમજ શહેરના આહીર સમાજ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જામનગર ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત મધ્ય-ઉત્તર દક્ષીણ રાજ્યના ૨૪ જિલ્લાઓમાંથી યુવાનો-કાર્યકરો-આગેવાનો હાજર રહ્યા હતા. આ બંને બેઠકમાં કાર્યક્રમના આયોજન અંગે પાયાથી માંડી છેક અંતિમ ક્ષણ સુધીની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત આગેવાન-કાર્યકરોના મંતવ્યો-સૂચનો પર પણ ચર્ચાઓ થઈ હતી.

આ ઐતિહાસિક કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પડે એ હેતુથી સમાજના આગેવાનોએ હાજર યુવાનો-કાર્યકરોનો જુસ્સો વધારી કાર્યક્રમને સફળ બનાવવાના ઉત્સાહને વધાવ્યો હતો. સામે પક્ષે આહીર યુવાઓ અને આગેવાનોએ પણ ખંભેથી ખંભો મિલાવી કાર્યક્રમને સફળ બનાવવા હુકાર ભણ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન મેરામણભાઈ ભાટુ, લીરીબેન માડમ, નરેશભાઈ ડુવાએ કર્યું હતું. આ બેઠકમાં આહીર અગ્રણી ભામાસા ભીખુભાઈ વારોતરીયા, મુળુભાઈ કંડોરીયા, એડવોકેટ વી એચ કનારા, પ્રવીણભાઈ માડમ, ગોવિંદભાઈ કરમુર, આહીર સમાજ યુવા ગ્રુપના પ્રમુખ મહેશભાઈ નંદાણીયા, લાલાભાઈ ગોરિયા, હિતેશભાઈ ગાગલીયા,રામદેભાઈ કંડોરિયા, હંસરાજભાઈ કંડોરિયા, આહીર કર્મચારી મંડળના પ્રમુખ રામસીભાઈ ચાવડા, આહીર સમાજ સત્યમ કોલીનીના પ્રમુખ દેવશીભાઈ પોસતરિયા, કરશનભાઈ કરમુર, રચનાબેન માડમ, જ્યોતિબેન ભારવાડિયા સહિતનાઓ હાજર રહ્યા હતા.

# જી.જી. હોસ્પિટલ પરિસરને કરાયું ચોખ્ખુ ચણાક

**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા ‘‘સ્વચ્છતા હી સેવા‘‘ કાર્યક્રમ અંતર્ગત જી.જી. હોસ્પિટલમાં સફાઈ શ્રમદાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડે. મેયર ક્રિષ્નાબેન શોઢા, એમ.પી.શાહ મેડિકલ કોલેજ ડીન નંદિનીબેન દેસાઈ, જી.જી હોસ્પિટલ આર.એમ.ઓ. પ્રમોદભાઈ સક્સેના મ્યુની. સભ્યઓ દરેક શાખાના શાખા અધિકારી તેમજ શાખાના કર્મચારીઓ , જી.જી. હોસ્પિટલ સ્ટાફ, બહોળા પ્રમાણમાં સ્થાનિક લોકો તેમજ એન.જી.ઓ, વેપારી એસોસિએશન વેગેરે કાર્યક્રમમાં શ્રમદાન માટે જોડાયા હતા, અને શ્રમદાન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં મહાનગરપાલિકા તેમજ હોસ્પિટલ સ્ટાફ, મહાનગરપાલિકાના કર્મચારીઓ, સ્થાનિક લોકો અને સફાઈ કર્મચારીઓ દ્વારા આશરે ૧૩૪૪ કલાક જેટલું શ્રમદાન આપવામાં આવ્યું હતું, જેમાંથી એકત્રિત થયેલ કચરાનું ૧ જે.સી.બી., ૨ ટ્રેક્ટર મારફાત ૮.૫૬ ટન જેટલા ગાર્બેજનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## ખોડીયાર કોલોનીમાં મહિલાના મકાનમાંથી ઈંગ્લિશ દારૂ પકડાયો

**અબતક, જામનગરઃ** જામનગરમાં ખોડીયાર કોલોની નજીક રાજ ચેમ્બર્સ વિસ્તારમાં રહેતી એક મહિલા, કે જેણે પોતાના ઘરમાં ઈંગ્લિશ દારૂ સંતાડ્યો છે, તેવી બાતમી ના આધારે પોલીસે દરોડો પાડી તેણીના રહેણાંક મકાનમાંથી નાની મોટી પાંચ નંગ ઈંગ્લીશ દારૂ ની બાટલી કબજે કરી લઈ મહિલા સામે દારૂબંધી ભાંગ અંગે ગુનો નોંધ્યો છે. આ દરોડા ની વિગત એવી છે કે જામનગરના સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે જામનગરમાં ખોડીયાર કોલોની રાજ ચેમ્બર ના બ્લોક નંબર એ-૮ માં રહેતી રીટાબેન હિતેન્દ્રસિંહ જાડેજા નામની મહિલા, કે જે પોતાના રહેણાક મકાનમાં ઈંગ્લીશ દારૂની બાટલી નો જથ્થો સંતાડ્યો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહી છે.

### આઈસીડીએસ વિભાગ અને ચૈતન્ય ટ્રસ્ટ દ્વારા

# પછાત વિસ્તારની બહેનોને સેનેટરી નેપકીનનું વિતરણ

**બહેનોને મેઈનસ્ટુઅલ હાઈજીન અંગે માહિતગાર કરાયા**



**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના આઈસીડીએસ વિભાગ દ્વારા ગુલાબ નગર ખાતે સરકારી આંગણવાડીમાં ચૈતન્ય ટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પ્રોટેક્ટ ગર્લ અભિયાન અંતર્ગત પૂર્ણા યોજના પ્રોજેક્ટ વિષયક પછાત વિસ્તારની ૧૦૨ દીકરીઓને વિનામૂલ્યે છ મહિના સુધી એટલે કે એક વર્ષ સુધી સેનેટરી નેપકીન ના પેકેટ્સ વિતરણ કરવાનો કાર્યક્રમ તેમજ મેઈનસ્ટ્રુઅલ હાઈજીન એટલે કે માસિક ધર્મ ની અવેરનેસનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા ઉપસ્થિત રહ્યા હતા, અને તેમના હસ્તે આ ૧૦૨ દીકરીઓને સેનેટરી નેપકીન વિતરણ કરવામાં આવ્યા હતા. નિઃશુલ્ક સેનેટરી નેપકીન વિતરણ અને આ મેઈનસ્ટ્રુઅલ હાઈજીન અવેરનેશ વર્કશોપ મા કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન જામનગર મહાનગરપાલિકાની આઈસીડીએસ વિભાગના પૂર્ણા કન્સલ્ટન્ટ બંસીબેન દ્વારા કરવામાં આવ્યું હતુ તથા પૂર્ણા યોજના અંતર્ગત આપવામાં આવતી વિવિધ સેવાઓ વિષે ઉપસ્થિત તમામ કિશોરીઓને માહિતગાર કરવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા દ્વારા પ્રસંગિક પ્રવચન કરવામાં આવેલું હતું , જેમાં તેમણે ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૦,૦૦૦ દીકરીઓને દત્તક લઈને વિતરણ અને અવેરનેસ ની આ કામગીરી માટે હિતેશ હિતેશભાઈ પંડ્યા અને કાજલ પંડ્યાને અભિનંદન પાઠવેલા હતા. તેમજ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત પૂર્ણા યોજનામાં મળતી વિવિધ સેવાઓનો લાભ વધુ ને વધુ કિશોરીઓ લે, પોતાના આરોગ્ય આને પોષણ પ્રત્યે જાગૃત બને તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમજ ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી કાજલ પંડ્યા એ તેમના પ્રસંગિક પ્રવચનમાં પ્રોટેક્ટ ગર્લ અંતર્ગત છેલ્લા ચાર વર્ષથી સેનેટરી નેપકીન વિતરણ અને અવેરનેસની આ કામગીરી વિશે માહિતી પૂરી પાડી હતી. મેનસ્ટ્રુઅલ હાઈજીન અવેરનેસ વર્કશોપ માં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ની વિદ્યાર્થીની ડોક્ટર સોફિયા દ્વારા માસિક ધર્મ એટલે શું તેની પ્રાથમિક માહિતી આપેલી હતી. તે ઉપરાંત આ સમય દરમિયાન શું કાળજી રાખવી અને માન્યતા અને ગેર માન્યતા વિશે વૈજ્ઞાનિક રીતે ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. આ તકે વોલિએન્ટર તરીકે નિરમા યુનિવર્સિટીની વિદ્યાર્થીની ગ્રેસી અકબરી પણ ઉપસ્થિત રહેલ હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય સેવિકા કૃષ્ણા બહેન થતા આંગણવાડી કાર્યકર બહેનોએ ખૂબ જ સહયોગ સહયોગ પૂરો પાડ્યો હતો.

### લાંચ-રુશ્વત શાખાનું ‘વર્લ્ડ એન્ટી કરપ્શન ડે’ ના દિવસે ઓપરેશનમાં

# શેખપાટના મહિલા સરપંચના પતિ અને ઉપસરપંચ ૬૦ હજારની લાંચ લેતા ઝડપાયા

**માટીના કામ કોન્ટ્રાક્ટર પાસેથી બન્નેએ ત્રીસ-ત્રીસ હજાર રૂપિયાની માંગણી કરતાં લાંચના છટકામાં બંને સપડાયા**

**અબતક, જામનગર**

જામનગરની લાંચરૂશ્વત શાખા દ્વારા આજે વર્લ્ડ એન્ટી કરપ્શન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. અને તેની સાથે જ લાંચ નું છટકું પણ ગોઠવવામાં આવ્યું હતુ, અને શેખપાટ ગામના મહિલા સરપંચના પતિદેવ તથા ઉપ-સરપંચને એક કોન્ટ્રાક્ટર પાસેથી રૂપિયા ૬૦,૦૦૦ ની લાંચની રકમ સ્વીકારતાં રંગે હાથ ઝડપી લીધા હતા. લાલ બંગલા સર્કલમાં લાંચ લેવા અંગેનું સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે, અને બંનેની અટકાયત કરી લેવાઇ છે.

જામનગરની એન્ટી કરપ્શન શાખાના પોલીસ ઈન્સ્પેકટર એન.આર. ગોહેલ તેમજ એ.સી.બી. ની સમગ્ર ટીમ દ્વારા આજે નવમી ડિસેમ્બરના દિવસે ’વર્લ્ડ એન્ટી કરપ્શન ડે’ ની ઉજવણી કરવામાં આવી હતી, અને તે અંગેનો જામનગરની એક સ્કૂલમાં કાર્યક્રમ પણ યોજાયો હતો, અને વિદ્યાર્થીઓને લાંચ રૂશ્વત ધારા સંબંધી જરૂરી માહિતીઓ પૂરી પાડવામાં આવી હતી, અને તે અંગેના જાગૃતિ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન આજના દિવસે જ એસીબી ની ટીમ દ્વારા લાંચ નું સફળ ઓપરેશન પણ પાર પાડવામાં આવ્યું હતું. જામનગર તાલુકાના શેખપાટ ગામના મહિલા સરપંચના પતિદેવ મનસુખ નાથા ચાવડા કે જેઓ શેખપાટ ગામના હાલ સભ્ય છે, તે ઉપરાંત ઉપ સરપંચ રામજીભાઈ કણઝારીયા કે જેઓએ ગામમાં જ એક કોન્ટ્રાક્ટરને માટીકામ કરવા દેવા માટે લાંચની માંગણી કરી હતી.



અમારા ગામમાં કામ કરવું હોય તો તમારે પૈસા તો આપવા જ પડશે, તેમ કહીને કોન્ટ્રાક્ટર પાસેથી બંને એ ૩૦,૩૦ હજાર રૂપિયા ની લાંચ ની માંગણી કરી હતી.

કોન્ટ્રાક્ટર તે રકમ આપવા માંગતા ન હોવાથી તેઓએ જામનગર ની એ.સી.બી. શાખાનો સંપર્ક સાધ્યો હતો, અને જામનગરના લાલ બંગલા સર્કલમાં નવમી ડિસેમ્બરના મોડી સાંજે લાંચ ની રકમ આપવા માટેનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

જે મુજબ જામનગર એ.સી.બી. ની ટિમ દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવી હતી, અને ફરિયાદી કોન્ટ્રાક્ટર પાસેથી મહિલા સરપંચના પતિ અને ઉપ-સરપંચ રૂપિયા ત્રીસ ત્રીસ હજાર ની લાંચની રકમ સ્વીકારવા માટે આવતાં એ.સી.બી. ની ટીમેં બંનેને રંગે હાથ ઝડપી લીધા હતા.તેઓને જામનગર એ.સી.બી.ની ક્ચેરીમાં લઈ જવામાં આવ્યા છે, અને તેઓ સામે લાંચ રૂશ્વત ધારા હેઠળ કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ નિર્મિત સર પી.એન. રોડનું લોકાર્પણ કરતા મહાનુભાવો

## પડાણા પાટિયાથી ચંગા પાટિયા સુધીનો ૩૦ કિ.મી. લાંબો રોડ મંત્રી રાઘવજીભાઈ પટેલ, મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમના હસ્તે તંત્રને સુપરત કરાયો

**અબતક,જામનગર**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા જામનગર જિલ્લામાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના પડાણા પાટિયા - ચંગા પાટિયા વચ્ચેના ૩૦ કિલોમીટર લાંબા મુખ્ય જિલ્લા માર્ગ- સર પી. એન. રોડ નું રૂ. ૪.૩૦ કરોડના ખર્ચે પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્ય ધોરીમાર્ગના ઉચ્ચતમ ગુણવત્તાના માપદંડોથી પણ અધિક ગુણવત્તા મુજબના આ રોડને કંપની દ્વારા ગુજરાત રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ગુજરાત રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ મંત્રી મુળુભાઈ બેરા તથા જામનગરના સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારને સુપરત કરાયો છે. આ રોડનું પુનઃનિર્માણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રૂપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, પડાણા પાટિયા પર ટ્રાફિક આઈલેન્ડ સર પી.એન. સર્કલ રૂ. ૭૦ લાખના ખર્ચે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા તૈયાર કરાવામાં આવ્યું છે. તદુપરાંત, સર પી.એન. રોડની બંને બાજુએ વૃક્ષારોપણની કાર્યવાહી હાથ ધરતા કંપનીએ ટ્રી-ગાર્ડ સાથે કુલ ૬,૧૧૩ વૃક્ષોનું રોપણ કર્યું છે અને આગળ ઉપર પણ પર્યાવરણ સંવર્ધન કાર્ય ચાલુ રાખશે. આ કામ પાછળ રિલાયન્સ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે રૂ. ૧.૫૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આગામી ત્રણ વર્ષ સુધી આ વૃક્ષોની માવજત પણ કંપની કરશે.




આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પડાણા ખાતે રિલાયન્સ દ્વારા નિર્મિત અને છેલ્લાં સાત વર્ષથી કાર્યરત પશુ ચિકિત્સાલયની મુલાકાત લીધી હતી, તેમજ સર પી.એન.રોડ તથા પશુ ચિકિત્સાલયના કારણે આસપાસનાં ગામોના લગભગ બે લાખ લોકોના જીવનધોરણમાં સકારાત્મક પરિવર્તન આવ્યું હોવાનો ઉલ્લેખ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૫ ઉપરના પડાણા પાટિયાને રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૭ ઉપર આવેલા ચંગા પાટિયા સાથે જોડતા ૩૦ કિ.મી. લંબાઈના મુખ્ય જિલ્લા માર્ગ એવા સર પી. એન. રોડનું પોતાના સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે રૂ. ૮૬.૯૬ કરોડના ખર્ચે બાંધકામ કરાયું હતું. ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના હસ્તે જાન્યુઆરી ૨૧ , ૨૦૧૬ના રોજ આ ઓલ-વેધર રોડનું લોકાર્પણ કરાયું હતું. ત્યારબાદ ત્રણ વર્ષ માટે આ રોડનો નિભાવ પણ રિલાયન્સ દ્વારા કરવામાં આવતો હતો.

આ માર્ગના લોકાર્પણના આશરે ૬-૭ વર્ષ બાદ તેના મહ્દ સમારકામની જરૂરિયાત અનુભવાતા આસપાસના ગામોના સરપંચો તથા સ્થાનિક આગેવાનોની રજૂઆતોને ધ્યાને લઈને આ માર્ગનું ફરીથી એક વખત પુનઃનિર્માણ રિલાયન્સ દ્વારા તેઓની ઈજ્છ પ્રવૃત્તિના ભાગરૂપે કરી આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મૈયબેન ગરસર, જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરપર્સન મનીષાબેન કણઝારીયા, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરપર્સન હુલ્લાસબા જાડેજા, જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરપર્સન પ્રવિણાબેન ચભાડીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિનોદભાઈ વાડોદરીયા, લાલપુર તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રિલાયન્સ દ્વારા પડાણા પાટિયા સર્કલનું રૂ. ૭૦ લાખના ખર્ચે સુશોભન, ૧.૫૩ કરોડના ખર્ચે ટ્રી-ગાર્ડ સાથે ૬,૧૧૩ વૃક્ષોનું રોપણ કરાયું

# બે દિવસ બાદ કડકડતી ઠંડી પડશે: નલિયાનું ૮.૫, રાજકોટનું ૧૩.૫ ડિગ્રી તાપમાન

## ઓછી ઠંડીનું કારણ અલનીનો અને નબળા પશ્ચિમી વિક્ષેપ

## રાજ્યના સાત શહેરોનું તાપમાન ૧૫ ડિગ્રીથી ઓછું નોંધાયું

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સતત ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. આજે સોમવારે ૧૫ શહેરોમાં ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું હતું જેમાં નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું હતું. નલિયામાં ૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયું તો અમદાવાદમાં ૧૬.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું.હવામાન વિભાગની આગાહી પ્રમાણે બુધવાર બાદ ઠંડીમાં હજુ પણ વધારો થશે. રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો પોરબંદરમાં ૧૩.૪ ડિગ્રી, ડીસામાં ૧૩.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૩.૫ ડિગ્રી, ભૂજમાં ૧૫.૬ ડિગ્રી તાપમાન રહ્યું તો ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી, સુરેદ્રનગરમાં ૧૫.૬ ડિગ્રી, મહુવામાં ૧૬.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો વડોદરમાં ૧૬.૬, ભાવનગરમાં ૧૭.૯, વેરાવળમાં ૨૦ અને દ્વારકામાં ૧૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે આગાહી કરી હતી કે આગામી ૭ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદની કોઈ શક્યતા નથી. જો કે, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરી છે આગાહી કરી હતી કે ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે. અંબાલાલ પટેલના મતે અરબ સાગરમાં વાવાઝોડું ઉદભવશે. જોકે આ વાવાઝોડુ ઓમાન તરફ ફંટાઇ જશે. પરંતુ ૧૪ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન ગુજરાતમાં માવઠું પડશે. અંબાલાલ પટેલનું કહેવું છે કે, કાલથી ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પણ પડશે.ગુજરાતમાં ઉત્તર ઉત્તરપૂર્વના પવન ફૂંકાઇ રહ્યા છે. આ કારણે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે ઠંડા પવનના કારણે ઠંડી લાગે છે જ્યારે બપોર બાદ તાપમાનમાં ફેરાફાર થઈ રહ્યો છે. ઠંડીમાં વધારો ઘટાડો જોવા મળે છે. આ સાથે આગામી ૨-૩ દિવસ તાપમાનમાં કોઈ બદલાવ નહિં આવે. મહત્વનું છે કે, નોર્થ-ઈસ્ટ ગુજરાત તરફથી ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે.અંબાલાલ પટેલે કહ્યું કે, અત્યારે નબળા પશ્ચિમિ વિક્ષેપના કારણે નથી ઠંડી પડતી. આ સાથે ઠંડી સાથે રાજ્યમાં કમોસમી વરસાદ થવાની પણ સંભાવના વ્યક્ત કરાઈ છે. ૨૨ ડિસેમ્બરથી ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થશે. જેને લઈ ૨૮ ડિસેમ્બરથી રાજ્યમાં ઠંડીનો ચમકારો અનુભવાશે. તેમણે કહ્યું કે, ઓછી ઠંડીનું કારણ અલનીનો અને નબળા પશ્ચિમી વિક્ષેપ છે.

| ક્યાં શહેરમાં કેટલું તાપમાન | |
|---|---|
| અમદાવાદ | ૧૬.૫ |
| વડોદરા | ૧૬.૬ |
| ભાવનગર | ૧૮.૦ |
| ભૂજ | ૧૫.૬ |
| ડીસા | ૧૩.૮ |
| ગાંધીનગર | ૧૪.૮ |
| કંડલા | ૧૬.૬ |
| નલિયા | ૮.૫ |
| પોરબંદર | ૧૩.૪ |
| રાજકોટ | ૧૩.૫ |
| સુરેન્દ્રનગર | ૧૫.૬ |
| વેરાવળ | ૨૦.૦ |

## હાય રે બેકારી.... ક્યાં છે રોજગારી?

# ગુજરાતી યુવાનોમાં સરકારી નોકરીનું આકર્ષણ કે 'બેરોજગારી'? ૨૫૦૦ સરકારી નોકરીઓ માટે આવી એક લાખ અરજી

## ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારી વિવિધ વિભાગોમાં ૨૫૦૦ જગ્યા માટે અરજીઓ મંગાવાય

**અબતક, રાજકોટ**

ગુજરાત જ નહીં સમગ્ર દેશમાં યુવા શિક્ષિત બેરોજગારો ની સંખ્યામાં ઉતરોતર વધારો થતો હોવાની સ્થિતિમાં ગુજરાતમાં પણ યુવા વર્ગને સરકારી નોકરીઓ નું આકર્ષણ રહ્યું છે.. સ્પર્ધાત્મક યુગમાં યોગ્ય રોજગારી અને આવક યુવા વર્ગમાં મોટો પડકાર છે ભણેલ ગણેલો યુવા વર્ગ માટે સરકારી નોકરી પ્રથમ પસંદગી હોવાની લાગણી આજે પણ અકબંધ હોય તેમ તાજેતરમાં જ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના વિવિધ વિભાગોની ૨૫૦૦ જગ્યાઓની ભરતી પ્રક્રિયા શરૂ કરી અરજીઓ મંગાવવામાં આવતા ૨૫૦૦ જગ્યા માટે એક લાખથી વધુ અરજી આવી છે.

ગુજરાત સરકારના મહેસુલ આયોજન ઉદ્યોગ ખાણ ખનીજ ખાતા સરકારી પ્રેસ ના વિવિધ વિભાગોમાં ટેકનિશિયન ગ્રાફિક ડિઝાઈન મશીન ઓપરેટર સર્વેયર જુનિયર આસિસ્ટન્ટ સહિતની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળની વેબસાઈટ ઓજસ પર નોકરીઓ માટે અરજીઓ ની મુદત ૧૭ નવેમ્બરથી બે ડિસેમ્બર સુધી હતી આ દરમિયાન ભરત દારૂનું ભારે ઘસારો રહ્યો હતો યુવાનોને સરકારી નોકરી નું આકર્ષણ હજુ પણ અકબંધ છે તેના કારણે ₹૨૫૦૦ જગ્યાઓ માટે એક લાખથી વધુ અરજીઓ મળી હોવાનું ગૌણ સેવા પસંદગી મંડળના એક વરિષ્ઠ અધિકારીએ પોતાનો મત આપ્યો હતો. વિવિધ વિભાગની ૨૫૦૦ જેટલી જગ્યાઓ માટે ઓબ્જેકટીવ પ્રકારની પરીક્ષા અને અને ત્યારબાદ અલગ અલગ રાઉન્ડમાં રૂબરૂ ઈન્ટરવ્યૂ આપીને વર્ગ ત્રણ ટેકનિકલ પોસ્ટ પર ભરતી કરવામાં આવશેસર્વેયર અને સિનિયર સર્વેયરની જગ્યાઓ માટે લગભગ ૫૦,૦૦૦ અરજીઓ આવી હતી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી બજેટ સુધી માં આ જગ્યાઓ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે " રાજ્ય સરકારના અલગ અલગ વિભાગોમાં અસંખ્ય જગ્યાઓ ખાલી રહી છે આ જગ્યાઓ ભરવાની મંજૂરી બાદ આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેમાં પ્રથમ તબક્કે ૨૫૦૦ જગ્યાઓ માટે હાથ ધરવામાં આવેલી ભરતી પ્રક્રિયામાં એક લાખથી વધુની ઉમેદવારી નોંધાતા ગુજરાતના યુવાનોમાં બેરોજગારીની સાથે સાથે સરકારી નોકરીનું આકર્ષણ કારણભૂત હોવાનું માનવામાં આવે છે.